અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

04 MARCH-2026 WEDNESDAY | Vol. : 17 | Issue : 241 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  મથુરામાં સળગતી હોળીમાંથી નીકળ્યો યુવક: 25 ફૂટ ઊંચી ધગધગતી જ્વાળાઓ, સહેજ પણ દાઝ્યો નહીં

4  ખાડી દેશોમાં અભ્યાસ, રોજગારી માટે ગયેલા ભારતીયો અટવાઈ ગયા

6  ટી20 વર્લ્ડકપ સેમિફાઈનલ: ઈંગ્લેન્ડ સામે જીતવા ભારતે આ 5 બળાઈઓ સુધારવી પડશે

7  ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલમાં બે દિવસમાં 13%નો ઉછાળો


# PM મોદીએ 8 દેશના નેતાઓ સાથે વાત કરી

## દુબઈ-અબુધાબીથી 2100+ ભારતીયો પરત ફર્યા, ભારતથી 250+ ફ્લાઈટ કેન્સલ



નવી દિલ્હી, તા.03

ઈઝરાયલ-ઈરાન જંગનો આજે ચોથો દિવસ છે. મિડલ ઈસ્ટમાં વધતા તણાવ બાદ ભારતીયો પરત ફરી રહ્યા છે. દુબઈ અને અબુધાબીથી મંગળવાર સાંજ સુધીમાં સાત ફ્લાઈટથી 2100 થી વધુ ભારતીયો પરત ફર્યા છે.

બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બે દિવસમાં ભારતીયોની સુરક્ષાને લઈને 8 ખાડી દેશોના નેતાઓ સાથે વાત કરી છે. પીએમે આજે ઓમાનના સુલતાન, કતારના અમીર અને કુવૈતના ક્રાઉન પ્રિન્સ સાથે ફોન પર વાત કરી ત્યાં થયેલા હુમલાની નિંદા કરી હતી.

એરસ્પેસ બંધ થવાને કારણે મંગળવારે દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને ચેન્નઈ એરપોર્ટ પર 250 થી વધુ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. જેમાં દિલ્હીથી 80+, મુંબઈથી 107, બેંગલુરુથી 42 અને ચેન્નઈથી 30 ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે.

ઈન્ડિગો આજે જેદ્દાહથી હૈદરાબાદ, મુંબઈ, દિલ્હી અને અમદાવાદ માટે 10 સ્પેશિયલ ફ્લાઈટ્સ પણ ચલાવી રહ્યું છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે મસ્કત માટે ફ્લાઈટ્સ શરૂ કરી છે.

વધુમાં, સોમવારે મોડી રાત્રે યુએઈથી ચાર ફ્લાઈટ્સ દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને બેંગલુરુ આવી. અબુ ધાબીમાં ફસાયેલા ભારતીયોએ ઘરે પરત ફરતા રાહતનો શ્વાસ લીધો. એક મુસાફરે જણાવ્યું કે અબુ ધાબીમાં તેમની હોટલ નજીક વિસ્ફોટ થયા હતા.

આ દરમિયાન, એર ઈન્ડિયા એક્સપ્રેસ મસ્કત માટે ફ્લાઈટ્સ ફરી શરૂ કરી રહી છે. અબુ ધાબીની એતિહાદ, દુબઈની એમિરેટ્સ અને ફ્લાયદુબઈએ પસંદગીની ફ્લાઈટ્સ ફરી શરૂ કરી છે. અબુ ધાબી એરપોર્ટથી ઈસ્લામાબાદ, પેરિસ, એમ્સ્ટરડેમ, મુંબઈ, કૈરો અને લંડન માટે પંદર એતિહાદ ફ્લાઈટ્સ રવાના થઈ હતી.

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે, મંગળવારે સવારે દિલ્હી એરપોર્ટ પર 80 ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. એરસ્પેસ પર પ્રતિબંધોને કારણે, દુબઈ જતી એમિરેટ્સ ફ્લાઈટ EK513ને દિલ્હી પરત ફરવું પડ્યું. આ દરમિયાન, દુબઈથી આવતી ફ્લાઈટ EK512 મંગળવારે સવારે દિલ્હી એરપોર્ટ પર ઉતરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સમુદાયના લોકોની સુરક્ષાને લઈને છેલ્લા 48 કલાકમાં ખાડી દેશોના અનેક પ્રમુખો સાથે વાત કરી. સૌથી પહેલા તેમણે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથે વાત કરી. હવાઈ હુમલાઓ અને ભારતીય સમુદાયની સુરક્ષા પર ચર્ચા કરી.

આ ઉપરાંત બહેરીનના કિંગ હમાદ બિન અલ ખલીફા, સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને જોર્ડનના કિંગ અબ્દુલ્લા બિન અલ-હુસૈન સાથે ફોન પર વાત કરી. પીએમએ આ તમામ દેશોના નેતાઓ સાથે મુશ્કેલ સમયમાં સાથ આપવાની વાત કરી.

જમ્મુ-કાશ્મીરમાં સતત બીજા દિવસે ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીના મૃત્યુ પર વિરોધ પ્રદર્શનો થયા. શ્રીનગરના બેમિના વિસ્તારમાં સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસ પણ છોડ્યો. કેટલાક લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા. શોપિયાં, બારામુલા, બાંદીપોરામાં લોકોએ બજાર બંધ રાખ્યા.

## ‘શું તમે કોઈ દેશના પ્રમુખની હત્યાના સમર્થનમાં છો?’ ઈરાન યુદ્ધ મુદ્દે રાહુલ ગાંધીનો PM મોદીને સવાલ.....

નવી દિલ્હી, તા.03

અમેરિકા-ઈઝરાયલના ઈરાન પર હુમલા મામલે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભારતની વિદેશ નીતિ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચુપકીદી પર સવાલ ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ આ યુદ્ધને અસ્થિર ક્ષેત્રને મોટાપાયે સંઘર્ષ તરફ ધકેલનારું ગણાવ્યું છે. તેમણે મોદી સરકાર સમક્ષ નૈતિક સ્પષ્ટતા આપવા માંગ કરી છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, ‘અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ વધવાથી નબળું મિડલ ઈસ્ટ સંઘર્ષ તરફ આગળ વધી રહ્યું છે. એક કરોડ ભારતીયો સહિત કરોડો લોકો સંકટનો સામનો કરી રહ્યા છે. સુરક્ષા સંબંધિત ચિંતાઓ થવી તે વાસ્તવિક છે, પરંતુ સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરનારા હુમલાના કારણે સંકટ વધુ ગંભીર બનાવી દેશે.’

કોંગ્રેસ સાંસદો કહ્યું કે, ‘ઈરાન પર એકતરફી હુમલા અને ઈરાન દ્વારા અન્ય મધ્ય પૂર્વ દેશો પર કરાયેલા હુમલાની ટીકા કરવી જોઈએ. હિંસાથી હિંસા જન્મે છે, સંવાદ અને સંયમ જ શાંતિ જાળવવા માટેનો એક માત્ર રસ્તો છે. આ મામલે ભારતે નૈતિકતા દાખવી સ્પષ્ટ વલણ અપનાવવું જોઈએ. આંતરરાષ્ટ્રીય કાયદો અને માનવ જીવનની રક્ષા કરવા માટે આપણામાં મોકળા મને બોલવાનું સાહસ હોવું જોઈએ.’



રાહુલ ગાંધીએ યુદ્ધ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પણ પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, ‘આપણી વિદેશ નીતિ સાર્વભૌમત્વ અને વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ પર આધારિત છે અને તેમાં સુસંગતતા જળવાવી જોઈએ. વડાપ્રધાન મોદીએ આ બાબતે બોલવું જોઈએ. શું તેઓ વિશ્વ વ્યવસ્થાને વ્યાખ્યાયિત કરવાના એક માર્ગ તરીકે કોઈ રાષ્ટ્રાધ્યક્ષની હત્યાનું સમર્થન કરે છે? હવે આ ચુપકીદી વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠાને ઓછી કરી રહી છે.’

આ પહેલા કોંગ્રેસે ઈરાનની ધરતી પર બોંબમારો અને હત્યાઓની નિંદા કરી છે અને ક્ષેત્રીય તેમજ વૈશ્વિક સ્થિરતા માટે તેને ખતરનાક ગણાવી છે. કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષા સોનિયા ગાંધીએ કહ્યું કે, ‘ભારતની વિદેશ નીતિ ઐતિહાસિક રીતે સાર્વભૌમત્વ સમાનતા, હસ્તક્ષેપ અને શાંતિપૂર્ણ સમાધાન જેવા સિદ્ધાંતો પર આધારિત રહી છે. વર્તમાન સરકારની ચુપકીદી આ સિદ્ધાંતોથી તદ્દન જુદી જ દેખાઈ રહી છે. આવી રીતે મૌન રહેવું તટસ્થતા નહીં, પરંતુ જવાબદારીથી પીછેહઠ છે. આના કારણે ભારતની વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા થાય છે.’

## રાજ્યસભા ચૂંટણી: ભાજપના ઉમેદવારોનું લિસ્ટ જાહેર, નીતિન નબીન સહિત 9 નામ

નવી દિલ્હી, તા.03

ભારતીય જનતા પાર્ટી (BJP)ના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનને બિહારથી રાજ્યસભા ચૂંટણી માટે પક્ષના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ વિવિધ રાજ્યો માટે પોતાના ઉમેદવારોની યાદી બહાર પાડી છે. નીતિન નબીન અત્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે અને તેમની આ ઉમેદવારી બિહારમાં પક્ષની એક મોટી ચૂંટણી વ્યૂહનીતિનો ભાગ માનવામાં આવી રહી છે. બિહારમાં ખાલી પડતી પાંચ બેઠકો પૈકી ભાજપે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ



નીતિન નબીન અને શિવેશ કુમારને ઉમેદવાર બનાવ્યા છે. નીતિન નબીન પટનાના બાંકીપુરથી પાંચ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે અને તેમની ઉમેદવારી બિહારમાં પક્ષની મોટી વ્યૂહનીતિનો ભાગ છે. તેવી જ રીતે આસામની ત્રણ બેઠકો માટે તેરાશ ગોવાલા અને જોગેન મોહનને ટિકિટ આપવામાં આવી છે, જેઓ રાજ્ય સરકારમાં પણ સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે. હરિયાણામાં ભાજપે વહીવટી અનુભવ ધરાવતા સંજય ભાટિયાને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે પશ્ચિમ બંગાળથી જાણીતા ચહેરા રાહુલ સિંહાને ટિકિટ આપી છે. ઓડિશામાં ભાજપની સરકાર હોવાથી ત્યાં સ્થિતિ અનુકૂળ છે, જ્યાંથી મનમોહન સામલ અને સુજીત કુમાર ચૂંટણી લડશે. છત્તીસગઢની વાત કરીએ તો, મહિલા મોરચામાં સક્રિય એવા લક્ષ્મી વર્માને રાજ્યસભા મોકલવાની તૈયારી કરવામાં આવી છે. આ યાદી સ્પષ્ટ કરે છે કે ભાજપે પ્રાદેશિક સંતુલન અને સામાજિક સમીકરણોને ખાસ ધ્યાનમાં રાખ્યા છે.

## દુબઈ મોલમાં પહોંચ્યા રાષ્ટ્રપતિ બિન ઝાયેદ: દેશ છોડવાનું કહેતાં જ ઈઝરાયલના હાઈવે પર વાહનોની લાઈનો લાગી

તેહરાન, તા.03

ઈરાન વિરુદ્ધ અમેરિકા-ઈઝરાયલ હુમલાનો ચોથો દિવસ છે. ઈઝરાયલી અને અમેરિકી સેનાઓએ સોમવારે રાત્રે ઈરાનના મહત્વના ઠેકાણાઓ પર મિસાઈલો છોડી. ઈરાને પણ ઈઝરાયલ પર વળતા હુમલા કર્યા. તેણે ગલ્ફ દેશોમાં અમેરિકી સૈન્ય ઠેકાણાઓને નષ્ટ કરવાનો દાવો પણ કર્યો.

શનિવારે શરૂ થયેલા આ યુદ્ધમાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લાહ ખામેનીનું મૃત્યુ થઈ ચૂક્યું છે. અમેરિકા-ઈઝરાયલ ત્રણ દિવસમાં 2000થી વધુ બોમ્બ ફેંકી ચૂક્યા છે. જેમાં ઈરાનમાં લગભગ 600 લોકો જીવ ગુમાવી ચૂક્યા છે. ફોટોઝમાં જુઓ, હુમલાઓ પછીની સ્થિતિ

સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન અને દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હામદાન બિન મોહમ્મદ બિન રાશિદ અલ મકતૂમ દુબઈ મોલમાં ખરીદી કરી રહેલા લોકો વચ્ચે ફરતા જોવા મળ્યા. આ ઘટના એવા સમયે બની જ્યારે દેશે ઈરાન તરફથી લોન્ચ કરાયેલા ડ્રોન અને હવાઈ હુમલાઓને રોકવાની પુષ્ટિ કરી છે.



ઈરાનના મિનાબ શહેરમાં ગર્લ્સ સ્કૂલ પર થયેલા હુમલામાં માર્યા ગયેલી 165 છોકરીઓના જાહેર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. આ દરમિયાન હજારો લોકો મેદાનમાં એકઠા થયા.

165 છોકરીઓના અંતિમ સંસ્કાર માટે મિનાબ શહેરમાં એકસાથે કબરો ખોદવામાં આવી હતી. ઈરાની મીડિયાએ હુમલાનો આરોપ ઈઝરાયલ પર લગાવ્યો હતો, પરંતુ ઈઝરાયલી સેનાએ કહ્યું કે તેમને આ વિસ્તારમાં કોઈ હુમલાની જાણ નથી.

ઈરાની મહિલા ટીમે સોમવારે રાત્રે એશિયન મહિલા ફૂટબોલ કપની ઉદ્ઘાટન મેચમાં પોતાનું રાષ્ટ્રગીત ગાયું ન હતું. ખેલાડીઓ લાઈનમાં ઉભા હતા, પરંતુ રાષ્ટ્રગીત દરમિયાન ફક્ત સામે જોયું અને શાંત રહ્યા. ટીમના કોચ મારજિયેહ જાફરી પણ પોતાના ખેલાડીઓની શાંતિ જોઈને હસી રહ્યા હતા. આ પગલું તાજેતરના અમેરિકા-ઈઝરાયલ હુમલાઓ અને ઈરાનના નેતાઓના મૃત્યુ વચ્ચે એક વિરોધનો સંદેશ માનવામાં આવી રહ્યું છે.

હિઝબુલ્લાહ દ્વારા છોડવામાં આવેલા રોકેટને રોકવા માટે ઈઝરાયલે પ્રથમ વખત આયર્ન બીમનો ઉપયોગ કર્યો. આયર્ન બીમ ઈઝરાયલની એડવાન્સ લેઝર એર ડિફેન્સ સિસ્ટમ છે. તેનું કામ ઓછી દૂરીથી છોડવામાં આવેલા રોકેટ, મોર્ટાર, ડ્રોન અને અન્ય હવાઈ ખતરાઓને હવામાં જ નષ્ટ કરવાનું છે.

## ખામેનીની હત્યા પર મોદી ખામોશ, હેરાન કરનારું:સોનિયાએ કહ્યું-દિલ્હીનું મૌન જવાબદારીમાંથી પીછેહઠ

નવી દિલ્હી, તા.03

કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીના મોત પર ભારત સરકારના મૌન મામલે સખત સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું- આ મૌન તટસ્થતા નથી, પરંતુ જવાબદારીમાંથી પીછેહઠ છે. સોનિયા ગાંધીનો એડિટોરિયલ આજે ઈન્ડિયન એક્સપ્રેસમાં છપાયો છે.

તેમણે લખ્યું- 1 માર્ચે ઈરાને પુષ્ટિ કરી કે તેના સુપ્રીમ લીડર અયાતુલ્લા ખામેનીની અમેરિકા અને ઈઝરાયેલના ટાર્ગેટેડ હુમલામાં હત્યા કરવામાં આવી. વર્તમાનમાં ચાલી રહેલી રાજદ્વારી ચર્ચા વચ્ચે કોઈ વર્તમાન રાષ્ટ્રાધ્યક્ષની હત્યા સમકાલીન આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ગંભીર ભંગ છે.

સોનિયાએ લખ્યું છે કે આ ઘટના જેટલી ચોંકાવનારી છે, તેનાથી વધુ ચોંકાવનારું નવી દિલ્હીનું મૌન છે. ભારત સરકારે ન તો હત્યાની નિંદા કરી અને ન તો ઈરાનની સાર્વભૌમત્વના ઉલ્લંઘન પર કોઈ સ્પષ્ટ પ્રતિક્રિયા આપી છે.

કોંગ્રેસ સાંસદે લખ્યું કે વડાપ્રધાન મોદીએ શરૂઆતના નિવેદનમાં અમેરિકા-ઈઝરાયેલના મોટા હુમલાને અવગણીને ફક્ત UAE પર ઈરાનની જવાબી કાર્યવાહીની નિંદા કરી. બાદમાં તેમણે ‘ગંભીર ચિંતા’ અને ‘સંવાદ અને રાજદ્વારી’ની વાત કરી, જ્યારે હુમલો તે જ સમયે થયો જ્યારે રાજદ્વારી પ્રક્રિયા ચાલુ હતી. તેમણે લેખમાં ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની 2001ની તેહરાન મુલાકાતનો ઉલ્લેખ કર્યો, જેણે બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધોને મજબુત કર્યા હતા. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો ઉલ્લેખ કરતા સોનિયા ગાંધીએ કહ્યું છે કે વાજપેયીના પ્રયાસો અને લાંબા સમયથી ચાલતા સંબંધોનું આ સરકાર માટે કોઈ મહત્વ નથી.

સોનિયાએ પોતાના લેખમાં લખે છે, ‘1 માર્ચે, ઈરાને જાહેરાત કરી કે તેના સર્વોચ્ચ નેતા, આયાતુલ્લાહ સૈયદ અલી હુસેની ખામેની, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા કરવામાં આવેલા હુમલામાં માર્યા ગયા છે. ચાલી રહેલી ચર્ચા દરમિયાન રાષ્ટ્રના વડાની હત્યા કરવાથી આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ખલેલ પહોંચશે. જોકે, સૌથી આશ્ચર્યજનક ઘટનાક્રમ ભારતનું મૌન છે. ભારત સરકારે ઈરાનના સાર્વભૌમત્વના ઉલ્લંઘનની કે હત્યાની ટીકા કરી નથી.‘



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે પણ વિદેશી નેતાની ટાર્ગેટેડ હત્યા પછી આપણો દેશ તરફથી સાર્વભૌમત્વ અથવા આંતરરાષ્ટ્રીય કાયદાનો સ્પષ્ટ બચાવ કરવામાં નિષ્ફળ જાય છે, અને નિષ્પક્ષતાથી કિનારો કરવામાં આવે છે, ત્યારે તે આપણી વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા પર ગંભીર શંકાઓ ઉભી કરે છે. આ કિસ્સામાં, મૌન રહેવું એ તટસ્થતા નથી. રાહુલે આ વાત ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા પર ભારતના વલણ પર કહ્યું હતું.

રાહુલ ગાંધીએ કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધી દ્વારા વૈશ્વિક મુદ્દાઓ પર લખાયેલ એક લેખ ટ્વીટ કર્યો, જેમાં તેમણે ભાર મૂક્યો હતો કે ભારતે સાર્વભૌમત્વ અને શાંતિ માટે ઊભા રહેવું જોઈએ.

આ હત્યા કોઈ સત્તાવાર યુદ્ધની ઘોષણા વિના અને તે સમયે કરવામાં આવી જ્યારે વાતચીતની પ્રક્રિયા ચાલી રહી હતી. સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરના અનુચ્છેદ 2(4) મુજબ, કોઈપણ દેશની સીમાઓ અથવા તેની રાજકીય આઝાદી વિરુદ્ધ બળનો પ્રયોગ કરવો કે ધમકી આપવી ખોટું છે. કોઈપણ વર્તમાન રાષ્ટ્રાધ્યક્ષની ટાર્ગેટ કિલિંગ આ નિયમો વિરુદ્ધ છે. જો વિશ્વનો સૌથી મોટો લોકતંત્ર પણ આના પર અવાજ ઉઠાવતો નથી, તો આંતરરાષ્ટ્રીય નિયમો નબળા પડી શકે છે.

હત્યાના માત્ર 48 કલાક પહેલા વડાપ્રધાન ઈઝરાયેલ યાત્રા પરથી પાછા ફર્યા હતા. ત્યાં તેમણે બેન્જામિન નેતન્યાહુ સરકારના સમર્થનની વાત કરી. આ તે સમયે થયું જ્યારે ગાઝા સંઘર્ષમાં મોટી સંખ્યામાં સામાન્ય નાગરિકો માર્યા ગયા, જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. આ મામલે દુનિયાભરમાં નારાજગી છે.

ગ્લોબલ સાઉથના ઘણા દેશો અને બ્રિક્સના ભાગીદારો રશિયા અને ચીને આ મામલે અંતર જાળવી રાખ્યું છે. આવા સમયે ભારતનો ખુલ્લો ટેકો, સ્પષ્ટ નૈતિક વલણ વિના, ખોટો સંદેશ આપી શકે છે. સોનિયા ગાંધી અનુસાર, તેની અસર માત્ર પ્રાદેશિક રાજનીતિ પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ દુનિયાભરમાં જોવા મળશે.




# મોદી-શાહને ટાર્ગેટ કરી સ્કૂલોને બોમ્બની ધમકી આપનારો ઝડપાયો: ગુજરાતને ખાલિસ્તાન બનાવવાની ધમકી આપી હતી

**અમદાવાદ, તા.03**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બોમ્બની ધમકીભર્યા ઈમેલ કરનાર એક આરોપીની ધરપકડ કરી છે. બોમ્બની ધમકીના મેસેજ કરનાર આરોપીની પશ્ચિમ બંગાળથી ધરપકડ કરવામાં આવી છે. બોમ્બની ધમકીના કેસમાં ક્રાઈમ બ્રાન્ચે પ્રથમ વખત આરોપીની ધરપકડ કરી છે.આરોપીની ધરપકડ કરી રિમાન્ડ પણ મેળવવામાં આવ્યા છે.હાલ આરોપીની પૂછપરછ ચાલી રહી છે.અમદાવાદ સહિત રાજ્યભરની સ્કૂલો અને નીચલી અદાલતને ખાલિસ્તાનના નામે ઈમેલ કરનાર બિશ્વાસ નામના આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, 17 ડિસેમ્બરના રોજ ખાલિસ્તાનના નામે અમિત શાહના લોકસભા મત વિસ્તારની સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. જ્યારે 16 ફેબ્રુઆરીએ મેઈલ કરી લખ્યું હતું કે મોદી-શાહ ટાર્ગેટ છે. હિન્દુસ્તાનનાં ટુકડા થશે, ગુજરાત ખાલિસ્તાન બનશે. આટલું લખીને અમદાવાદ-વડોદરાની 40 સ્કૂલને



બોમ્બની ધમકી આપી હતી.

આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને સાયબર ક્રાઈમનું સંયુક્ત ઓપરેશન ચાલી રહ્યું છે. ઈ-મેલ કરનાર કોઈ એક આરોપી નથી,હાલ એક આરોપી ઝડપાયો છે,બાકીના આરોપીઓની તપાસ ચાલી રહી છે.ક્રાઈમ દ્વારા હાલ આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.પકડાયેલા આરોપી હાઈકોર્ટને મળેલા ઈ-મેલ કર્યા છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે. અગાઉ એક મહિલા(રેની જોશીલ્ડા) આરોપીની ધરપકડ કરી હતી. સાઉથના લખાણ લખેલા ઈ-મેલ આવતા હતા તે પણ આ જ આરોપી કરતા હતા કે કેમ તે વેરીફાઈ કરવામાં આવી રહ્યું છે.

આવી બોમ્બ ધમકીઓ મોટેભાગે શાળાઓ, એરપોર્ટ, હોસ્પિટલ, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોને જ લક્ષ્ય બનાવે છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ જગ્યાઓ પર ધમકી આપવાથી સૌથી વધુ અસર થાય છે .આ જગ્યાઓ પર ધમકી મળે તો તરત જ એવેક્યુએશન , તપાસ, બોમ્બ સ્કવોડ, પોલીસ અને ડોગ સ્કવોડ આવે છે. શાળામાં બાળકોને ઘરે મોકલવા પડે છે, વાલીઓ ચિંતિત થાય છે, શિક્ષણ અટકી જાય છે. એરપોર્ટ પર ફ્લાઈટ્સ ડિલે થાય છે, ડાયવર્ટ થાય છે કે કેન્સલ થાય છે. સરકારી કચેરીઓમાં કામકાજ બંધ થઈ જાય છે, ટૂંકમાં બધી પ્રવૃત્તિઓ પાછળનું મુખ્ય હેતુ દેશને નુકસાન પહોંચાડવાનો છે.

સાયબર અપરાધીઓ આવા ધમકીભર્યા ઈમેઈલ મોકલવા માટે અનેક તરકીબો અપનાવે છે. તેઓ સામાન્ય રીતે ગુપ્ત ઈમેઈલ સેવાઓનો ઉપયોગ કરે છે, જેમ કે પ્રોટોનમેઈલ અથવા ટેમ્પરરી ઈમેઈલ સર્વિસ. આ સેવાઓમાં તેઓ ખોટા નામ અને વિગતો વાપરીને એકાઉન્ટ બનાવે છે, જેથી તેમની ઓળખ છુપાઈ રહે.

તેઓ વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક અથવા ટોર બ્રાઉઝરનો ઉપયોગ કરીને તેમના આઈપી એડ્રેસને છુપાવે છે. આઈપી એડ્રેસ એ ડિવાઈસ નું ઓનલાઈન સરનામું છે, જે સ્થાન અને ઓળખ વિશે જણાવે છે. સાયબર ગુનેગારો વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક નો ઉપયોગ મુખ્યત્વે તેમની ઓળખ તેમજ આઈપી એડ્રેસ છુપાવવા, ઓનલાઈન પ્રવૃત્તિઓને અજ્ઞાત રાખવા અને કાયદાકીય સંસ્થાઓથી બચવા માટે કરે છે. કેટલાક અપરાધીઓ ઈમેઈલ સ્પૂફિંગનો ઉપયોગ કરે છે.

સાયબર અપરાધીઓને ટ્રેસ કરવા માટે પોલીસની સાયબર ક્રાઈમ યુનિટ કામ કરે છે. પહેલા, તેઓ ઈમેઈલના હેડર્સનું વિશ્લેષણ કરે છે. ઈમેઈલ હેડર્સમાં મોકલનારના આઈપી એડ્રેસ, તારીખ અને અન્ય વિગતો હોય છે. જો વીપીએન વપરાયું હોય તો પણ, વીપીએન પ્રોવાઈડર પાસેથી માહિતી મેળવી શકાય છે.

પોલીસ ઈમેઈલ પ્રોવાઈડર (જેમ કે ગૂગલ અથવા પ્રોટોન)ને કાનૂની રીતે માહિતી માંગે છે. તેઓ એકાઉન્ટની વિગતો, લોગઈન આઈપી અને અન્ય ડેટા મેળવે છે. જો અપરાધી વિદેશમાં હોય તો, આંતરરાષ્ટ્રીય સહયોગ જેમ કે ઈન્ટરપોલની મદદ લેવામાં આવે છે. ડિજિટલ ફોરેન્સિક્સમાં કમ્પ્યુટર અને મોબાઈલનું વિશ્લેષણ કરીને પુરાવા શોધવામાં આવે છે. કેટલાક કેસમાં, અપરાધીઓની ભૂલો જેમ કે એક જ આઈપીનો વારંવાર ઉપયોગ, તેમને પકડાવી દે છે.

# આણંદ જિલ્લા પંચાયતનું ₹1714 કરોડનું બજેટ રજૂ: ખેડૂતના અકસ્માત મૃત્યુએ પરિવારને ₹35 હજારની વધારાની સહાય

**આણંદ, તા.03**

આણંદ જિલ્લા પંચાયતનું વર્ષ 2026-27નું 1714.06 કરોડનું અંદાજપત્ર પ્રમુખ હસમુખભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી ખાસ સાધારણ સભામાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં ખેડૂતો, મહિલાઓ અને બાળકોના કલ્યાણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. કુલ 1714.06 કરોડની આવક અને ૧૨૬૦.૯૩ કરોડના ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો છે, જેમાં વર્ષના અંતે 135.32 લાખની પુરાંત રહેવાની શક્યતા છે. આ રજૂઆત દરમિયાન કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલ અને સાંસદ મિતેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



બજેટમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અનુસાર, ખેડૂતના અકસ્માત મૃત્યુના કિસ્સામાં રાજ્ય સરકારની ૪ લાખની સહાય ઉપરાંત જિલ્લા પંચાયત પોતાના સ્વભંડોળમાંથી વધારાની 35,000ની સહાય આપશે. આ ઉપરાંત, પ્રસૂતિ દરમિયાન માતાના મૃત્યુના કિસ્સામાં વારસદારને 50,000ની આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે.

જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે તાલુકા દીઠ શ્રેષ્ઠ કામગીરી કરતી ત્રણ ગ્રામ પંચાયતોને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરાશે. શિક્ષણ અને બાંધકામ ક્ષેત્રે પણ મોટી ફાળવણી કરવામાં આવી છે, જેમાં આંગણવાડીઓના રિપેરિંગ, સ્માર્ટ આંગણવાડી બનાવવા અને પશુ સારવાર કેમ્પ માટે વિશેષ ગ્રાન્ટનો સમાવેશ થાય છે.

જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓ અને મુલાકાતીઓના બાળકોની સંભાળ માટે 10 લાખના ખર્ચે તૈયાર કરાયેલા આધુનિક 'ઘોડિયાઘર'નું મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઘોડિયાઘરના નિભાવ માટે બજેટમાં વધુ 10 લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ સભામાં જિલ્લાની શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોમાં સહયોગ આપનાર દાતાઓ અને CSR કંપનીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જિલ્લા પંચાયતની વર્તમાન મુદત 17 માર્ચના રોજ પૂર્ણ થતી હોવાથી પ્રમુખે તમામ સદસ્યો અને અધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# નડિયાદ આંગણવાડી બહેનોનું ઓનલાઇન કામગીરી સામે પ્રદર્શન:ટેક્નિકલ સમસ્યાઓ અને કામના ભારણ મુદ્દે આવેદનપત્ર આપ્યું

**નડિયાદ, તા.03**

ખેડા જિલ્લાના નડિયાદ ખાતે આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનોએ પડતર માંગણીઓ અને કામના ભારણ મુદ્દે પ્રદર્શન કર્યું. નડિયાદ તાલુકા અને આસપાસના વિસ્તારોમાંથી 200થી વધુ આંગણવાડી બહેનોએ એકત્રિત થઈ તંત્ર સમક્ષ રજૂઆત કરી. વહીવટી પ્રક્રિયામાં ઓનલાઈન કામગીરી વધવાથી બહેનોમાં રોષ જોવા મળી રહ્યો છે. પ્રદર્શન દરમિયાન બહેનોએ જણાવ્યું કે દૈનિક કામગીરી સાથે હવે સતત ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. મોબાઈલ એપ્લિકેશનમાં વિગતો ભરતી વખતે વારંવાર ટેક્નિકલ ખામીઓ સર્જાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને નેટવર્કની પૂરતી સુવિધા ન હોવાથી એક જ એન્ટ્રી કરવામાં કલાકોનો સમય વેડફાઈ રહ્યો છે.



બહેનોએ કામના ભારણ અંગે રજૂઆત કરતા કહ્યું કે સતત ઓનલાઈન એન્ટ્રી કરવાના દબાણને કારણે તેમનું મૂળભૂત ફિલ્ડ વર્ક પ્રભાવિત થઈ રહ્યું છે. આંગણવાડીનું મુખ્ય કાર્ય બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓની સીધી સેવા કરવાનું છે. જોકે, ઓનલાઈન રિપોર્ટિંગ પાછળ વધુ સમય જતો હોવાથી આ સેવાઓ પર વિપરીત અસર પડી રહી છે. ટેક્નિકલ સમજણના અભાવે પણ અનેક બહેનોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ પ્રશ્નોના ઉકેલ માટે આંગણવાડી બહેનોના પ્રતિનિધિ મંડળે તાલુકાના CDPO ને લેખિત આવેદનપત્ર સુપરત કર્યું.

# 'ગુજરાત યુનિવર્સિટીની ભરતી પ્રક્રિયામાં લાગવગ-ગોઠવણ એ જ લાયકાત': ચોક્કસ ઉમેદવારોને પસંદ કરાતા હોવાનો NSUIનો આક્ષેપ

**અમદાવાદ, તા.03**

ગુજરાત યુનિવર્સિટીમાં ખાલી પડેલી જગ્યા પર શરૂ કરવામાં આવેલી ભરતી પ્રક્રિયાને લઈને વિવાદ સર્જાયો છે. વિવિધ પોસ્ટની ફાઈનલ યાદીમાં એક બે નામોની જ પસંદગીથી વિવાદ થયો છે. NSUI દ્વારા સીધી ભરતીમાં મળતિયાઓને ગોઠવવા ખેલ થયાના આક્ષેપ કરવામાં આવ્યા છે. VCના PA માટે આવેલી 33 અરજીમાંથી બે જ માન્ય રખાઈ છે. જ્યારે રજિસ્ટ્રારના PA માટે આવેલી 33 અરજીમાંથી માત્ર એક જ અરજી માન્ય રખાઈ છે. યુનિવર્સિટી એન્જિનિયર માટે આવેલી 7માંથી માત્ર એક અરજીને જ લાયક ગણવામાં આવી છે. ફિઝિકલ એજ્યુકેશન ડાયરેક્ટર માટે આવેલી 12 અરજીમાંથી માત્ર એક જ અરજી માન્ય રખાઈ છે. કુલપતિએ દાવો કર્યો છે કે ભરતી પ્રક્રિયામાં કોઈપણ ગોઠવણ કરવામાં આવી નથી. ગુજરાત યુનિવર્સિટીમાં ખાલી પડેલી જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રજિસ્ટ્રારથી લઈને 36 પ્રકારના વિવિધ પદો માટે 130 જગ્યાઓ માટે ચાલી રહેલી ભરતીમાં લાગવગ અને ગોઠવણ થઈ હોવાનો NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયામાં લાગવગ અને ગોઠવણ એ જ લાયકાત છે. મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરે તેવી NSUI દ્વારા માગ કરવામાં આવી છે. જો પારદર્શિતા સુનિશ્ચિત કરવામા નહીં આવે તો કાયદાકીય કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. NSUIનો આક્ષેપ છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયામાં મોટાપાયે ગોલમાલ, ગેરરીતિ અને લાયકાતના ધોરણે માત્ર લાગવગથી ભરતી કરવામાં આવી રહી છે. જે લોકોને ગેરલાયક ઠેરવ્યા છે તેમને



કોઈપણ પ્રકારના કારણ આપવામાં આવ્યા ન હોવાનો NSUIએ દાવો કર્યો છે. મળતિયાઓને સેટ કરવા માટે અન્ય ઉમેદવારોને ગેરલાયક ઠેરવી ગોઠવણ કરવામાં આવતા ભરતી પ્રક્રિયા સામે સવાલ ઊભા થયા છે. આ અંગે NSUIના પૂર્વ રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટી દ્વારા અગાઉ 3 વર્ષ પહેલા જાહેર કરેલ ભરતી પ્રકિયા લાંબા વિવાદ બાદ નવેસરથી ડિસેમ્બર-2025માં રજીસ્ટારથી લઈને 36 પ્રકારના વિવિધ પદો માટે 130 જગ્યાઓ અંગે જાહેર કરેલ ભરતી પ્રકિયા સામે મોટાપાયે વિવાદ થાય અને લાગતા વળગતાને અગાઉથી જ 'ગોઠવી' દેવાના હોય તે રીતે કાર્યવાહી ચાલી રહી હોય તેવી માહિતી ગુજરાત યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પરથી સ્પષ્ટ જાહેર થાય છે. મહત્વના પદો પર એક પદ પર ચોક્કસ એક જ ઉમેદવારને માન્ય કરીને ભરતી પ્રકિયા માત્ર દેખાવ પૂરતી હોય તેવી ગોઠવણ કોઈપણ સમજી શકે તેમ છે. ગુજરાત યુનિવર્સિટીના સત્તાધિશોને સમગ્ર રાજ્યમાંથી મહત્વના પદો માટે કોઈ લાયકાતવાળો ઉમેદવાર મળતો નથી કે પછી ગોઠવણમાં મુશ્કેલી હોય તેવું જણાય છે. પી એ ટુ રજીસ્ટારના 33 ઉમેદવારોમાંથી 1 જ, પી એ ટુ વી.સી માટે 33 ઉમેદવારોમાંથી માત્ર 2 જ, ફીઝીકલ એજ્યુકેશન ડાયરેક્ટર માટે 12 ઉમેદવારોમાંથી માત્ર 1 જ અને યુનિવર્સિટી એન્જિનિયર માટે 7 ઉમેદવારોમાંથી માત્ર 1 જ લાયકાત ધરાવતા હોય તે કેટલે અંશે સત્ય હોય શકે? શું આ ગોઠવણનો ભાગ હોય તેમ જણાતું નથી? શું અગાઉથી જ ઉમેદવારોને ખાનગી રીતે 'ચકાસણી-ગોઠવણ' બાદ જ લાયક ગણવામાં આવ્યા છે? કોઈ ચોક્કસ ઉમેદવારોને ધ્યાનમાં રાખીને નિયમ બનાવવામાં આવ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જે ઉમેદવારોને પરીક્ષા માટે માન્ય ગણવામાં આવ્યા છે તે ઉમેદવારો માટે જ ભરતી કરવામાં આવી રહી હોવાનું લાગી રહ્યું છે. રજિસ્ટ્રારના PA માટે જે અરજી આવી હતી તેમાંથી માત્ર એક અરજી માન્ય ગણવામાં આવી છે. અન્ય ઉમેદવારો કેમ ગેરલાયક ગણવામાં આવ્યા છે તેની માહિતી પણ આપવામાં આવી નથી.

વધુમાં ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, ફિઝિકલ એજ્યુકેશન ડાયરેક્ટરની જગ્યા પર એક જ ઉમેદવારને માન્ય ગણવામાં આવ્યો છે. સામાન્ય અને મધ્યમ વર્ગના યુવાનો તૈયારી કરીને ફોર્મ ભરે છે, તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે. અમારી માગ છે કે જે યુવાનો મહેનત કરી રહ્યા છે તેમને ન્યાય આપવામાં આવે અને આ ભરતી પ્રક્રિયા રદ કરવામાં આવે. કુલપતિના આદેશ અનુસાર ભરતી પ્રક્રિયામાં ગોઠવણ થઈ રહી છે.

આ અંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, સમર્થ પોર્ટલ પરથી તમામ અરજી મંગાવવામાં આવી હતી. સ્ક્રૂટિની ટીમ દ્વારા RR પ્રમાણે તપાસ કરવામાં આવી હતી. કોઈપણ ઉમેદવાર ગેરલાયક ગણાય છે તો તેમની પાસેથી મેઈલ અને મેસેજ કરીને તેમના ખૂટતા ડોક્યુમેન્ટ મંગાવવામાં આવ્યા હતા. જે બાદ તેમના ડોક્યુમેન્ટ સ્વીકારી લાયક અને ગેરલાયક ગણવામાં આવ્યા હતા. કોઈ વિદ્યાર્થી હાર્ડ કોપી ડિપાર્ટમેન્ટમાં આવીને આપી ગયા તો તે પણ અમે સ્વીકારી હતી, જેના આધારે લાયક ઉમેદવારો નક્કી કરવામાં આવ્યા છે.

### યુવકે પોલીસ સાથે કર્યું અભદ્ર વર્તન

# મણિનગરમાં નશામાં ડ્રાઈવિંગ કરતા યુવકને સ્થાનીકોએ ફટકાર્યો

**અમદાવાદ, તા.03**

અમદાવાદના મણિનગર વિસ્તારમાં પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના પૂર્વ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલના ભાણેજ વિશાલ ગુર્જરને નશાની હાલતમાં પોલીસે ઝડપ્યો છે. સિટી કોર્નર હોટલ નજીક તેણે વર્ના કાર બેફામ હંકારતા બે વાહનોને ટક્કર મારી હતી. અકસ્માતમાં એક કારને નુકસાન થયું હતું. મોપેડચાલક નીચે પટકાતા વાહનને પણ ક્ષતિ પહોંચી હતી. અકસ્માત બાદ લોકોના ટોળા એકઠા થયા. અને સ્થાનીકોએ યુવકને નશાની હાલતમાં જોઈ ફટકાર્યો હતો.



ઘટના મણિનગર પોલીસ સ્ટેશનની નજીક બની હતી જેથી પીઆઈ વાય.જે. રાઠોડ સ્ટાફ સાથે સ્થળ પર પહોંચ્યા ગયા હતા અને વિશાલને લોકોના ચુંગાલમાંથી છોડાવ્યો હતો નશાની હાલતમાં વિશાલે પોલીસ સાથે પણ અભદ્ર વર્તન કર્યું. અકસ્માતની ઘટના બનાત વિસ્તારમાં હોબાળો મચ્યો હતો. આ મામલે જે-ડિવિઝન ટ્રાફિક પોલીસએ ગુનો નોંધ્યો. વિશાલ ગુર્જરની કાયદેસરની ધરપકડ કરી. આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

### જાહેર રસ્તા પર મારા-મારીનો વીડિયો થયો વાયરલ

# ખંડણી માગતા કથિત પત્રકારને એક પછી એક દસ લાફા ઝીંક્યા





## બંને યુવકોએ આક્ષેપ કર્યો કે પત્રકાર તરીકે ઓળખ આપીને તે તોડપાણી અને ખંડણી ઉઘરાવતો હતો...

**અમદાવાદ, તા.03**

ખંડણી માંગવાના આક્ષેપ વચ્ચે બે યુવકોએ કથિત પત્રકારને જાહેરમાં માર માર્યો હતો. એક્ટિવા પર બેઠેલા પત્રકાર અને બંને યુવકો વચ્ચે શરૂઆતમાં બોલાચાલી થઈ હતી. વાતચીત ધીમે ધીમે ઉગ્ર બની હતી. ત્યારબાદ બંને યુવકો ગાળો બોલતા આક્રમક બન્યા હતા.

બોલાચાલી વધતા બંને યુવકોએ કથિત પત્રકારને એક પછી એક દસ લાફા ઝીંક્યા હતા. મારામારી દરમિયાન આસપાસના લોકો એકત્ર થયા હતા. યુવકોએ તેને ફરી અહીં નહીં આવવાની ચેતવણી આપી હતી. ઘટનાસ્થળે તંગ માહોલ સર્જાયો હતો.

બંને યુવકોએ આક્ષેપ કર્યો હતો કે પત્રકાર તરીકે ઓળખ આપીને તે તોડપાણી અને ખંડણી ઉઘરાવતો હતો. સમગ્ર ઘટનાનો વીડિયો તેમણે પોતાના મોબાઈલમાં રેકોર્ડ કર્યો હતો. બાદમાં વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

### માતાએ CCTV જોતા મામલો સામે આવ્યો

# નિકોલમાં બાળકી સાથે અડપલા કરાતા વૃદ્ધની ધરપકડ કરવામાં આવી

**અમદાવાદ, તા.03**

નિકોલ વિસ્તારમાં એક શરમજનક બનાવ સામે આવ્યો છે. 65 વર્ષના વૃદ્ધે નવ વર્ષની બાળકી સાથે શારીરિક અડપલાં કર્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવે છે. વિશ્વાસના સંબંધને કલંકિત કરતી આ ઘટનાથી વિસ્તારમાં રોષ ફેલાયો છે. પોલીસે આરોપીને ઝડપી જેલ હવાલે કર્યો છે.

માહિતી મુજબ બાળકીની માતા નિકોલની એક દુકાનમાં કામ કરે છે. આરોપી વૃદ્ધ પણ તે જ દુકાનમાં કામ કરતો હતો. પરિચયના કારણે પરિવાર તેનો વિશ્વાસ કરતો હતો. એક દિવસે માતા બહાર ગઈ હતી. બાળકી દુકાનમાં એકલી હતી. તે સમયે વૃદ્ધે બાળકી સાથે અડપલાં કર્યા હતા અને દુકાનદારે મોબાઈલથી સીસીટીવી ચેક કરતા સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી. દુકાન માલીકે તરત જ અન્ય કર્મચારીઓને બોલાવ્યા હતા. અને બાળકીને વૃદ્ધ પાસેથી છુટી પાડવામાં આવી હતી.

બાળકીની માતાએ તાત્કાલિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગંભીરતા સમજી તરત જ કાર્યવાહી શરૂ કરી છે. અને ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરવામાં આવી છે. હાલ આરોપી જેલમાં છે. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### 100 જેટલા લોકોના ટોળાએ પોલીસ સ્ટેશન ઘેર્યું

# ગીતા મંદિર વિસ્તારમાં યુવતીની છેડતી બાદ થયો હોબાળો

**અમદાવાદ, તા.03**

જાહેરમાં છેડતીના બનાવો વધતા મહિલાઓની સુરક્ષા અંગે ચિંતા ઊભી થઈ હતી. ગીતા મંદિર વિસ્તારમાં દારૂના નશામાં ધૂત એક યુવકે મહિલાની છેડતી કરી હતી. મહિલાઓને રોકી તકરાર કરતા લોકો એકત્ર થયા હતા અને તેને માર માર્યો હતો. પરિસ્થિતિ વણસતા પોલીસે આરોપીને કસ્ટડીમાં લીધો હતો.



ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ઈમરાનખાન મકરાણી ત્યાંથી પસાર થતા હતા અને તેમણે આરોપીને પોલીસ વાહનમાં બેસાડી દાણીલીમડા પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. આરોપીની ધરપકડની જાણ થતા અંદાજે 100 જેટલા લોકોનું ટોળું પોલીસ સ્ટેશન પર એકત્ર થયું હતું. ટોળાએ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા અને પોલીસ સ્ટેશન ઘેરી હંગામો મચાવ્યો હતો.

ટોળાએ પોલીસ સ્ટેશનમાં ઘૂસી આરોપી પર હુમલો કર્યો હતો. વચ્ચે પડેલા હોમગાર્ડ જવાનને પણ માર મારાયો હતો. આ મામલે દાણીલીમડા પોલીસે શાહીલ સૈયદ સહિત 100 લોકો સામે રાયોટિંગ અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો હતો. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી શરૂ કરી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# મથુરામાં સળગતી હોળીમાંથી નીકળ્યો યુવક: 25 ફૂટ ઊંચી ધગધગતી જ્વાળાઓ, સહેજ પણ દાઝ્યો નહીં

મથુરા, તા.03

હોળીની ધગધગતી આગ. લાકડીઓ લઈને બૂમો પાડતા લોકો. 25 ફૂટ ઊંચી જ્વાળાઓ, ત્યારે માથા પર ગમછો અને ગળામાં રુદ્રાક્ષની માળા પહેરેલો સંજુ પંડા નામનો એક યુવક ધગધગતી આગની વચ્ચેથી દોડતો પસાર થાય છે.

આ વચ્ચે તે અગ્નિદેવતાને પ્રણામ કરે છે, પછી થોડી જ સેકન્ડમાં સળગતી હોળીની આગની જ્વાળાઓ વચ્ચેથી પસાર થઈ જાય છે. તે મોઢામાંથી ઉફ પણ કરતો નથી, શરીર સહેજ પણ દાઝતું નથી. આ દ્રશ્ય મથુરામાં મંગળવારે સવારે 4 વાગ્યે જોવા મળ્યું, જે જોઈને દેશ-વિદેશના 50 હજારથી વધુ લોકો બાંકે-બિહારીની જયનો ઉદ્ઘોષ કરે છે.

લગભગ 5200 વર્ષ જૂની આ પરંપરા જિલ્લા મુખ્યાલયથી 50 કિમી દૂર ફાલૈન ગામમાં હોળીકા દહનની રાત્રે ઉજવવામાં આવે છે. એવી માન્યતા છે કે હિરણ્યકશ્યપની બહેન હોળીકાએ ભક્ત પ્રહલાદને બાળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે તેમ કરી શકી ન હતી. બીજી વાર સંજુ પંડા નામનો યુવક ધગધગતી આગની વચ્ચેથી નીકળ્યો છે. આ પહેલા, સંજુનો મોટો ભાઈ મોનુ પંડા આ પરંપરા નિભાવતો રહ્યો છે. સંજુએ રાત્રે દીવો પ્રગટાવ્યો. જ્યાં સુધી તેની જ્યોત ગરમ રહી, ત્યાં સુધી તેણે જાપ કર્યો. જ્યોત ઠંડી થયા પછી, સંજુએ હોલિકાની અગ્નિમાં પ્રવેશવાનો ઈશારો કર્યો, પછી હોલિકામાં અગ્નિ પ્રગટાવવામાં આવી.

બ્રહ્મ મુહૂર્તમાં સવારે 4 વાગ્યે સંજુએ પ્રહ્લાદ કુંડમાં સ્નાન કર્યું. તેની બહેને પ્રજ્વલિત અગ્નિની ચારે બાજુ કળશમાંથી જળનું અર્ઘ્ય આપ્યું. તે સીધો દોડતો આવ્યા અને સળગતી હોળીમાંથી બહાર નીકળી ગયો. જેમ જ સંજુ અગ્નિમાંથી બહાર નીકળ્યો, લોકોએ ભક્ત પ્રહ્લાદ અને બાંકે બિહારીની જયના નારા લગાવવાનું શરૂ કરી દીધું.

ફાલૈન ગામના રહેવાસી ચરણ સિંહ જણાવે છે કે - હોલિકા છાણાં અને લાકડાંમાંથી બનાવવામાં આવી હતી. તે લગભગ 20 ફૂટ ઊંચી અને 30 ફૂટ પહોળી હતી. હોલિકા માટે ગામના દરેક ઘરમાંથી લોકો છાણાં લાવે છે. આ ઉપરાંત



ગામના સરપંચ રાજસ્થાનથી ઝરબેરિયાના લાકડાં મંગાવે છે. જ્વાળાઓ એટલી તેજ હતી કે 10 ફૂટ દૂર સુધી પણ લોકો ઊભા રહી શકતા ન હતા. નજીક જતાં એવું લાગતું હતું કે શરીર બળી જશે.

જર્મનીથી આવેલી સારાએ કહ્યું- હું પહેલીવાર અહીં આવી છું. અહીં લોકોની ભીડ અને માહોલ જોઈને ખૂબ જ સારું લાગ્યું. મને લાગે છે કે આ બધું ભગવાનની શક્તિ, પ્રેમ અને મેડિટેશનનો પ્રભાવ છે.

જર્મનીના ડેવિડે કહ્યું- અદ્ભુત દ્રશ્ય હતું. મેં મારા જીવનમાં આવું પહેલા ક્યારેય જોયું નથી. યોગ અને સ્ટ્રોંગ માઈન્ડસેટથી જ આવું કરી શકાય છે. જોનારાઓને પણ હિંમત જોઈએ.

ચરણ સિંહે જણાવ્યું- પંડા મહારાજના દર્શન કર્યા. સળગતી અગ્નિમાંથી પંડાજી બહાર આવ્યા. આ ખૂબ જ આશ્ચર્યજનક છે. આ બધું ભગવાનની કૃપા છે.

માધવે જણાવ્યું- આ બધું જોઈને ભગવાનના ચમત્કાર પર વિશ્વાસ થયો છે. આજના યુવાનોએ પણ આ જોવું જોઈએ. આ સંપૂર્ણપણે ભગવાનનો ચમત્કાર છે, તેનું કોઈ વૈજ્ઞાનિક કારણ નથી. આટલી ભીષણ આગની વચ્ચેથી પંડાજી બહાર આવ્યા. અમે આગથી લગભગ 40-50 મીટર દૂર ઊભા હતા, છતાં તેની ગરમી અનુભવાઈ રહી હતી.

જયપાલ સિંહે જણાવ્યું- મેં સાંભળ્યું હતું કે આગમાંથી પંડાજી નીકળે છે. આ જ કારણે અમે ગામમાંથી સાયકલ પર અહીં આવ્યા. સાયકલ પર જ વૃંદાવન-ગોવર્ધનની લગભગ 90 કિલોમીટરની પરિક્રમા કરી. આ બધું બંસીવાળાની કૃપા છે. પરિક્રમા પછી અમે બરસાના પહોંચ્યા. પહેલીવાર પંડાને આ રીતે આગમાંથી નીકળતા જોયા છે.

ફાલૈન ગામના રહેવાસી સંજુ પંડા આ વખતે સળગતી હોળીની આગમાંથી બીજી વાર નીકળ્યા. આ પહેલા તેમના ભાઈ મોનુ પંડા 4 વાર અને તેમના પિતા સુશીલ 8 વાર નીકળી ચૂક્યા છે. સંજુની બહેન રજનીએ જણાવ્યું- પ્રભુના આશીર્વાદ છે, જોઈને સારું લાગ્યું. જેમ નરસિંહ ભગવાને પ્રહલાદને બચાવ્યા, તેમ ભગવાન બધાને બચાવે છે.

# નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારની રાજકારણમાં એન્ટ્રી નક્કી! JDU નેતાએ આપ્યા સંકેત.....

પટના, તા.03

જ્યારે વિધાનસભા ચૂંટણી આવી ત્યારે તે રસ્તો, જ્યારે ચૂંટણી પૂરી થઈ ત્યારે વિધાન પરિષદના રસ્તે જવાની વાત આવી. હવે રાજ્યસભા ચૂંટણીનો સમય આવ્યો છે, ત્યારે મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારની રાજકીય એન્ટ્રીનો રસ્તો પાકો માનવામાં આવી રહ્યો છે. અગાઉની જેમ જ જનતા દળ યુનાઈટેડ (JDU) ના મંત્રીઓએ જ આ જાણકારી આપી છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, આ વખતે નીતિશ કુમારે સહમતી આપી દીધી છે. તેમને નીતિશ કુમાર બાદ JDU ના અધ્યક્ષ બનાવવાની પણ વાતો ચાલી રહી છે. અત્યાર સુધી નીતિશ કુમારે પોતે આ અંગે કંઈ કહ્યું નથી, કારણ કે તેઓ પરિવારવાદ વિરોધી રહ્યા છે. અહીં, JDU ના દિગ્ગજ નેતાઓ દાવો કરી રહ્યા છે કે, નિશાંત કુમાર ટૂંક સમયમાં જ પાર્ટીમાં પૂરી રીતે એક્ટિવ થઈ જશે. સોશિયલ મીડિયા પર એવી પણ ચર્ચા છે કે નિશાંત કુમારને રાજ્યસભા મોકલવાની તૈયારી ચાલી રહી છે? આ સવાલ પર જનતા દળ યુનાઈટેડના કોઈ નેતાએ તો કંઈ કહ્યું નથી, પરંતુ નિશાંતની JDU એન્ટ્રી પર ચોક્કસપણે મોટું નિવેદન



આપી દીધું છે. સીએમ નીતિશના નજીકના અને બિહાર સરકારમાં મંત્રી શ્રવણ કુમારે કહી દીધું છે કે ટૂંક સમયમાં જ તેઓ સક્રિય રાજકારણમાં આવી રહ્યા છે.

ગ્રામીણ વિકાસ વિભાગના મંત્રી શ્રવણ કુમારે સ્પષ્ટપણે કહ્યું છે કે, નિશાંત કુમારના સક્રિય રાજકારણમાં પ્રવેશવાની પૂરેપૂરી સંભાવના બની ગઈ છે. તેમના વિશે બિહારના યુવાનો અને JDU નેતાઓ ઈચ્છે છે કે નિશાંત સક્રિય રાજકારણમાં આવે. હવે ટૂંક સમયમાં જ સૌની ઈચ્છા પૂરી થવાની છે. તેમના JDU માં આગમનની ટૂંક સમયમાં જાહેરાત થશે અને તેઓ પાર્ટીની અંદર કામ કરશે. બીજી તરફ, નિશાંત કુમારના રાજકારણમાં પ્રવેશના સમાચાર પર બિહાર સરકારના મંત્રી દિલીપ જાયસવાલે કહ્યું કે, 'હું નવી પેઢીનું રાજકારણમાં સ્વાગત કરું છું. તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં નેતૃત્વ કરવા બદલ હું મુખ્યમંત્રી નીતિશ કુમારનો આભાર માનું છું. આ અત્યંત આનંદની વાત છે કે નિશાંતજી હવે મુખ્યમંત્રી અને તેમના પરિવારના સમર્થન સાથે રાજકારણમાં પ્રવેશ કરશે અને અમે તેમનું દિલથી સ્વાગત કરીએ છીએ. તેઓ ચોક્કસપણે એક શિક્ષિત યુવા નેતા છે, જેમણે B.Tech ની ડિગ્રી મેળવી છે અને તેઓ જમીન સાથે જોડાયેલા વ્યક્તિ છે. દરેક ઘટના પોતાના સમયે થાય છે અને કદાચ હવે સાચો સમય આવી ગયો છે. તેમના રાજકારણમાં આવવાનું ઉમળકાભેર સ્વાગત થવું જોઈએ.'

મંત્રી અશોક ચૌધરીએ કહ્યું કે જનતા દળ યુનાઈટેડ અને સીએમ નીતિશ કુમારની વિચારધારા પર ચાલનારાઓ માટે આ હોળીની એક મોટી ભેટ છે. જ્યારે તેઓ સક્રિય રાજકારણમાં આવશે ત્યારે બિહાર માટે ઘણું સારું રહેશે.

# ઉત્તરાખંડમાં હોળી પછી વરસાદ અને હિમવર્ષાની સંભાવના: MPના 11 જિલ્લાઓમાં તાપમાન 33°Cથી વધુ, રાજસ્થાનમાં લઘુત્તમ તાપમાન 23°C

નવી દિલ્હી, તા.03

ઉત્તરાખંડમાં હોળી પછી વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. હવામાન વિભાગના મતે, 7 માર્ચે 5 જિલ્લાઓમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આમાં ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, ચમોલી, બાગેશ્વર અને પિથોરાગઢના ઊંચાઈવાળા વિસ્તારોનો સમાવેશ થાય છે.

મધ્ય પ્રદેશમાં માર્ચના પહેલા દિવસે રવિવારે રાજ્યમાં હવામાન સ્વચ્છ રહ્યું. તીવ્ર તડકો નીકળવાને કારણે તાપમાનમાં વધારો થયો. ધાર, ગુના, ગ્વાલિયર, ખંડવા, ખરગોન, શ્યોપુર, ખજુરાહો, મંડલા, નરસિંહપુર, સતના, સિઓનીમાં તાપમાન 33C થી વધુ નોંધાયું.

રાજસ્થાનમાં તાપમાન વધવાથી દિવસની સાથે હવે રાત્રે પણ ગરમી વધવા લાગી છે. મોટાભાગના શહેરોનું લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં 2C થી 7C સેલ્સિયસ ઉપર નોંધાઈ રહ્યું



છે. બાડમેરમાં લઘુત્તમ તાપમાન 23C સેલ્સિયસ નોંધાયું.

મધ્યપ્રદેશમાં આ વખતે એપ્રિલ અને મે મહિનામાં હીટ વેવ એટલે કે લૂ ચાલશે. 15 થી 20 દિવસ સુધી લૂ ચાલી શકે છે, પરંતુ માર્ચમાં લૂ ચાલવાનું એલર્ટ નથી. માર્ચના શરૂઆતના દિવસોમાં પારો ચોક્કસ વધેલો રહેશે. બીજી તરફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (પશ્ચિમી વિક્ષોભ) અને ચક્રવાતને કારણે ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર-ચંબલ વિસ્તારમાં હળવો વરસાદ થઈ શકે છે.

રાજસ્થાનમાં સોમવારે બાડમેરમાં દિવસનું મહત્તમ તાપમાન 37C સેલ્સિયસને પાર કરી ગયું. પશ્ચિમના કેટલાક જિલ્લાઓમાં બપોરે ભારે ગરમી વચ્ચે ગરમ પવનો ફૂંકાયા. જોધપુર, જેસલમેર, ફલોદી, ચિત્તોડગઢમાં પારો 35C સેલ્સિયસથી ઉપર નોંધાયો.

# ઈરાન સાથે વાત કરશે રશિયન રાષ્ટ્રપતિ પુતિન: મિડલ ઈસ્ટ દેશો પર હુમલો રોકવાનો હેતુ, સાઉદી ક્રાઉન પ્રિન્સ અને કતારના અમીર સાથે ચર્ચા કરી ચૂક્યા છે

તહેરાન, તા.03

ઈરાન સાથે ચાલી રહેલા જંગ વચ્ચે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઈરાન સાથે વાતચીત કરશે. આનો હેતુ મિડલ-ઈસ્ટ દેશો પર થઈ રહેલા હુમલાઓને રોકવા અને વધી રહેલા તણાવને ઓછો કરવાનો છે. પુતિન સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને કતરના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાની સાથે ફોન પર વાતચીત કરી ચૂક્યા છે. બંને નેતાઓએ સંઘર્ષના ગંભીર પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ક્રેમલિનના જણાવ્યા અનુસાર, પુતિન ખાડી દેશોની ચિંતાઓને સીધી તેહરાન સુધી પહોંચાડશે અને રાજદ્વારી પ્રયાસોથી પરિસ્થિતિને સ્થિર કરવાનો પ્રયાસ કરશે. તાજેતરના હુમલાઓમાં ઈરાને સાઉદી રિફાઈનરી, UAEના ફુજૈરાહ એનર્જી સેન્ટર અને કતારની રસ લાફાન LNG ફેસિલિટીને નિશાન બનાવી હતી. જેની અસર ગ્લોબલ એનર્જી માર્કેટ પર પણ પડી છે. અલ-જઝીરાના રિપોર્ટ અનુસાર, અમેરિકા અને ઈઝરાયલે અત્યાર સુધી ઈરાનના 1000થી વધુ ઠેકાણાઓ પર હુમલા કર્યા છે. આ દરમિયાન શરૂઆતના 30 કલાકમાં 2000થી વધુ બોમ્બ ફેંકવામાં આવ્યા છે.

આમાં અત્યાર સુધીમાં 742 લોકોનાં મોત થયા છે, જેમાં 176 બાળકો છે. 750થી વધુ લોકો ઘાયલ થયા છે. 28 ફેબ્રુઆરીએ શરૂ થયેલી આ લડાઈના પહેલા દિવસે થયેલા બોમ્બમારામાં ઈરાની સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેની માર્યા ગયા હતા. આ ઉપરાંત રવિવારે 3 અમેરિકી સૈનિકો માર્યા ગયા હતા.

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ઈરાન સાથે વાતચીત કરશે. ક્રેમલિને મંગળવારે જણાવ્યું કે પુતિન ખાડી દેશોના નેતાઓની વધતી જતી ચિંતાઓને સીધી તેહરાન સુધી પહોંચાડશે.

પુતિને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને કતારના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાની સાથે



ફોન પર વાતચીત કરી હતી, જેમાં પ્રાદેશિક સંઘર્ષના વિસ્તાર અને સંભવિત ગંભીર પરિણામો પર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે પુતિન તણાવ ઓછો કરવા માટે તમામ શક્ય રાજદ્વારી પ્રયાસો કરશે. તાજેતરના હુમલાઓમાં સાઉદી રિફાઈનરી, UAEનું ફુજૈરાહ એનર્જી સેન્ટર અને કતારની રસ લાફાન LNG સુવિધા પ્રભાવિત થઈ છે, જેના કારણે ગ્લોબલ એનર્જી માર્કેટ પર પણ અસર પડી છે. ઈરાનમાં અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં માર્યા ગયેલી 158 સ્કૂલના વિદ્યાર્થિનીઓના મંગળવારે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

ઈઝરાયલે લેબનોનની રાજધાની બેરૂતના ઉપનગરોમાં હવાઈ હુમલા કર્યા છે. ઈઝરાયલી આર્મી રેડિયો અનુસાર, આ હુમલાઓનું લક્ષ્ય હિઝબુલ્લાહના એ નેતાઓ હતા જેઓ તે વિસ્તારમાં બેઠક કરી રહ્યા હતા.

લેબનોનની સરકારી નેશનલ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું કે આ હુમલાઓ કોઈ પણ પૂર્વ ચેતવણી વગર કરવામાં આવ્યા હતા, જેના કારણે અનેક ઈમારતોને નુકસાન પહોંચ્યું છે. બહેરીનની સરકારે પુષ્ટિ આપી છે કે તેના એર ડિફેન્સ દળોએ ઈરાન દ્વારા છોડવામાં આવેલા 73 મિસાઈલો અને 91 ડ્રોનને સફળતાપૂર્વક અટકાવ્યા અને નાશ કર્યા. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મિસાઈલો અને ડ્રોનને સમયસર ટ્રેક અને અટકાવવામાં આવતા કોઈ મોટું નુકસાન થયું નથી.

સંયુક્ત આરબ અમીરાત (UAE) ના સંરક્ષણ મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે ઈરાને અત્યાર સુધીમાં દેશ પર 186 મિસાઈલ અને 812 ડ્રોન છોડ્યા છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, મોટાભાગના હુમલાઓને એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, 186 મિસાઈલોમાંથી 172 મિસાઈલોને અટકાવવામાં આવી હતી અને નાશ કરવામાં આવી હતી, જ્યારે 13 સમુદ્રમાં પડી હતી. એક મિસાઈલ UAE ના ક્ષેત્રમાં પડી હતી. આ ઉપરાંત, 812 ઈરાની ડ્રોન પર નજર રાખવામાં આવી હતી, જેમાંથી 755ને અટકાવવામાં આવ્યા હતા અને તોડી પાડવામાં આવ્યા હતા. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે એર ડિફેન્સ સિસ્ટમ સંપૂર્ણપણે સતર્ક છે અને દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. અહેવાલો અનુસાર, એક ઈરાની મિસાઈલે મધ્ય ઈઝરાયલમાં સ્થિત પેટાહ ટિકવા શહેરને નિશાન બનાવ્યું હતું. ઈઝરાયલની ચેનલ 12 અનુસાર, મિસાઈલના ટુકડા શહેરમાં પડ્યા હતા.

# ગ્રામ્ય વિસ્તારો ડિજિટલ છેતરપિંડીના સોફ્ટ અને સેફ ટાર્ગેટ

## આર્થિક લેવડદેવડના મોટોભાગના કામ મોબાઈલ અને ડિજિટલ માધ્યમો દ્વારા થતા હોવાથી લોકોને છેતરવાનું સરળ બન્યું હોવાનું ચિંતાનજક છે

૨૦૧૭થી ૨૦૨૩ વચ્ચે રિટેલ ડિજિટલ પેમેન્ટમાં ૫૧ ટકા જેટલો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪માં ડિજિટલ પેમેન્ટનું દેશની જીડીપીમાં ૪.૫ ટકા યોગદાન હતું. જાણકારો માને છે કે, આ વર્ષના અંત સુધીમાં આ આંકડો ૨૦ ટકા સુધી પહોંચવાની શક્યતાઓ છે. દેશમાં ૯૦ કરોડ કરતા વધારે લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતા થઈ ગયા છે. તેના કારણે દરરોજ અબજો રૂપિયાની ઓનલાઈન લેવડદેવડ થઈ રહી છે : ૨૦૨૧થી અત્યાર સુધીમાં સાઈબર ગુનાખોરીમાં ૪૦૦ ટકાનો અધધ વધારો થયો છે. તેમાંય ગ્રામ્ય વિસ્તારો અને નાના શહેરો ડિજિટલ છેતરપિંડીના મોટા કેન્દ્ર બની રહ્યા છે. ઘણા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં સાઈબર સુરક્ષા નબળી હોવાના કારણે ત્યાં આ પ્રકારના ગુનામાં વ્યાપક વધારો થયો છે : પાંચ વર્ષમાં ૧૮ લાખ ફરિયાદોમાં સરકારે કામ કર્યું અને અંદાજે ૫૫૦૦ કરોડની રકમનું ફ્રોડ થતું અટકાવ્યું. બીજી તરફ ૨૦૨૪માં જ ૨૩,૦૦૦ કરોડનું ફ્રોડ થઈ ગયું. તે ઉપરાંત ગત વર્ષે પણ અંદાજે ૨૦ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ ગઈ

ભારતમાં ઘણા સમયથી ડિજિટલ ઈન્ડિયા મિશન હાથ ધરવામાં આવેલું છે. તેના પગલે સ્થિતિ એવી થઈ છે કે, હાલમાં કરોડો લોકો સતત ઈન્ટરનેટ અને ઓનલાઈન માધ્યમોનો ઉપયોગ કરતા થઈ ગયા છે. અહેવાલો જણાવે છે કે, દેશમાં ૯૦ કરોડ કરતા વધારે લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતા થઈ ગયા છે. તેના કારણે કરોડો રૂપિયાનું દરરોજ ડિજિટલ પેમેન્ટ થાય છે. દરરોજ અબજો રૂપિયાની ઓનલાઈન લેવડદેવડ થઈ રહી છે. જાણકારોના મતે તેના કારણે જ ભારત રિયલ ટાઈમ પેમેન્ટ માર્કેટ તરીકે મોટાપાયે વિકસિત થયું છે. ખાસ કરીને ૨૦૧૭થી ૨૦૨૩ વચ્ચે રિટેલ ડિજિટલ પેમેન્ટમાં ૫૧ ટકા જેટલો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪માં ડિજિટલ પેમેન્ટનું દેશની જીડીપીમાં ૪.૫ ટકા યોગદાન હતું. જાણકારો માને છે કે, આ વર્ષના અંત સુધીમાં આ આંકડો ૨૦ ટકા સુધી પહોંચવાની શક્યતાઓ છે. ડિજિટલ ક્રાંતિ અને સુવિધાની સાથે સાથે સાઈબર ક્રાઈમની શક્યતાઓ પણ એટલા જ પ્રમાણમાં વધી છે.

ચિંતાજનક બાબત એ છે કે, વર્તમાન સમયમાં સાઈબર ક્રાઈમ અને છેતરપિંડીના અઢળક કેસ સામે આવી રહ્યા છે. સમગ્ર દેશમાં ડિજિટલ ક્રાંતિ થઈ હોવાનો આનંદ કરાઈ રહ્યો છે, વિકાસ થયાના ઢોલ પીટાઈ રહ્યા છે પણ સાથે સાથે ગુનાખોરી વધી છે અને ડિજિટલ પડકારો પણ એટલા જ વધ્યા છે. ટેક્નોલોજીના દુરુપયોગનું પ્રમાણ મોટાપાયે વધ્યું છે અને આ ગુનાખોરી ઉપર લગામ લગાવવાનું સુરક્ષા એજન્સીઓ માટે મુશ્કેલ બની રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા જ થોડા સમય પહેલાં જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું હતું કે, ૨૦૨૧થી અત્યાર સુધીમાં સાઈબર ગુનાખોરીમાં ૪૦૦ ટકાનો અધધ વધારો થયો છે. તેમાંય ગ્રામ્ય વિસ્તારો અને નાના શહેરો ડિજિટલ છેતરપિંડીના મોટા કેન્દ્ર બની રહ્યા છે. ઘણા શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં સાઈબર સુરક્ષા નબળી હોવાના કારણે ત્યાં આ પ્રકારના ગુનામાં વ્યાપક વધારો થયો છે.

જાણકારો માને છે કે, જે રીતે ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ ક્રાંતિના પગલે સામાજિક અને ટેકનિકલ પરિવર્તન આવ્યું છે તેના કારણે સ્થિતિ બદલાઈ છે. લોકો ઓનલાઈન માધ્યમોનો વધારે ઉપયોગ કરતા થયા છે અને તેના કારણે સાઈબર ગુનાખોરી પણ વધી છે. અહેવાલો પ્રમાણે ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ જેવા રાજ્યોમાં સસ્તા સ્માર્ટફોન અને સસ્તી ઈન્ટરનેટ સેવાઓના કારણે ડિજિટલ કામગીરી વધી છે પણ લોકોમાં આ ડિજિટલ વિશ્વની સમજ વધી નથી. તેના કારણે જ આ વિસ્તારના લોકો સટ્ટાબાજી, ઓનલાઈન રમતો અને મનોરંજન તરીકે રજૂ કરવામાં આવતી વિવિધ ગેમ્સમાં ફસાઈ જાય છે. આવા લોકો સાઈબર ગુનેગારો માટે સરળ શિકાર હોય છે. તેના કારણે જ છેલ્લાં બે-ત્રણ વર્ષોમાં ભારતમાં ઓનલાઈન છેતરપિંડાના કારણે ભારતીયોને ૫૨,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડયું છે.

થોડા સમય પહેલાં જ આવેલા એક અહેવાલમાં જણાવાયું છે કે, ૨૦૨૫માં જ ભારતીયોને સાઈબર ગુનાખોરીને કારણે ૧૯,૮૧૩ કરોડ રૂપિયા ગુમાવવા પડયા હતા. આ દરમિયાન ૨૧ લાખથી વધારે સાઈબર છેતરપિંડીની ફરિયાદો દેશભરમાં દાખલ કરવામાં આવી હતી. તેની




પહેલાની વાત કરીએ તો ૨૦૨૪માં સાઈબર છેતરપિંડીની ૧૯ લાખ ફરિયાદો સામે આવી હતી. આ ગુનાઓમાં લોકોના ૨૨,૮૪૯ કરોડ રૂપિયા લુંટી લેવાયા હોવાની માહિતી સામે આવી હતી.

ઉલ્લેખનીય છે કે, મોટાભાગે હવે ઘણા બધા કામ મોબાઈલ ઉપર અને ઈન્ટરનેટ ઉપર કરી શકાય તેમ છે. તેના કારણે સાઈબર ગુનેગારો માત્ર કોઈપણ વ્યક્તિ દ્વારા ગફલત કરવામાં આવે તેની જ રાહ જોવામાં આવે છે. લોકો અજાણતા એકાદ ભુલ કરી બેસે અને તેમના ખાતા ખાલી કરી દેવાય છે. લોકો પાસે મોબાઈલના ઉપયોગોની પૂરતી સમજ નથી અને તેના કારણે તેઓ વધારે નુકસાન ભોગવી રહ્યા છે. લોકોને ડિજિટલ આર્થિક ઉપયોગો અંગે યોગ્ય રીતે જાગ્રત કરવાની વધારે જરૂર છે. સાઈબર ગુનેગારો દ્વારા લોકોને છેતરવા માટે વિવિધ પેંતરા અપનાવવામાં આવે છે. સ્થિતિ એટલી ગંભીર થઈ ગઈ છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા પણ સરકારોને ડિજિટલ ગુનાખોરી ડામવા માટે યોગ્ય પગલાં લેવાની તાકીદ કરવામાં આવી છે. સરકાર દ્વારા આ દિશામાં નક્કર કામ કરાતું હોય તેવું લાગતું નથી.

ઉલ્લેખનીય છે કે, એડવાન્સ ટેક્નોલોજી અને સરકારના કહેવાતા સબળ પ્રયાસ છતાં લોકો સાથે કરોડોના સાઈબર ફ્રોડ થાય છે. તેમના ખાતાઓ અને કાર્ડમાંથી લાખોની રકમની તફડંચી થઈ જાય છે. તેમની સાથે છેતરપિંડી થઈ જાય છે. ભારતમાં તો આ સ્થિતિ અંત્યત ખરાબ છે. ગત વર્ષે જુલાઈમાં જ સંસદના સત્ર દરમિયાન કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભારતમાં નાગરિકોના અંદાજે ૨૨,૯૦૦ કરોડ રૂપિયા સાઈબર ફ્રોડ દ્વારા પચાવી પાડવામાં આવ્યા છે. લોકો સાથે ૨૩ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી થાય અને સરકારને ખબર જ ન હોય કે કોણ કરે છે અને કોના દ્વારા થાય છે. જાણકારો માને છે કે, સરકારની આળસ, બેદરકારી અને લોકોના રક્ષણ પ્રત્યેના આંખ મિચામણાં જવાબદાર છે. કેન્દ્ર સરકાર અને બેન્કોની ઢીલી નીતિ અને લોકોને અંધારામાં રાખવાની જે ભાવના છે તેના કારણે જ લોકોને મોટું નુકસાન વેઠવું પડી રહ્યું છે. મહત્ત્વનું એ છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે સાઈબર ગુનાખોરીનું પણ સ્તર વધારી દીધું છે. એક સમય હતો જ્યારે સાઈબર ગુનેગારો ફિશિંગ માટે ઈમેલ અથવા મેસેજનો ઉપયોગ કરતા હતા. હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સે સાઈબર હુમલા અને ગુનાખોરીને અત્યંત ભયાનક બનાવી દીધા છે. નકલી માહિતી થકી નકલી મેસેજ, વોટ્સએપ ચેટ, સોશિયલ મીડિયા મેસેજ કે પોસ્ટ ઊભી કરીને છેતરપિંડી કરવામાં આવે છે. આ મેસેજની સાથે લિંક મોકલવામાં આવે છે જેને ઘણા લોકો સાચી સમજી લે છે અને સાઈબર ક્રાઈમનો ભોગ બને છે.

સાઈબર ગુનેગારો દ્વારા વિવિધ રસ્તે લોકો સાથે છેતરપિંડી કરવામાં આવે છે. ખાસ વાત એવી છે કે, એઆઈ દ્વારા માત્ર ક્લોનિંગ કે અન્ય રીતે છેતરપિંડી કરાય છે તેમ નથી. એઆઈની મદદથી ડેટા ચોરી અને પાસવર્ડ ચોરી પણ મોટાપાયે કરવામાં આવે છે. એઆઈ મોટા જથ્થામાં રહેલા ડેટાને સરળતાથી સમજી શકે છે અને તેના ઉપર પ્રોસેસ કરી શકે છે. તે પાસવર્ડના નંબર, આલ્ફાબેટ્સ અને પાસવર્ડ પેટર્ન પણ સમજી શકે છે અને તેને યાદ રાખઈ શકે છે. તેના કારણે જ પાસવર્ડ ગેસિંગ ખૂબ જ ઝડપી અને સરળ થઈ જાય છે. સાઈબર ગુનેકારો એઆઈ દ્વારા પાસવર્ડ તોડવા માટે એઆઈનો ઉપયોગ કરવા લાગ્યા છે. તેના કારણે જ પારંપરિક પાસવર્ડ એઆઈ સામે ખૂબ જ નબળા સાબિત થઈ રહ્યા છે.

બીજી તરફ ચિંતાજનક બાબત એવી પણ વધી છે કે, હવે એઆઈની મદદથી વધારે મજબૂત અને આકરા માલવેર બનાવાઈ રહ્યા છે. સાઈબર ગુનેગારો સ્માર્ટ માલવેર બનાવવા લાગ્યા છે જે જાતે જ સ્થિતિ પ્રમાણે શીખીને સિક્યોરિટી સિસ્ટમને તોડી કાઢે છે અથવા તો તેને છેતરીને ડેટા ચોરી લે છે. તે સિક્યોરિટી સિસ્ટમ પ્રમાણે પોતાની રણનીતિ બદલે છે અને સ્થિતિ પ્રમાણે કામ કરે છે. આવા એડવાન્સ માલવેર ઓળખવા અને તેને અટકાવવાનું કામ સામાન્ય એન્ટિવાઈરસ સિસ્ટમ દ્વારા થઈ શકે તેમ નથી. તેના માટે એડવાન્સ લેવલની સિસ્ટમ જરૂરી છે. આ ઉપરાંત એઆઈ દ્વારા ઓપરેટ કરવામાં આવતા બોટ્સ પણ હજારો સિસ્ટમને એકસાથે ટાર્ગેટ કરી શકે છે.

આવા બોટ્સ દ્વારા ડિજિટલ ટ્રાફિકમાં તોતિંગ વધારો કરી શકાય છે અને તેને અટકાવી પણ શકાય છે આવી ઉથલ પાથલ સર્વર પામી શકતું નથી અને સિસ્ટમ ક્રેશ થઈ જાય છે. આ બધું જ એટલી ઝડપથી થાય છે સિક્યોરિટી સિસ્ટમને પ્રતિક્રિયા આપવાનો સમય જ મળતો નથી. ત્યારબાદ સિસ્ટમ સિસ્ટોર કરવા માટે હેકર્સ મોટાપાયે ખંડણીની માગણી કરતા હોય છે.

સરકારી આંકડા ઉપર નજર કરીએ તો ૨૦૨૪માં લોકો સાથે આર્થિક ગોટાળાના સાઈબર ગુનામાં અધધ વધારો થયો છે. ગત વર્ષે લોકો સાથે સાઈબર ઈકોનોમિક ફ્રોડની ૩૬,૩૭,૨૮૮ ઓફિશિયલ ફરિયાદો આવી છે. તેમાં લોકોના અંદાજે ૨૩,૦૦૦ કરોડ રૂપિયા સલવાઈ ગયા. તેની પહેલાં ૨૦૨૩માં ૧૫,૯૬,૪૯૩ ફરિયાદો નોંધાઈ હતી. આ ઉપરાંત ૨૦૨૨માં ૧૦,૨૯,૦૨૬ ફરિયાદો નોંધવામાં આવી હતી. છેલ્લાં ત્રણ વર્ષથી આ ફરિયાદોમાં અને ઘટનાઓમાં ૫૫ ટકાથી વધુનો વધારો થયો છે. આ આંકડા ચિંતા જન્માવે તેવા છે પણ સરકારના પેટનું પાણીય હાલતું નથી. સેવાઓ અને સુરક્ષાઓના નામે નવા નવા ગતકડાં કરવામાં આવે છે પણ કોઈ ધાર્યું પરિણામ મળતું નથી.

સામાન્ય વિચાર કરીએ તો છેલ્લાં પાંચ વર્ષમાં અંદાજે ૮૫ લાખથી વધારે સાઈબર ફ્રોડની અધિકારીક ફરિયાદો નોંધાઈ છે. તેની સામે સરકારે તપાસ શરૂ કરી અને તેને ડામવાના પ્રયાસ કર્યા તેની સરેરાશ જોઈએ તો સાવ નહીવત કહેવાય તેમ છે. પાંચ વર્ષમાં ૧૮ લાખ ફરિયાદોમાં સરકારે કામ કર્યું અને અંદાજે ૫૫૦૦ કરોડની રકમનું ફ્રોડ થતું અટકાવ્યું. પાંચ વર્ષમાં માત્ર ૫૫૦૦ કરોડનું ફ્રોડ અટકાવ્યું અને ૨૦૨૪માં જ ૨૩,૦૦૦ કરોડનું ફ્રોડ થઈ ગયું તેનો કોઈ હિસાબ આપવા કે તેના વિશે જવાબ આપવા જ કોઈ તૈયાર નથી. ગત વર્ષે પણ અંદાજે ૨૦ હજાર કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ ગઈ.

## તંત્રી લેખ

# એક સમયના દોસ્ત ઈરાન-ઈઝરાયલ આજે એકબીજાને ખતમ કરવા મથે છે

ઈઝરાયલ-ઈરાન વચ્ચેનું યુદ્ધ વિનાશક રાહ પર આગળ વધી રહ્યું છે. તેમને પાછા વાળી શકાય એમ નથી. હજારો માણસોની ખુવારી થવાનો ભય સતાવી રહ્યો છે. એક સમયે ઈઝરાયલ અને ઈરાન મિત્ર રાષ્ટ્રો હતા. ઈરાનમાં શાસન બદલાતાં નવા શાસકોને ઈરાન દુશ્મન લાગવા માંડયું હતું. ઈરાન પાસે અણુ બોંબ બનાવવા માટે જરૂરી એવું સમૃધ્ધ યુરેનિયમ છે, જે તેલ એવિવને જોખમકારક લાગે છે. ભૂતકાળ પર નજર કરીએ તો ૧૯૪૮માં જ્યારે સ્ટેટ ઓફ ઈઝરાયલની જાહેરાત થઈ ત્યારે મુસ્લિમ શાસન ધરાવતા મોટા ભાગના દેશોએ તેને માન્યતા નહોતી આપી, પણ શિયા બહુમતી વાળા ઈરાને તેને માન્યતા આપી હતી. શાહ મોહમ્મદ રેઝા પહેલવીના શાસન કાળમાં ઈરાન પશ્ચિમના દેશો તરફ, ખાસ કરીને અમેરિકા તરફ ઢળેલું હતું. ઈઝરાયલ અમેરિકાના ટેકા પર આધારિત હોવાથી તે પણ ઈરાનને પોતાનો મિત્ર દેશ ગણતું હતું.

૧૯૫૦-૬૦ના દાયકાલ દરમિયાન ઈઝરાયલે બિન-આરબ દેશોનું જોડાણ ઊભું કરવાનો પ્રયાસ કર્યો હતો. તૂર્કી અને ઈથોપિયા તેમાં જોડાયા હતા. ૧૯૫૮માં ઈરાન, તૂર્કી અને ઈઝરાયલે ટ્રાઈડેન્ટ (ત્રિશુળ) કરાર કર્યા હતા. જેમાં શસ્ત્રોના સોદા, ગુપ્ત માહિતીની આપલે અને આર્થિક સહકારનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

એક સમયે આ બન્ને દેશો વચ્ચે એવા સંબંધો હતા કે ઈઝરાયલ ઈરાનને લશ્કરી બાબતોમાં ટેકનિકલ સપોર્ટ પુરું પાડતું હતું. આર્થિક ક્ષેત્રે પણ ઈરાન-ઈઝરાયલના સંબંધો બહુ મહત્ત્વના સાબિત થયા હતા. ૧૯૬૭માં જ્યારે કેટલાક આરબ દેશોએ ઈઝરાયલનો બોયકોટ કરીને ઓઈલ આપવાનું બંધ કરેલું ત્યારે ઈરાને તેને ઓઈલ પુરૃં પાડયું હતું. તેની સામે ઈઝરાયલે ઈરાનને આધુનિક કૃષિ ટેકનોલોજી પૂરી પાડી હતી. સમગ્ર ઈરાનમાં ઈઝરાયલી ટેકોનોલોજીથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનાં કામો થતાં હતાં. તૂર્કિસ્તાન અને ઈથિયોપિયા સાથે ઈઝરાયલે ધીરે ધીરે રાજદ્વારી સંબંધો વિકસાવ્યા હતા. ૧૯૬૦-૭૦ના દાયકામાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે આર્થિક અને સલામતીના મુદ્દે ભાઈચારો જોવા મળતો હતો. ઈઝરાયલમાં ઓઈલ સપ્લાય કરવામાં ઈરાન મોખરે રહેતું હતું. ૧૯૭૫માં ઈઝરાયલની કુલ માંગના ૭૦ ટકા ઓઈલ ઈરાનથી આવતું હતું. તે વખતે ઈઝરાયલ ઈરાનને શસ્ત્રો પણ વેચતું હતું, જેના કારણે ઈઝરાયલની સરંક્ષણ ઉત્પાદનોની ક્ષમતા વધી હતી. ઈરાકમાંના કુરદીશ અલગતાવાદીઓને ઠેકાણે પાડવામાં ઈઝરાયલે ઈરાકને મદદ કરી હતી. ૧૯૭૯ સુધી બંને દેશ વચ્ચેના ભાઈચારાથી વિશ્વ માહિતગાર હતું. ૧૯૭૯માં ઈરાન રિવોલ્યુશનના પગલે નવા શાસક આયાતોલ્લાહ રૂહોલ્લાહ ખોમૈની આવતાં ઈઝરાયલ સાથેના દ્વિપક્ષીય સંબંધોમાં તિરાડ પડી હતી. ઈરાનના નવા શાસકો ઈઝરાયલને નફરત કરવા લાગ્યા હતા અને તેને દેશ તરીકે કે પાડોશી તરીકે સ્વીકારવા તૈયાર નહોતા. ઈરાનના નવા શાસકો પેલેસ્ટાઈનની વધુ તરફેણ કરતા હતા. ઈરાને આખરે ઈઝરાયલ સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા હતા, જેના કારણે તેમની વચ્ચે વેરઝેર ઉભા થયા હતા.૧૯૮૦-૧૯૯૦ના દાયકામાં ઈરાન હઝબુલ્લાહ, હમાસ જેવા ત્રાસવાદી સંગઠનનોની પીઠ થાબડતું હતું. તેમને ટ્રેનિંગ, ફંડીંગ ઉપરાંત શસ્ત્રો પૂરાં પાડતું હતું. ક્રમશઃ ઈરાન માનવા લાગ્યું હતું કે ઈઝરાયલ તેનું સૌથી મોટું દુશ્મન છે. ત્યારબાદ થોડો સમય તેમની વચ્ચે આંશિક સુમેળ રહ્યો હતો, પરંતુ ૧૯૯૦માં ઈરાનના અણુ બોંબ બનાવવાના પ્રોગ્રામના કારણે તેમના સંબંધો સાવ ખાડે પહોંચી ગયા હતા અને પછી બંને કટ્ટર દુશ્મન બની ગયા હતા. ઈઝરાયલે એક તબક્કે ઈરાનની અણુક્ષમતાની સામે ઓપરેશન રાઈઝીંગ લાયન શરૂ કર્યું હતું. તેનો મુખ્ય આશય પોતાના અસ્તિત્વ સામે ઊભા થયેલા અણુ ખતરાનો સામનો કરવાનો હતો. બે દાયકા સુધી ઈઝરાયલ અવઢવમાં રહ્યું હતું. અંતે ઈઝરાયલે મહત્ત્વનો નિર્ણય લીધો અને ઈરાનના અણુબોંબ બનાવતાં સેન્ટરો તેમજ બેલેસ્ટિક મિસાઈલ બનાવતી ફેકટરી પર હુમલો કર્યો હતો. ઈરાન અણુ બોંબ બનાવતું બંધ થાય તે માટેનો આ પ્રયાસ હતો.

**ઈરાન કે જે યુદ્ધનો સૌથી મોટો ભાગ છે ત્યાં પણ 10,000થી વધારે ભારતીયો અટવાયા છે. તેમાંથી અડધા તો ભારતીય વિદ્યાર્થીઓ છે. તેઓ પોતાના અભ્યાસ અને ભવિષ્ય અંગે પણ અવઢવની સ્થિતિમાં છે. જાણકારો માને છે કે, તેમણે નીકળવામાં વિલંબ કર્યો હોવાથી હવે ફસાઈ ગયા છે. હવે એર સ્પેસ પણ બંધ થઈ ગઈ છે જેથી તેઓ હાલમાં બીજે ક્યાંય જઈ શકે તેવી પણ સ્થિતિ નથી : ખાડી દેશોમાં લાખોની સંખ્યામાં મજૂરો, કામદારો, પ્રોફેશનલ્સ અને નર્સ તથા તેમના પરિવારો પણ રહે છે. એક તરફ તેમને જીવ બચાવવાનું જોખમ છે, બીજી તરફ કામ-ધંધા ઠપ થઈ જાય થેવી પણ સ્થિતિ છે. આ સંજોગોમાં યુદ્ધ જેટલું લાબું ચાલશે તેટલી તેમને રોજી-રોટી માટે વધારે મુશ્કેલી થવાની છે**

# ખાડી દેશોમાં અભ્યાસ, રોજગારી માટે ગયેલા ભારતીયો અટવાઈ ગયા

## યુએઈમાં 35 ટકા વસતી ભારતીયો પર સૌથી વધુ જોખમ, યુદ્ધના કારણે કામ-ધંધા પણ બંધ થતાં મુશ્કેલીમાં વધી

ઈરાન કે જે યુદ્ધનો સૌથી મોટો ભાગ છે ત્યાં પણ 10,000થી વધારે ભારતીયો અટવાયા છે. તેમાંથી અડધા તો ભારતીય વિદ્યાર્થીઓ છે. તેઓ પોતાના અભ્યાસ અને ભવિષ્ય અંગે પણ અવઢવની સ્થિતિમાં છે. જાણકારો માને છે કે, તેમણે નીકળવામાં વિલંબ કર્યો હોવાથી હવે ફસાઈ ગયા છે. હવે એર સ્પેસ પણ બંધ થઈ ગઈ છે જેથી તેઓ હાલમાં બીજે ક્યાંય જઈ શકે તેવી પણ સ્થિતિ નથી : ખાડી દેશોમાં લાખોની સંખ્યામાં મજૂરો, કામદારો, પ્રોફેશનલ્સ અને નર્સ તથા તેમના પરિવારો પણ રહે છે. એક તરફ તેમને જીવ બચાવવાનું જોખમ છે, બીજી તરફ કામ-ધંધા ઠપ થઈ જાય થેવી પણ સ્થિતિ છે. આ સંજોગોમાં યુદ્ધ જેટલું લાબું ચાલશે તેટલી તેમને રોજી-રોટી માટે વધારે મુશ્કેલી થવાની છે : આ દેશોમાં ૭૦ લાખથી વધારે મજૂરો, કામદારો અને પ્રોફેશનલ્સ છે જેઓ અબજો ડોલર ભારત મોકલાવે છે. તેમની મહેનતને કારણે જ કરોડો ભારતીય પરિવારો ટકેલા છે. તેમના કારણે જ વતન અને વતનમાં વસતા તેમના પરિવારોને લાભ થાય છે. આ સંજોગોમાં તેમને સુરક્ષિત પરત લાવવા વિદેશ મંત્રાલયની સૌથી મોટી જવાબદારી બની જાય છે.

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચ ચાલી રહેલા યુદ્ધના કારણે ખાડી દેશોમાં અને મધ્યપૂર્વના તમામ દેશોમાં સ્થિતિ વણસેલી છે. હવાઈ સેવાઓ બંધ છે, વિવિધ દેશોએ પોતાની એર સ્પેસ બંધ કરી દીધી છે, લોકોને બંકરો નીચે રહેવા મજબુર થવું પડયું છે, નોકરી-ધંધા અટવાઈ ગયા છે. આ બધા વચ્ચે અહેવાલ આવ્યા છે કે, અંદાજે ૧ કરોડ જેટલા ભારતીયો વિવિધ ખાડી દેશોમાં અટવાયેલા છે. તેમની સામે મોતનું તાંડવ ચાલી રહ્યું છે. તેઓ જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. હાલમાં દુબઈના અત્યંત આધુનિક એરપોર્ટ હોય કે પછી કુવૈતના તેલના કુવા કે પછી તેમની રેસિડેન્સ સાઈટ હોય અથવા તો એમ કહીએ કે ઈઝરાયેલની કન્સ્ટ્રક્શન સાઈટ હોય ત્યાં રહેલા દરેક ભારતીયના મનમાં એક જ સવાલ અને શંકા છે કે, અમે સુરક્ષિત રીતે દેશમાં પાછા ફરી શકીશું કે નહીં.

ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ૪૮ કલાક દરમિયાન ખાડી દેશોમાં જે થયું તેના ઉપર નજર નાખીએ તો ખ્યાલ આવશે કે અહીંયા મોતનું તાંડવ ચાલી રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાનના હજારો ઠેકાણાઓ ઉપર મિસાઈલ મારો કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ ઈરાને પણ જવાબી હુમલા શરૂ કરી દીધા છે. ઈરાને હવાઈ હુમલા શરૂ કરતાં મોટાભાગના ખાડી દેશોની એરસ્પેસ બંધ કરવામાં આવી. આમ જોવા જઈએ તો આ દેશોને એરસ્પેસ બંધ કરવાની ફરજ પડી. તેના કારણે હજારો ફ્લાઈટ રદ થઈ ગઈ. દુબઈ, દોહા અને તેલ અવીવ જેવા એરપોર્ટ ઉપર લાખો ભારતીયો ફસાયેલા છે. ભારતના વિદેશ મંત્રાલયે કતાર, યુએઈ, ઈઝરાયેલ, ઈરાનમાં આવેલા દૂતાવાસોને અત્યંત સાવધાની રાખવા અને લોકોના જીવ બચાવવા તમામ પ્રયાસ કરવા અને તકેદારી રાખવા આદેશ આપ્યા છે. અધિકારીઓને પણ જરૂર ન હોય તો દૂતાવાસની બહાર ન જવું, સતત ત્યાં રહેલા ભારતીયોના સંપર્કમાં રહેવું, અટવાયેલા ભારતીયોને કોઈપણ રીતે મદદ પહોંચાડવી અને અન્ય આદેશો આપવામાં આવેલા છે.

મધ્યપૂર્વના દેશો કે ખાડી દેશોમાં ફસાયેલા લોકોનો આંકડો ૧ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. હાલમાં અધિકારીક રીતે ૯૫ લાખની આસપાસ તો લોકો અટવાયા હોવાના અહેવાલો આવી રહ્યા છે. આ તમામ લોકામાંથી સૌથી વધારે લોકો સંયુક્ત આરબ અમીરાત એટલે કે યુએઈમાં અટવાયા છે. યુએઈની વાત કરીએ તો દુબઈ અને અબુધાબી સહિત કુલ ૪૩ લાખ ભારતીયો ત્યાં છે. હાલમાં દુબઈ અને અબુધાબીની હાલત અત્યંત ખરાબ છે. અહીંયા હવાઈ યાત્રાઓ સંપૂર્ણ બંધ છે તેના



કારણે અહીંયા રહેતા ભારતીયો અને ત્યાં ફરવા ગયેલા ભારતીયો પણ સંપૂર્ણ રીતે એરપોર્ટ ઉપર ફસાઈ ગયા છે. તેઓ ઘરે જઈ શકતા નથી અને આગળ પણ ક્યાંય જઈ શકતા નથી. સ્થાનિક લોકોને પણ કેવી રીતે બચવું અથવા તો વતન જવું તેની સમજ પડતી નથી. ત્યારબાદ સાઉદી અરબનો વારો આવે છે. અહીંયા ૨૭ લાખ ભારતીયો છે. અહીંયા લાખોની સંખ્યામાં મજૂરો અને નર્સ તથા તેમના પરિવારો પણ રહે છે. યુદ્ધ જેમ જેમ ખેંચાતું જાય છે તેમ તેમ આ લોકોની સ્થિતિ વધારે ખરાબ થતી જાય છે. એક તરફ તેમને જીવ બચાવવાનું જોખમ છે, બીજી તરફ કામ-ધંધા ઠપ થઈ જાય થેવી પણ સ્થિતિ છે. આ સંજોગોમાં યુદ્ધ જેટલું લાબું ચાલશે તેટલી તેમને રોજી-રોટી માટે વધારે મુશ્કેલી થવાની છે. આ ઉપરાંત ઈઝરાયેલમાં પણ ભારતીયો અટવાયેલા છે. અહીંયા પણ નર્સ, મેડિકલ ફિલ્ડમાં કામ કરતા લોકો અને કન્સ્ટ્રક્શનમાં કામ કરતા લોકો અટવાયા છે. તેમની સંખ્યા અંદાજે ૨૦ હજારની આસપાસ છે. હાલમાં તેમને બંકરોની પાસે રહેવાના આદેશ આપવામાં આવ્યા છે. સાઈરન વાગે ત્યારે બંકરોમાં અંદર જતા રહેવાના પણ આદેશ છે. હાલમાં ઈઝરાયેલમાં પણ હવાઈ સેવાઓ બંધ હોવાથી આ લોકો ભારત પરત આવી શકે તે સ્થિતિમાં નથી. બીજી તરફ ઈઝરાયેલ યુદ્ધમાં સક્રિય હોવાથી આ લોકોના જીવ પણ જોખમમાં છે. ભારતીયો જ્યાં જ્યાં ફસાયા છે ત્યાં કુવૈત અને કતારનું પણ નામ આવે છે. અહીંયા ૨૦ લાખ જેટલા ભારતીયો અટવાયા છે. ચિંતાજનક બાબત એ છે કે, અહીંયાની સરકારો દ્વારા તમામ લોકોને હાઈ એલર્ટ ઉપર રહેવાના આદેશ આપ્યા છે. તેઓને સાવધાન રહેવા અને કોઈપણ સ્થિતિ માટે સજ્જ રહેવા કહેવાયું છે. અહીંયા પણ ઈરાન દ્વારા વ્યાપક હુમલા થઈ શકે તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. અહીંયા લોકોના જીવ વધારે જોખમમાં હોવાના પણ અહેવાલો છે. આ સિવાય ઈરાન કે જે યુદ્ધનો સૌથી મોટો ભાગ છે ત્યાં પણ ૧૦,૦૦૦થી વધારે ભારતીયો અટવાયા છે. તેમાંથી અડધા તો ભારતીય વિદ્યાર્થીઓ છે. તેઓ પોતાના અભ્યાસ અને ભવિષ્ય અંગે પણ અવઢવની સ્થિતિમાં છે. ભારત સરકારે તેમને સ્થિતિ બગડે તે પહેલાં દેશ છોડવાની ચેતવણી આપી હતી. જાણકારો માને છે કે, લોકોએ નીકળવામાં વિલંબ કર્યો હોવાથી હવે ફસાઈ ગયા છે. હવે એર સ્પેસ પણ બંધ થઈ ગઈ છે જેથી તેઓ હાલમાં બીજે ક્યાંય જઈ શકે તેવી પણ સ્થિતિ નથી.

મહત્ત્વની વાત એ છે કે, સામાન્ય માણસો, વિદ્યાર્થીઓ તો આ દેશોમાં અટવાયા જ છે પણ સાથે સાથે ભારતના ઘણા જાણીતા લોકો, સેલેબ્સ અને દિગ્ગજો પણ આ દેશોમાં અટવાઈ ગયા છે. ઘણા જાણીતા લોકોએ સોશિયલ મીડિયા થકી પીએમ મોદીને મદદ કરવા અને સુરક્ષિત પરત લાવવા અપીલર કરી છે. બે વખતની ઓલિમ્પિક મેડાલિસ્ટ અને બેટમિન્ટન સ્ટાર પી.વી. સિંધુ ઓપલ ઈંગ્લેન્ડ ઓપન રમવા માટે બ્રિટન જઈ રહી હતી. આ દરમિયાન તેનું ચેન્જઓવર દુબઈ ખાતે હતું. તે દુબઈ પહોંચી અને એર સ્પેસ બંધ થઈ ગઈ. તે એરપોર્ટ ઉપર ફસાઈ ગઈ છે. તેણે સોશિયલ મીડિયા ઉપર લખ્યું હતું કે, અહીંયા આકાશમાં મિસાઈલો ટકરાવાના અવાજો આવે છે. અહીંયા અત્યંત ભયાવહ સ્થિતિ છે. લોકોના જીવ જોખમમાં છે.

આ ઉપરાંત બોલિવૂડની અભિનેત્રી સોનલ ચૌહાણ પણ દુબઈમાં ફસાઈ છે. તેણે પણ ઈન્સ્ટાગ્રામ ઉપર ભારત સરકારને મદદ કરવાની અપીલ કરી હતી. આ સિવાય કોલિવૂડ સુપરસ્ટાર અને રેસર અજીત કુમાર પણ રેસિંગ માટે અબુધાબી ગયા હતા. એર સ્પેસ બંધ થઈ જવાના કારણે તેઓ પણ ત્યાં અટવાઈ ગયા છે. તેઓ હાલમાં સુરક્ષિત છે અને મદદની રાહ જોઈ રહ્યા છે. તે સિવાય બંગાળી અભિનેત્રી શુભશ્રી ગાંગુલી પણ પોતાના દીકરા સાથે વેકેશન માણવા દુબઈ ગઈ હતી. તે પણ ત્યાં અટવાઈ ગઈ છે. તેની હોટેલ પાસે જ મોટા ધડાકા સંભળાયા હતા. તેના પગલે તેના પતિ અને બંગાળના ધારાસભ્ય રાજ ચક્રવર્તીએ ચિંતા વ્યક્ત કરી હતી. અભિનેત્રી ઈશા ગુપ્તાએ પણ અબુધાબીથી સોશિયલ મીડિયા ઉપર લખ્યું હતું કે, અહીંયા અત્યંત ભયાનક સ્થિતિ છે. સરકારે તાકીદે મદદ કરીને ભારતીયોને બચાવવા જોઈએ. જાણકારોના મતે હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા તમામ સ્તરે ઈઝરાયેલ, ઈરાન, સાઉદી, યુએઈ, કુવૈત, કતાર અને અન્ય દેશો સાથે વાટાઘાટો કરવામાં આવી રહી છે. સૂત્રોના મતે લોકોને ત્યાંથી કાઢવા માટે સરકાર પ્લાન બનાવી રહી છે. જેમ ગત વર્ષે જૂનમાં ઓપરેશન સિંધુ-૨ હાથ ધરવામાં આવ્યું હતું તેવી જ રીતે આ વખતે પણ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

હાલમાં તમામ દેશોમાં ભારતીયોની મદદ માટે હેલ્પલાઈન નંબરો શરૂ કરી દેવાયા છે. વિદેશ મંત્રી અને મંત્રાલયના તમામ અધિકારીઓ વિદેશોમાં નેતાઓના અને દૂતાવાસના સંપર્કમાં છે. ભારતીયોને નુકસાન પહોંચે નહીં અને તેમને સુરક્ષિત પરત લાવી શકાય તે માટે કામગીરી કરવામાં આવી રહી છે. બીજી તરફ યુએઈ અને કતાર દ્વારા કહેવામાં આવ્યું છે કે, પ્રવાસી નાગરિકોની સુરક્ષા તેમની પહેલી જવાબદારી છે. દરેક પ્રવાસી નાગરિકની સુરક્ષાને પ્રાધાન્ય આપવામાં આવશે. યુદ્ધની સ્થિતિમાં અનિચ્છનિય ઘટના બને તો તેને અટકાવી શકાય તેમ નથી. તેમ છતાં સુરક્ષાની તમામ ખાતરી કરવામાં આવી રહી છે. બીજી તરફ ઈઝરાયેલ દ્વારા પણ પોતાના હોમ ફ્રન્ટ કમાન્ડને આદેશ આપવામાં આવ્યો છે કે, ભારતીયોને બંકરો અને સુરક્ષિત સ્થાનેની ઓળખ કરાવે અને ત્યાં કેવી રીતે જવું કે રહેવું તેની સમજ આપે અને વ્યવસ્થાનું નિરિક્ષણ કરતા રહે. જાણકારોના મતે ફરી એક વખત ભારતીય વિદેશ નીતિની અગ્નિપરીક્ષા થઈ રહી છે. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન ત્રણેય સાથે ભારતના સંબંધો અલગ અલગ છે. હવે આ ત્રણેય દેશો યુદ્ધમાં જોડાયા છે અને તેની અસર અન્ય મધ્યપૂર્વના ખાડી દેશો ઉપર પડી છે. તેની સાથે પણ ભારતના સંબંધો અલગ છે.

આ સંજોગોમાં વિદેશ મંત્રાલયે લોકોના જીવ બચાવવા નક્કર આયોજન કરવા જ પડશે. મહત્ત્વની વાત એ છે કે, આ દેશોમાં ૯૦ લાખથી વધારે મજૂરો, કામદારો અને પ્રોફેશનલ્સ છે જેઓ અબજો ડોલર ભારત મોકલાવે છે. તેમની મહેનતને કારણે જ કરોડો ભારતીય પરિવારો ટકેલા છે. તેમના કારણે જ વતન અને વતનમાં વસતા તેમના પરિવારોને લાભ થાય છે. આ સંજોગોમાં તેમને સુરક્ષિત પરત લાવવા વિદેશ મંત્રાલયની સૌથી મોટી જવાબદારી બની જાય છે.

# તામીલનાડુમાં કોંગ્રેસ - ડીએમકે વચ્ચે ગઠબંધન માટે ચર્ચા શરૂ

તામીલનાડુમાં આવી રહેલી આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ અને ડીએમકેએ તૈયારી શરૂ કરી દીધી છે. બંને પક્ષો વચ્ચે બેઠકની વહેંચણી બાબતે ચર્ચા થઈ રહી છે. બેઠકોની વહેંચણી બાબતે કોંગ્રેસ અને ડીએમકે વચ્ચે કેટલાક ભેદભાવ છે. સીટ શેરીંગ ફોર્મ્યુલા બાબતે ફરીથી વાતચીત શરૂ થશે. ગઠબંધનના ભવિષ્ય બાબતે કેટલાક દિવસોથી થઈ રહેલી અટકળો બાબતે હવે ડીએમકે - કોંગ્રેસ બેઠક વહેંચણીની ફોર્મ્યુલા નક્કી કરશે. પહેલી બેઠક ચેન્નઈમાં ડીએમકેની ઓફિસ અન્ના અરીવાલયમમાં થશે. છેલ્લી વિધાનસભાની ચૂંટણી કરતા કોંગ્રેસ વધુ બેઠકો માંગે છે. ડીએમકે આ બાબતે તૈયાર નથી. છેલ્લી ચૂંટણીમાં ડીએમકેએ ૧૪૩ બેઠકો પર ચૂંટણી લડી હતી જેમાંથી ૧૩૩ બેઠકો પર એને જીત મળી હતી. કોંગ્રેસનું કહેવું છે કે હવે ડીએમકે જે ૪૦ બેઠકો પર હારી ગઈ હતી એમાંથી ૧૫ બેઠકો કોંગ્રેસને આપવી જોઈએ. જોકે હમણા તો ડીએમકે કોંગ્રેસની આ માંગણી સ્વિકારવા તૈયાર નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા ઈઝરાયલ પ્રવાસથી કોંગ્રેસની નારાજગી ઘટતી નથી. પક્ષના કહેવા પ્રમાણે વડાપ્રધાનનો આ પ્રવાસ શરમજનક છે અને ખોટા સમયે કરવામાં આવ્યો છે. કોંગ્રેસના કહેવા પ્રમાણે આ પ્રવાસ ભારતની ઈમેજ ખરાબ કરે છે અને તટસ્થ રહેવાની નીતિ પ્રત્યે શંકા ઉભી કરે છે. કોંગ્રેસના વિદેશ બાબતોના પ્રમુખ સલમાન ખુર્શીદે એક નિવેદન આપ્યું છે. ખુર્શીદે કહ્યું છે કે, ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીએ પશ્ચિમ એશિયામા તણાવ વધી રહ્યો હતો અને સંઘર્ષની શરૂઆત પણ થઈ ગઈ હતી. આવા સમયે વડાપ્રધાનનો ઈઝરાયલ પ્રવાસ ચિંતાજનક છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે કે, ઈઝરાયેલ કરેલા શરૂઆતી હુમલા પછી એમનો દેશે પણ



ઈરાનમાં સૈન્ય અભિયાન શરૂ કર્યું છે. મોદીના પ્રવાસને કારણે એવી ઈમેજ પ્રસ્થાપિત થાય છે કે આપણો દેશ વગર ઉશ્કેરાટે આક્રમણની કાર્યવાહીને ટેકો આપી રહ્યો છે.

થોડા સમય પહેલા મુંબઈ - પૂણે એક્સપ્રેસવે પર એક ટેન્કરને અકસ્માત થતા ૩૬ કલાક સુધી ટ્રાફીક જામ રહ્યો હતો. રસ્તામાંથી ટેન્કરને હટાવવા માટેનું કોઈ આયોજન હતું નહીં. ટ્રાફીક જામમાં ફસાયેલા વાહનો માટે વૈકલ્પિક રસ્તાનું આયોજન પણ નહોતું. પ્રવાસીઓએ ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. હવે સરકાર ઉંઘમાંથી જાગી છે. સરકારે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (ઓસઓપી) તૈયાર કરવાની શરૂઆત કરી છે. ઈમર્જન્સી વખતે તંત્ર મજબૂત કરવા માટે પણ આદેશ આપવામાં આવ્યા છે. હાઈવે પરથી હેઝર્ડસ મટીરીયલ રીસપોન્સ યુનિટની સ્થાપના કરવામાં આવશે. ફાયર ફાઈટીંગ સીસ્ટમનને મજબૂત કરવામાં આવશે. ખાસ કરીને ટનલ વિસ્તારોમાં ફોમ, પાણી અને અન્ય ફાયર ફાઈટીંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

આગામી રાજ્યસભાની ચૂંટણી માટે ઓડિશામાં રાજકીય ગતિવિધિ તેજ થઈ ગઈ છે. કોંગ્રેસે ચોથી બેઠક માટે સંભવીત હોર્સ ટ્રેડીંગ એટલે કે ધારાસભ્યોની લે-વેચની શંકા જાહેર કરી છે. કોંગ્રેસના કહેવા પ્રમાણે આ બેઠક ન તો ભાજપ કે ન તો વિપક્ષ બીજેડીને મળી શકે એટલી સંખ્યા છે. રાજ્યસભાની ચાર બેઠકોમાંથી ભાજપની બે બેઠકો પર અને બીજેડીની ૧ બેઠક પર જીત નક્કી છે જોકે ચોથી બેઠક જીતવા માટે તમામ રાજકીય પક્ષો આયોજન કરી રહ્યા છે. ઓડિશા પ્રદેશ કોંગ્રેસ કમીટીના પ્રમુખ ભકતા ચરણદાસએ કહ્યું છે કે, 'રાજકારણમાં હોર્સ ટ્રેડીંગ રોકવું જરૂરી છે. રાજ્ય સભાની ચૂંટણીમાં કોઈ પ્રકારની લે-વેચ થવી જોઈએ નહીં.' રાજ્યમાં ભાજપ સત્તા પર હોવાથી એવો દાવો કરે છે કે ચોથી બેઠક પણ એજ જીતશે.

સુપ્રિમ કોર્ટના જસ્ટીસ બીવી નાગરત્નાએ મીડિયાની સ્વતંત્રતા માટે એક અતિ અગત્યની વાત કરી છે. એમણે કહ્યું છે કે મીડિયા કોઈપણ રીતે ડર, દબાવ કે પ્રભાવમાં રહીને પોતાની જવાબદારી નીભાવી શકે નહીં. એમના કહેવા પ્રમાણે પ્રેસની સ્વતંત્રતા માટે સૌથી વધુ જોખમ સીધી સેન્સરશીપ નહીં, પરંતુ નિયમો અને લાયસેસીંગ સીસ્ટમ તેમજ આર્થિક નીતિઓ છે. પ્રેસને કાબુમાં રાખવાના પ્રયાસો પાછળ ફક્ત આર્થિક જ નહીં, પરંતુ રાજકીય કારણો પણ હોઈ શકે છે. કોઈપણ મીડિયા સરકારની ટીકા કરવા માટે સ્વતંત્ર હોવું જોઈએ. જોકે આર્થિક દબાણ એવું વાતાવરણ ઉભુ કરે છે કે ટીકા કરવી મુશ્કેલ થઈ જાય છે. ભારતમાં પ્રેસની સ્વતંત્રતા માટે બંધારણ ખૂબ અગત્યનું છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએઆગામી ચૂંટણી પહેલા મહિલાઓની સુરક્ષા મજબૂત કરવાપર ભાર મૂક્યો છે. એમણે બે અગત્યની જાહેરાતો કરી છે. મુખ્યમંત્રીએ સોશ્યલ મીડિયા એક્સ પર પોસ્ટ મુકીને જણાવ્યું છે કે શહેરના મુખ્ય સ્થળોએ ઓલ વુમન પિંક બુથ સ્થાપિત કરવામાં આવશે. આ બુથ સાંજથી લઈને અરધી રાત સુધી ચાલુ રહેશે. આ બુથો પર હાજર મહિલા પોલીસ કર્મચારી મહિલાઓને સહાય કરવા અને એમની ફરિયાદ નિપટાવવા માટે તરત કાર્યવાહી કરશે. આ પિંક બુથો દ્વારા શહેરની મહિલાઓ જરૂર પડે ત્યારે સીધા મહિલા અધિકારીઓનો સંપર્ક કરી શકશે. આ સિવાય મુખ્યમંત્રીએ 'સાઈનીંગ' નામથી ઓલ વુમન મોબાઈલ પેટ્રોલિંગ ટીમો બનાવવાની જાહેરાત કરી છે. આ ટીમ રાત્રે ૮ વાગ્યાથી સવારે બે વાગ્યા સુધી શહેરના મુખ્ય રસ્તાઓ પર ફરતી રહેશે. કામ કરતી મહિલાઓ આ ટીમનો ઉપયોગ રાત્રે કરી શકશે. થોડા સમય પહેલા મુંબઈ - પૂણે એક્સપ્રેસવે પર એક ટેન્કરને અકસ્માત થતા ૩૬ કલાક સુધી ટ્રાફીક જામ રહ્યો હતો. રસ્તામાંથી ટેન્કરને હટાવવા માટેનું કોઈ આયોજન હતું નહીં. ટ્રાફીક જામમાં ફસાયેલા વાહનો માટે વૈકલ્પિક રસ્તાનું આયોજન પણ નહોતું. પ્રવાસીઓએ ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. હવે સરકાર ઉંઘમાંથી જાગી છે. સરકારે સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (ઓસઓપી) તૈયાર કરવાની શરૂઆત કરી છે. ઈમર્જન્સી વખતે તંત્ર મજબૂત કરવા માટે પણ આદેશ આપવામાં આવ્યા છે. હાઈવે પરથી હેઝર્ડસ મટીરીયલ રીસપોન્સ યુનિટની સ્થાપના કરવામાં આવશે. ફાયર ફાઈટીંગ સીસ્ટમનને મજબૂત કરવામાં આવશે. ખાસ કરીને ટનલ વિસ્તારોમાં ફોમ, પાણી અને અન્ય ફાયર ફાઈટીંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

# શું માનવ એટલે માત્ર પુરુષ? એ વિશે યુ એન માં પ્રથમ પ્રવચન આપનારા હંસા મહેતા કોણ છે?



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિમાં માતૃ દેવો ભવઃ ની વાત પાયામાં છે, છતાં 18, 19 અને 20 મી સદીનાં શરૂઆતનાં ગાળામાં મહિલાઓ સાથે ઉપેક્ષિત વહેવાર થતો. દીકરીનાં જન્મને અશુભ માનવામાં આવતો, અને એને કારણે દીકરીને દૂધ પીતી કરવી, સાટાપાટા કરવાં, બાળ વિવાહ, કે વિધવા થયા બાદ સતી પ્રથા, અને ઘરમાં પણ દીકરા દીકરીનાં ભેદભાવ નું દૂષણ! કેટલીય કન્યાઓ, કે સ્ત્રીઓએ ત્રાસમાંથી ઉગરવા અગ્નિ સ્નાન કરીને, કે કૂવામાં પડી આત્મહત્યા કરી હશે! પંખે લટકાઈ ગઈ હશે, કેટલીય ઘરેથી ભાગીને કોઈની જાળમાં ફસાઈ કોઠા પર વેંચાઈ ગઈ હશે! પરંતુ મહિલાઓ સાથે આવો ઉપેક્ષિત વ્યવહાર શું કામ? શિક્ષિત થવું અને પછી વ્યવસાય કરવો કે કોઈપણ પ્રકારની નોકરી કરવી, કે પરણી ને ઘર સંસાર વસાવવો, એ મહિલાનો પોતાનો સ્વતંત્ર અધિકાર છે! અને જે રીતે પુરુષ પોતાનાં દરેક નિર્ણયો સ્વતંત્રતાથી લે છે, એ જ રીતે સ્ત્રીઓને પણ પોતાની જિંદગીનાં નિર્ણયો લેવાનાં અધિકારો મળવાં જોઈએ! આજે તો હવે સમય ઘણો બદલાઈ ગયો છે, અને ઘણીવાર સ્વતંત્રતાનાં નશામાં સ્ત્રીઓ લેવા જોઈએ નહીં એવાં નિર્ણયો લેતી જોવાં મળે છે. પરંતુ એક સમય એવો હતો, જ્યાં આપણે જોયું તેમ કન્યા શિક્ષણ પણ પાપ ગણવામાં આવતું, અને એનાં થોડાં જ દાયકા બાદ મહિલાઓનાં અધિકાર માટે અથવા તો પુરુષ અને સ્ત્રીનાં સમાન અધિકાર એટલે કે લિંગ સમાનતા માટેની માંગ ઉઠાવનાર જો કોઈ મહિલા હોય તો એ, ગુજરાતનાં વડોદરામાં જન્મેલા હંસા મહેતા હતાં, અને એમની વાત' યુ એન' એ પણ માનવી પડી હતી. તો આજે આપણે હંસા મહેતાને શબ્દ રુપી શ્રદ્ધા સુમન અર્પણ કરીશું.

વડોદરાનું દિવાન પદ શોભાવનાર મનુભાઈ મહેતા અને હર્ષદ કુમારીને ત્યાં 3 જૂલાઈ 1897 નાં રોજ એક દિકરીનો જન્મ થયો, અને એ દિકરી એટલે હંસા મહેતા. મનુભાઈ મહેતા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનાં વિશ્વાસુ વર્તુળમાં સ્થાન ધરાવતાં હતાં, અને દાદા નંદ શંકર મહેતા એ ગુજરાતી સાહિત્યને પ્રથમ ઐતિહાસિક કરણ ઘેલો નામની નવલકથા આપી, આમ જન્મ પ્રસિદ્ધ પરિવારમાં થયો.

તેઓ અભ્યાસમાં નાનપણથી જ તેજસ્વી હતાં. ગણિત અને ભૂમિતિ એમનાં પ્રિય વિષય હતાં. 1913માં મૅટ્રિકની પરીક્ષામાં કન્યામાં પ્રથમ, આવતા તેમને 'ચેટફીલ્ડ પ્રાઈઝ' અને 'નારાયણ પરમાનંદ ઈનામ' મળ્યાં. નેતૃત્વ કરવામાં પારંગત હોવાથી 'બૉમ્બે પ્રેસિડન્સી સ્ટુડન્ટ્સ ફેડરેશન'ની વડોદરા શાખાનાં પ્રમુખ બન્યા. સ્વાતંત્ર્યની ચળવળની ભાવનામાં રંગાયેલાં તેમણે આગળ પડીને વિદ્યાર્થી સમાજની સ્થાપના કરી. 1916માં 'ગંગાબાઈ ભટ્ટ સ્કૉલરશિપ' મેળવી ઈન્ટર થયાં. 1918માં ફિલૉસૉફી સાથે બી.એ થયાં. વધુ અભ્યાસ અર્થે 1919માં ઈંગ્લૅન્ડ ગયાં. ત્યાં તેમનો મેળાપ સરોજિની નાયડુ અને રાજકુમારી અમૃતકૌર સાથે થયો. 1920માં જિનીવા ખાતેના આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં સરોજિની સાથે હિંદનાં પ્રતિનિધિ તરીકે હાજરી આપી. એમ વૈશ્વિક ભૂમિકાએ સ્ત્રીઓની લડતનાં તેઓ અગ્રણી નેતા બન્યાં, અને વૈશ્વિક સ્તરે આટલી સફર તો એમણે લગ્ન પહેલાં જ ખેડી હતી. વિદેશથી પરત આવીને સમાજની પરવા કર્યા વગર ડૉ. જીવરાજ મહેતા સાથે પ્રેમ લગ્ન કરીને 1925માં તેઓ મુંબઈ ગયાં. જીવરાજ મહેતા પાછળથી ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બન્યા હતાં તેમને સ્ત્રીઓની સામાજિક સ્થિતિ માટે હજી કંઈક વધુ કરવું હતું. સ્ત્રીવિકાસ અને કેળવણી એ બે તેમનાં મુખ્ય કાર્યક્ષેત્રો બન્યાં. તેઓ અનેક સંસ્થાઓમાં સભ્યપદે કે પ્રમુખપદે રહી જવાબદારી સાથે સંકળાયેલાં રહ્યાં. કેળવણીનાં ક્ષેત્રે તો પ્રાથમિકથી માંડી ઉચ્ચ કેળવણી સુધીનાં વિવિધ તબક્કામાં તેમણે બહુ નોંધપાત્ર યોગદાન કર્યું છે. 1946થી 1948 દરમિયાન એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર; જ્યારે 1949થી 1958 સુધી વડોદરાની એમ એસ યુનિવર્સિટીનાં ઉપકુલપતિ બન્યાં. કોઈ મહિલા ઉપકુલપતિ બને તેવી આ પ્રથમ ઘટના હતી. વડોદરા તેમજ દિલ્હીમાં ગૃહવિજ્ઞાનનાં અભ્યાસક્રમની શરૂઆત તેમણે કરાવી.

નીડરતા અને કર્મશીલતા જેવાં ગુણોને કારણે અસહકારની ચળવળ વખતે, દારૂ, તાડી અને વિદેશી કાપડના પિકેજીંગની ગાંધીજીએ સોંપેલી જવાબદારી તેમણે પૂરી નિષ્ઠા અને જુસ્સાથી સંભાળી હતી. 1947ની મધ્યરાત્રિએ સત્તાના હસ્તાંતરની ઘટના વખતે, સરોજિની નાયડુની અનુપસ્થિતિને લીધે, ભારતનો રાષ્ટ્રધ્વજ પણ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના એક સક્રિય સભ્ય તરીકે તેમનાં જ હાથે નહેરુને અપાયેલો. સ્વાતંત્ર્ય બાદ પણ તેમણે અનેક જવાબદારી ભરેલાં કાર્યો કરેલાં. તેઓ માનવ અધિકારનાં પ્રખર હિમાયતી હતાં. યુનેસ્કોમાં એ સંદર્ભે કેટલીક નોંધપાત્ર સક્રિયતા એમણે દાખવેલી, અને પાછળથી એનો સ્વીકાર પણ કરાયો હતો.

યુડીએચઆર નાં એટલે યુનિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ નાં જાહેરનામાની કલમ 1ની શરૂઆતના શબ્દો હતા કે 'બધા પુરુષો સ્વતંત્ર અને સમાન હક લઈને જન્મે છે'. જે સંદર્ભે સ્ત્રી-સમાનતાના હિમાયતી એવાં હંસા મહેતાએ એવી દલીલ કરી હતી કે શું 'માનવ'નો પર્યાય માત્ર 'પુરુષો' છે, અને પુરુષ શબ્દ ક્યારેય ન હોવો જોઈએ. 'મેન એન્ડ વીમેન આર હેવ ઈક્વલી રાઈટ્સ' એમના સૂચનને અનુસરીને ઉપરોક્ત વાક્યમાં ફેરફાર કરીને અને 'બધા મનુષ્ય સ્વતંત્ર અને સમાન હક લઈને જન્મે છે' કરવામાં આવ્યું હતું. આમ સદીઓથી ચાલતી લિંગ ભેદની નીતિ સમાપ્ત થઈ! અને લિંગ સમાનતાના સંદર્ભે આ મહત્ત્વપૂર્ણ બદલાવ હતો. યુ એન જી એ નાં પ્રમુખ ડેનિસ ફ્રાન્સિસે એમની પ્રસંશા કરતાં કહ્યું હતું કે'જો હંસા મહેતાએ યુડીએચઆર નાં જાહેરનામાની શરૂઆતનાં શબ્દો બદલવાનો આગ્રહ રાખ્યો ન્હોત તો, આજે માનવ અધિકારની વૈશ્વિક ઘોષણા મુજબ સ્ત્રીઓની સામાજિક સ્થિતિ શું હોત? એ વિચારવું અઘરું પડે છે. 1950માં તેઓ યુ.એન.ની માનવ હક્ક સમિતિના વાઈસ ચેરમેન બન્યાં હતાં. એમણે યુનેસ્કોનાં એક્ઝિક્યુટિવ બોર્ડનું સભ્યપદ પણ સંભાળ્યું હતું. સામાન્યપણે ડિપ્લોમસી એટલે કે મુત્સદ્દીગીરી, અને એ પુરુષોનું પ્રભુત્વ ધરાવતું ક્ષેત્ર ગણાય છે, મુત્સદ્દીગીરી એ નાગરનો મુખ્ય ગુણ છે, અને નાગર હોવાને નાતે એટલું અવશ્ય કહીશ કે મોટાભાગના રજવાડાના દિવાનો એટલે જ નાગરો હતાં!

### જીલ્લા પંચાયતની આખરી ખાસ સાધારણ સભા યોજાઇ

# આણંદ જીલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં સુધારા સાથે 26-27નુ પુરાંત બજેટ રજૂ કરાયું

**આણંદ, તા.03**

આગામી ૧૮મીના આણંદ જીલ્લા પંચાયત ના કાર્યકાળ પૂર્ણ થતાં ના પગલે આજે આણંદ જીલ્લા પંચાયત સેવા સદન ખાતે આખરી ખાસ સાધારણ સભા જીલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઇ પટેલ ની અધ્યક્ષતામાં યોજાઇ હતી.જેમા વર્ષ '૨૫-'૨૬નુ સુધારેલ બજેટ સાથે '૨૬-'૨૭નુ પુરાંત બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.જે સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત વિગત અનુસાર આગામી ૧૮મીના આણંદ જીલ્લા પંચાયત ના કાર્યકાળ પૂર્ણ થતાં હોય તે પૂર્વ આજે જીલ્લા પંચાયત સેવા સદન ખાતે આખરી ખાસ સાધારણ




સભા જીલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઇ પટેલ ની અધ્યક્ષતામાં અને ઉપપ્રમુખ તથા જીલ્લા વિકાસ અધિકારી ની ઉપસ્થિતિમાં યોજાઇ હતી.આ પ્રસંગે કેબિનેટ મંત્રી રમણ સોલંકી, રાજ્ય મંત્રી કમલેશ પટેલ, સાંસદ મિતેષ પટેલ, ધારાસભ્ય યોગેશ પટેલ, વિપુલ પટેલ, ચિરાગ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ સંજય પટેલ તથા મહામંત્રી જગત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ખાસ સાધારણ સભામાં વર્ષ '૨૬-'૨૭નુ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.જે સાથે વર્ષ '૨૫-'૨૬નુ સુધારા બજેટ રજૂ કરતાં ઉધડતી સિલક (લાખમાં) ૪૭૩૭૫.૫૮, અંદાજીત આવક,૧૧૫૦૫૩.૯૧ મળી એકંદર ૧૬૨૪૨૯.૪૯ સામે ખર્ચ,૧૧૬૦૬૨.૩૯ દર્શાવતા બંધ સિલક ૪૬૩૬૭.૧૦ દર્શાવવામાં આવી હતી. જે સાથે વર્ષ '૨૬-'૨૭નુ બજેટ રજૂ કરતાં (લાખમાં) ઉધડતી સિલક,૪૬૩૬૭.૧૦, અંદાજીત આવક,૧૨૫૦૩૯.૮૯ મળી કુલ એકંદર,૧૭૧૪૦૬.૯૯ માંથી અંદાજીત ખર્ચ,૧૨૬૦૯૩.૧૮ દર્શાવી બંધ સિલક,૪૫૩૧૩.૮૧નુ પુરાંત બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.જેને સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું.આગામી વર્ષ બજેટમાં જીલ્લામાં વિવિધ વિકાસ કામો સહિત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે નું આયોજન કરવામાં આવ્યું હોવાનું જીલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઇ પટેલે જણાવ્યું હતું.આજની જીલ્લા પંચાયત ની આખરી ખાસ સાધારણ સભામાં સાંસદ, કેબિનેટ મંત્રી, રાજ્ય મંત્રી, ધારાસભ્ય તથા જીલ્લા ભાજપ પ્રમુખ ને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### આણંદ જીલ્લા પંચાયતની ખાસ સાધારણ સભામાં જીલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રીની ઉપસ્થિતિ પર વિવાદનો મધપૂડો

આજે આણંદ જીલ્લા પંચાયત ખાતે યોજાયેલ બજેટ ખાસ સાધારણ સભામાં સાંસદ, કેબિનેટ મંત્રી, રાજ્ય મંત્રી, ધારાસભ્ય ની ઉપસ્થિતિ સાથે જીલ્લા ભાજપ પ્રમુખ તથા મહામંત્રી ની ઉપસ્થિતિ ઉપરાંત જીલ્લા પંચાયત દ્વારા જીલ્લા ભાજપ પ્રમુખ ને મોમેન્ટોથી સન્માનિત કરતાં વિવાદનો મધપૂડો છંછેડાવા પામ્યો હતો.

### વિપક્ષ નેતા દ્વારા ગ્રાન્ટ ન ફાળવીના સવાલ પર જીલ્લા પંચાયત પ્રમુખનો જેવું વાવો તેવું લણોનો ટોણો કરતાં સબકા સાથ સબકા વિકાસ ક્યાં?

આણંદ જીલ્લા પંચાયત સેવા સદન ખાતે જીલ્લા પંચાયત ની આખરી ખાસ બજેટ સાધારણ સભા યોજાઇ હતી.જેમા જીલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઇ પટેલે શાસન દરમ્યાન તમામ સભ્યો ને માંગ મુજબ ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવી હોવાનો ઉલ્લેખ કરતાં વિપક્ષ નેતા નટવરસિંહ મહીડાએ અમને તો ગ્રાન્ટ ફાળવી નથી નું જણાવતાં જીલ્લા પંચાયત પ્રમુખે ટોણો મારતાં જેવું વાવો તેવું લણોનો ઉલ્લેખ કરી બોયા પેડ બબૂલ કા આમ કહાં સે હોય નું જણાવતાં ભાજપ સરકાર અને પક્ષ ના સબકા સાથ સબકા વિકાસ ક્યાં?ના સવાલ ઉઠવા પામ્યા હતા.

# નાંદોદના રાજપરા ગામે રૂપિયાની લેતીદેતીમાં બે પરિવારો વચ્ચે મારામારી

### મહિલા ફોરેસ્ટ ઓફિસર અને કોન્ટ્રાક્ટર વચ્ચે મિત્રતામાં પડેલી તિરાડ વિવાદનું કારણ બની...

**નર્મદા, તા.03**

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રાજપરા ગામે રવિવારે બપોરે પૈસાની લેવડદેવડના મુદ્દે બે પરિવારો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. આ ઘટનામાં ઝઘડિયા ખાતે રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને રાજપરાના સિવિલ કોન્ટ્રાક્ટરના પરિવારે એકબીજા પર હુમલો કર્યાનો આક્ષેપ કરતા પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. ઝઘડિયામાં આર.એફ.ઓ. તરીકે ફરજ બજાવતા મીનાબેન અલ્પેશભાઈ પરમારના પતિ અલ્પેશ કૌશિક પરમાર (રહે. હાલ રેન્જ ફોરેસ્ટ ઓફિસ, ઝઘડિયા, જિ. ભરૂચ; મૂળ રહે. ગેલેક્સી હોમ્સ, રાજપીપલા) ની ફરિયાદ મુજબ, તેઓ રવિવારે બપોરે રાજપરા ગામે સિવિલ કોન્ટ્રાક્ટર વિશાલ હસમુખભાઈ પરમારના ઘરે પૈસાની ઉઘરાણી માટે ગયા હતા. તે વખતે વિશાલ પરમારે એકદમ ઉશ્કેરાઈને લાકડી વડે અલ્પેશ પરમાર પર હુમલો કર્યો હતો. આ હુમલામાં અલ્પેશ પરમારને માથામાં તથા હાથના ભાગે ઈજા થઈ હતી, જ્યારે તેમની સાથે આવેલા પત્ની (RFO) મીના પરમાર અને સાળા રમેશ પરમારને પણ લાકડીના ફટકા મારતા ઈજાઓ પહોંચી હતી. આ મામલે અલ્પેશ પરમારે વિશાલ હસમુખ પરમાર, ધવલ હસમુખ પરમાર અને હસમુખ પરમાર (તમામ રહે. રાજપરા, તા. નાંદોદ) વિરુદ્ધ આમલેથા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ સિવિલ કોન્ટ્રાક્ટર વિશાલ પરમાર (રહે. રાજપરા, પરમાર ફળિયું, તા. નાંદોદ) ની વળતી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ ભરૂચ અને રાજપીપલા ખાતે લેબર અને સિવિલ કામના કોન્ટ્રાક્ટ રાખે છે. આરોપી મીના અલ્પેશ પરમાર RFO તરીકે ઝઘડિયામાં ફરજ બજાવતા હોય, તેમની સાથે ફેસબુક પર મિત્રતા થઈ હતી.

### દુકાનદારોને નોટિસ પાઠવી કામ કર્યાનો સંતોષ માનતી આણંદ મનપા

# આણંદ સ્ટેશન વિસ્તારમાં આવેલી જર્જરિત સુપર માર્કેટ બની ભયજનક

**આણંદ, તા.03**

ચાર માસ પૂર્વે કરમસદ આણંદ મનપા દ્વારા શહેરના સ્ટેશન વિસ્તારમાં આવેલ સુપરમાર્કેટ જર્જરિત થતાં દુકાનદારો ને ખાલી કરવાની નોટિસ આપવામાં આવી હતી.જેના પગલે વેપારીઓ હાઇકોર્ટમાં દાદ માંગતા મામલો ન્યાયાલય સમક્ષ હોય છતાં સુપરમાર્કેટ ની દુકાનો ના જર્જરિત છજા ટેકા ના ભરોસે હોય દુર્ઘટના સર્જાય તો કોણ જવાબદાર?ના સવાલ ઉઠવા પામ્યા નું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર આશરે પાંચ દાયકા પૂર્વે આણંદ પાલિકા દ્વારા શહેરના સ્ટેશન વિસ્તારમાં સુપરમાર્કેટ શોપિંગ સેન્ટર નિર્માણ કરવામાં આવ્યું હતું.જેમા સુખડી લઇ નજીવા ભાડાથી દુકાનો ફાળવવામાં આવી હતી.પરંતુ માર્કેટ હાર્ટ ઓફ ધ સીટી બનતાં વેપારીઓ દ્વારા લાખો રૂપિયા લઇ પેટા ભાડૂત ને દુકાન સોંપવામાં આવી હતી.જે બાદ આશરે ચાર



માસ પૂર્વે સુપરમાર્કેટ જર્જરિત બનતાં કરમસદ આણંદ મનપા દ્વારા દુકાન ખાલી કરવાની વેપારીઓ ને નોટિસ આપવામાં આવી હતી.જેના પગલે વેપારીઓ દ્વારા હાઇકોર્ટમાં દાદ માંગતા મામલો ન્યાયાલય આધીન હોય ની વચ્ચે સુપરમાર્કેટ ના દુકાનના છજા ટેકા ના ભરોસે રહેવા પામતાં કોઇ દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ?ના સવાલ ઉઠવા પામ્યા નું જાણવા મળેલ છે.

### મનપા દ્વારા રાજ્ય સરકારમાં પાઇપલાઇન ખસેડવા સાત કરોડની ગ્રાન્ટની માંગ કરી

# ગણેશ ચોકડી ફ્લાયઓવર નિર્માણમાં અવરોધ બનેલ પાઇપલાઇનનું કામ કોન્ટ્રાક્ટરે પડતું મૂકતાં સર્જાઇ મુશ્કેલી

**આણંદ, તા.03**

ગુજરાતી માં કહેવત છેકે કરે કોઇ ભરે કોઇની સ્થિતિ કરમસદ આણંદ મનપામાં સર્જાવા પામી હોય તેમ શહેરના ગણેશ ચોકડી રેલ્વે ફાટક પર નિર્માણ ફ્લાયઓવર ની કામગીરી સદર માર્ગે પર પસાર થતી પાઇપલાઇન ના કારણે છેલ્લા ચાર માસથી બંધ કરવામાં આવતાં સમગ્ર મામલે કામગીરી પડતી મૂકી કોન્ટ્રાક્ટર નૌ દો થતાં મનપા દ્વારા રાજ્ય સરકાર પાસે પાઇપલાઇન ખસેડવા સાત કરોડ ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં



આવેની રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.જેના કારણે ગ્રાન્ટ ફાળવણી બાદ પાઇપલાઇન ખસેડ્યા બાદ નિર્માણ કામગીરી હાથ ધરવામાં આવે તો નિયત સમયમાં ફ્લાયઓવર બ્રિજ નિર્માણ વિલંબમાં મૂકાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર આણંદ ના ગણેશ ચોકડી રેલ્વે ફાટક પર આશરે ૧૫૩ કરોડના નિર્માણ થતાં ફ્લાયઓવરની કામગીરી સદર માર્ગ પરથી પસાર થતી પાઇપલાઇન ના કારણે ધોચમા પડતાં તેની પાછળ કરે કોઇ ભરે કોઇની સ્થિતિ સર્જાવા પામી હોય તેમ ફ્લાયઓવર ની કામગીરી પ્રારંભ સમયે જ પસાર થતી પાઇપલાઇન ના છેદ નકશામાં ઉડતાં કે કોન્ટ્રાક્ટર ની જાણકારી છતાં નિર્માણ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જે હાલમાં છેલ્લા ચાર માસથી પાઇપલાઇન ખસેડવા ના મુદ્દે કોન્ટ્રાક્ટર નૌ દો થતાં કામગીરી ઠપ થતાં મનપા દ્વારા સદર માર્ગે પરની પાઇપલાઇન ખસેડવા રાજ્ય સરકાર સમક્ષ સાત કરોડ ની ગ્રાન્ટ ફાળવણી ની રજૂઆત કરવામાં આવતાં પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ સર્જાવા સાથે સરકાર દ્વારા ગ્રાન્ટ ફળવાયા બાદ પાઇપલાઇન ખસેડવામાં આવેની સ્થિતિ પગલે ફ્લાયઓવર નિયત સમયમર્યાદામાં પૂર્ણ થશે કે કેમ?ના સવાલ ઉઠવા પામ્યા નું જાણવા મળેલ છે.

# આણંદના ગુરૂદ્વારા સર્કલથી ચિખોદરા ચોકડી ફોરલેન માર્ગ અને કાંસ બોક્ષ ડ્રેઇન બનાવવા જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું

**આણંદ, તા.03**

આણંદના ગણેશ ચોકડી રેલ્વે ફાટક પર ફ્લાયઓવર નિર્માણ પૂર્વ ત્રણ વર્ષ પહેલાં ટ્રાફિક સમસ્યા ન વકરેના સંદર્ભે પૂર્વ જીલ્લા કલેકટર સમક્ષ ગુરૂદ્વારા સર્કલથી ચિખોદરા ચોકડી સુધીના માર્ગ ફોરલેન બનાવવા તથા સદર માર્ગ પરથી પસાર



થતા કાંસને બોક્ષ ડ્રેઇન બનાવવા રજૂઆત કરવામાં આવી હતી.જેને પૂર્વ કલેકટર દ્વારા ૩૫ કરોડના ખર્ચે નિર્માણ ની ત્વરિત મંજૂરી આપી હતી.પરંતુ બાદમાં યેનકેન પ્રકારે ટલ્લે ચઢતાં આજે સદર ગામડી વિસ્તારના રહીશો દ્વારા જીલ્લા કલેકટર ને આવેદનપત્ર આપી ફોરલેન માર્ગે તથા કાંસ બોક્ષ ડ્રેઇન બનાવવા માંગ કરવામાં આવી હતી.જે સાથે ઉકેલ નહીં આવે તો ભૂખ હડતાળ ની ચીમકી ઉચ્ચારવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર શહેરના ગણેશ ચોકડી રેલ્વે ફાટક પર ફ્લાયઓવર નિર્માણ પૂર્વ ટ્રાફિક સમસ્યા ન સર્જાય ના પગલે આણંદ સાંસદ મિતેષ પટેલ તથા ધારાસભ્ય યોગેશ પટેલ દ્વારા પૂર્વ જીલ્લા કલેકટર ગઢવી ને ગુરૂદ્વારા સર્કલથી ચિખોદરા ચોકડી સુધીના માર્ગ ફોરલેન બનાવવા તથા સદર માર્ગ પરથી પસાર થતા કાંસ બોક્ષ ડ્રેઇન બનાવવા રજૂઆત કરવામાં આવી હતી.જેનો પૂર્વ કલેકટર દ્વારા હકારાત્મક અભિગમ દાખવી ૩૫ કરોડના ખર્ચે ફોરલેન માર્ગે અને કાંસ બોક્ષ ડ્રેઇન ની મંજૂરી આપવામાં આવી હતી.

### કરમસદ આણંદ મનપા દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન

# જાહેરમાં ગંદકી ફેલાવતા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા 181 એકમો પાસેથી વસૂલ્યા રૂા.1.83 લાખ ઉપરાંતનો દંડ

**આણંદ, તા.03**

કરમસદ આણંદ મહાનગર પાલિકાના કમિશનર ના માર્ગદર્શન હેઠળ મહાનગર પાલિકાનો સેનિટેશન વિભાગ કામગીરી કરી રહ્યો છે. કમિશનર એ મહાનગરપાલિકા વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે જાહેરમાં ગંદકી ફેલાવતા એકમો સામે દંડનાત્મક કાર્યવાહી કરવા જણાવ્યુ છે. કરમસદ આણંદ મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા ફેબ્રુઆરી માસ દરમિયાન વિવિધ એકમો



ખાતે આકસ્મિક તપાસણી કરતા જાહેરમાં ગંદકી કરતા 157 એકમો સામે દંડનીય કાર્યવાહી કરીને રૂપિયા 75,800 નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જ્યારે પ્રતિબંધિત પ્લાસ્ટિક નો ઉપયોગ કરતા 24 એકમો સામે દંડનીય કાર્યવાહી કરી રૂપિયા 1,07,500 નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, આમ, ફેબ્રુઆરી માસ દરમિયાન આકસ્મિક તપાસણી દરમિયાન 181 એકમો સામે મહાનગરપાલિકા દ્વારા દંડનીય કાર્યવાહી કરીને કુલ રૂપિયા 1,83,300 /- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા વિવિધ એકમોને ખાસ તાકીદ કરવામાં આવી છે કે મનપા વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવવામાં યોગદાન આપે. જાહેરમાં ગંદકી ન કરે અને પ્રતિબંધિત પ્લાસ્ટિક નો ઉપયોગ ન કરવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

### નડિયાદ કોંગ્રેસ પ્રમુખ સામે એટ્રોસિટી ફરિયાદનો મામલો:

# હાઈકોર્ટે તપાસને પક્ષપાતી ગણાવી કાર્યવાહી પર સ્ટે આપ્યો

**નડિયાદ, તા.03**

નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને તેમના સાથીઓ સામે નોંધાયેલી એટ્રોસિટીની ફરિયાદમાં ગુજરાત હાઈકોર્ટે પોલીસ કાર્યવાહી પર મનાઈહુકમ ફરમાવ્યો છે. હાઈકોર્ટે પોલીસ તપાસની ટીકા કરતા તેને પક્ષપાતી અને રાજકીય દબાણ હેઠળ કરવામાં આવેલી ગણાવી છે. આ ફરિયાદ વર્ષ 2025માં નડિયાદ નગરપાલિકામાં કર્મચારીઓના પીએફ મુદ્દે રજૂઆત કરવા ગયેલા વિપક્ષી નેતાઓ સામે નોંધાઈ હતી. કોર્ટે પ્રથમ દૃષ્ટિએ આ ફરિયાદને ખોટી રીતે અને જાણીજોઈને ઊભી કરવામાં આવેલી ગણાવી છે. ન્યાયતંત્રએ અવલોકન કર્યું કે આ કેસ લોકશાહીમાં વહીવટી તંત્રના દુરુપયોગનું ઉદાહરણ છે. હાઈકોર્ટે તપાસમાં રહેલી ગંભીર બેદરકારી પર ધ્યાન દોર્યું હતું. તત્કાલિન ડેપ્યુટી કમિશનર મહેન્દ્ર દેસાઈના નિવેદન મુજબ, હાર્દિક ભટ્ટ ઘટના સમયે ઓફિસની બહાર નીકળ્યા જ નહોતા. તેમ છતાં પોલીસે પૂરતા પુરાવા વગર માત્ર મૌખિક નિવેદનોના આધારે ચાર્જશીટ તૈયાર કરી હતી. હાર્દિક ભટ્ટે રજૂ કરેલા ફોટોગ્રાફ્સ અને ડેપ્યુટી કમિશનરની જુબાની દર્શાવે છે કે કોંગ્રેસના હોદ્દેદારો સામેના આક્ષેપો પાયાવિહોણા છે અને પોલીસની તપાસ એકતરફી રહી છે. સીસીટીવી ફૂટેજના અભાવ મુદ્દે કોર્ટે તપાસ અધિકારી સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. પાલિકા જેવા જાહેર સ્થળે કેમ્પસના તમામ કેમેરા એકસાથે કેવી રીતે બંધ હોઈ શકે તે અંગે કોર્ટે સવાલ કર્યો. ચેમ્બર અને બહારના કેમેરા બંધ હોવાને કોર્ટે માત્ર સંજોગ નહીં, પરંતુ સત્ય છુપાવવા માટેનું પૂર્વઆયોજિત કાવતરું ગણાવ્યું છે. આ ઉપરાંત, ફરિયાદી પક્ષના લોકો મોબાઈલમાં વીડિયો ઉતારતા હોવા છતાં પોલીસે તે ફોન જપ્ત કેમ ન કર્યા તે બાબત તપાસની નિષ્પક્ષતા સામે પ્રશ્નો ઉભા કરે છે. પોલીસ તંત્રની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવતા હાઈકોર્ટે ડીવાયએસપીની ભૂમિકાને પણ શંકાના દાયરામાં મૂકી છે. કાયદા મુજબ ડીવાયએસપી બીજી ફરિયાદ નોંધી શકતા હતા, પરંતુ કોઈના દબાણ હેઠળ તેમણે વિરોધ પક્ષને નિશાન બનાવી માત્ર એકતરફી કાર્યવાહી કરી, જે ન્યાયિક પ્રક્રિયાને બદલે રાજકીય આદેશ મુજબ કામ કર્યું હોવાનું સૂચવે છે.

# ડાકોર ફાગણ મહોત્સવ ૨૦૨૬ નિમિત્તે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના નાગરીકોની સુખાકારી માટે રણછોડરાયજીને કરી પ્રાર્થના...

**નડિયાદ, તા.03**

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ડાકોર ફાગણી પૂનમ મહોત્સવ ૨૦૨૬ નિમિત્તે ડાકોર મંદિરમાં પૂજા અર્ચના કરી ખેડા સહિત સમગ્ર રાજ્યના નાગરીકોની સુખાકારી માટે મંગલ કામના કરી હતી. તેમણે રાજા રણછોડના દર્શન કરી સૌ નાગરિકોની મનોકામના પૂર્ણ કરવા પ્રાર્થના કરી હતી.

હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે દર વર્ષે ફાગણી પૂનમે પગપાળે ચાલીને કૃષ્ણના દર્શનાર્થે ડાકોર આવવાની પરંપરા વર્ષો જુની છે. લાખો શ્રદ્ધાળુઓ પોતાની મનોકામના લઈ ડાકોર આવતા



હોય છે. ત્યારે જય રણછોડના નાદ થી સમગ્ર ડાકોર ગુંજી ઉઠે છે. આજે પોતાને રાજા રણછોડના દર્શન કરવાનો પાવન અવસર મળ્યો તે બદલ તેમણે ધન્યતા અનુભવી હતી. નાયબ મુખ્યમંત્રીએ ડાકોર પદયાત્રીઓની સુંદર વ્યવસ્થાઓ માટે સમગ્ર જિલ્લા વહીવટીની કામગીરીને બિરદાવી હતી.

અમદાવાદ રેન્જ આઈજી વિધિ ચૌધરી અને જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવ સવારે ૦૨:૦૦ કલાકે મંગળા આરતીમાં સહભાગી બન્યા હતા.

આ અવસરે જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જન કલ્યાણ માટે ધજારોહણ કરાયું હતું.

અમદાવાદ રેન્જ આઈજી વિધિ ચૌધરીએ જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગની સંકલિત કામગીરીને બિરદાવી નવા વર્ષમાં પણ જિલ્લામાં શાંતિ જળવાઈ રહે એવી પ્રાથના કરી હતી.

આ સમયે મહેમદાવાદ ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, માતર ધારાસભ્ય કલ્પેશ પરમાર, ઠાસરા ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર, કપડવંજ ધારાસભ્ય રાજેશ ઝાલા, અમદાવાદ રેન્જ આઈજી વિધિ ચૌધરી, કલેક્ટર અમિત પ્રકાશ યાદવ, જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલ, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર, અગ્રણી નયનાબેન પટેલ, ડાકોર મંદિરના ટ્રસ્ટી ગિરીશ દાણી, વન સંરક્ષક અભિષેક સામરીયા, વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત મંદિરના સેવકો તથા ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# 'ખેલાડીઓને બલિનો બકરો ન બનાવો': મોહમ્મદ આમિરે PCBના એક્શન પર ઝાટકણી કાઢી, ચેરમેન મોહસિન નકવીને પણ ચેતવણી આપી....

ઈસ્લામાબાદ, તા.03

T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનના ખરાબ પ્રદર્શન બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)એ મોટું પગલું ભર્યું છે. બોર્ડે દરેક ખેલાડી પર 50 લાખ પાકિસ્તાની રૂપિયા (16.28 લાખ ભારતીય રૂપિયા)નો દંડ ફટકાર્યો છે. આના પર પાકિસ્તાનના ફાસ્ટ બોલર મોહમ્મદ આમિરે બોર્ડની સખત ટીકા કરી છે.

પાકિસ્તાની શો 'હારના મના હૈ'માં બોલતા આમિરે PCBની ટીકા કરી અને ચેરમેન મોહસિન નકવીને ખેલાડીઓને બલિનો બકરો ન બનાવવા ચેતવણી આપી. તેમણે કહ્યું કે સિલેક્ટર્સ અને વહીવટી અધિકારીઓને પણ જવાબદાર ઠેરવવા જોઈએ અને તેમના પર બમણો દંડ લગાવવો જોઈએ.



આમિરે કહ્યું, જો દંડ જ ઉકેલ હોય તો સિલેક્ટર્સ અને પ્રશાસન પર લગાવો. ખેલાડીઓએ પોતાને પસંદ કર્યા નથી. ખેલાડીઓને વારંવાર બલિનો બકરો બનાવવાનું બંધ કરો. આ સાચો ઉકેલ નથી. આમિરે એમ પણ કહ્યું કે જો PCB કેટલાક ખેલાડીઓથી નારાજ હોય તો તેમને દંડ ફટકારવાને બદલે ટીમમાંથી બહાર કરી દેવા એ વધુ સારો સંદેશ હશે.

તેમણે સૂચન કર્યું કે ખરાબ પ્રદર્શન કરનારા ખેલાડીઓને ઓછામાં ઓછા બે વર્ષ ડોમેસ્ટિક ક્રિકેટમાં સતત સારું પ્રદર્શન કરીને વાપસીની તક આપવી જોઈએ. કોઈ ખેલાડી માટે ટીમમાંથી બહાર થવું એ જ સૌથી મોટી સજા હોય છે.

પાકિસ્તાની ચાહકોની સાથે બોર્ડના અધિકારીઓ પણ ટીમના પ્રદર્શનથી ખૂબ નારાજ છે. ભારત સામે મેચ હાર્યા પછી જ દરેક પાકિસ્તાની ખેલાડી પર 50 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

PCBએ કહ્યું કે જો સારા પ્રદર્શન પર ઈનામ મળે છે, તો ખરાબ પ્રદર્શન પર સજા પણ મળશે. ભારત સામે હાર્યા પછી તરત જ ટીમને આ નિર્ણય જણાવી દેવામાં આવ્યો હતો.

પાકિસ્તાને ગ્રુપ સ્ટેજના પહેલા મેચમાં નેધરલેન્ડ સામે મુશ્કેલીથી જીત મેળવી. ત્યારબાદ USAને હરાવ્યું. શ્રીલંકાની પરિસ્થિતિઓ અને સ્પિન બોલરોના દમ પર ભારત સામે સારા પ્રદર્શનની અપેક્ષા હતી, પરંતુ ટીમ 61 રનથી હારી ગઈ. પાકિસ્તાન ફરી નામિબિયાને છેલ્લી મેચ હરાવીને સુપર-8 સ્ટેજમાં પહોંચ્યું.

સુપર-8 સ્ટેજમાં ન્યૂઝીલેન્ડ સામેની મેચ વરસાદમાં ધોવાઈ ગઈ. ઈંગ્લેન્ડ સામે ક્લોઝ મેચમાં હારી ગયા. ત્યારબાદ સેમિફાઈનલની આશાઓ અન્ય મેચના પરિણામો પર ટકી રહી.

શ્રીલંકા પર નજીકની જીત છતાં રન રેટ ખરાબ રહ્યો. આ કારણે ન્યૂઝીલેન્ડ સેમિફાઈનલમાં પહોંચી ગયું અને પાકિસ્તાન બહાર થઈ ગયું.

# સેમિ ફાઈનલનો જંગ, શું ન્યૂઝીલેન્ડ 19 વર્ષનો ઈતિહાસ બદલી શકશે? કાલે સાઉથ આફ્રિકા સામે ટક્કર.....

નવી દિલ્હી, તા.03

T20 વર્લ્ડ કપ 2026 હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. ટૂર્નામેન્ટની પહેલી સેમિ ફાઈનલ બુધવારે(4 માર્ચ) કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ મેદાન પર રમાશે, જેમાં સાઉથ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ આમને-સામને હશે. આ મુકાબલો માત્ર ફાઈનલની ટિકિટ માટે જ નથી, પરંતુ ન્યૂઝીલેન્ડ ટીમ માટે 19 વર્ષ જૂના ઈતિહાસને બદલવાની મોટી તક છે. બીજી તરફ, ગુરુવારે(5 માર્ચ) મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી સેમિ ફાઈનલ રમાશે.



સાઉથ આફ્રિકાની ટીમ આ વર્લ્ડ કપમાં અત્યાર સુધી અજેય રહી છે, જ્યારે ન્યૂઝીલેન્ડે પાકિસ્તાનને નેટ રન રેટમાં પછાડીને સેમિ ફાઈનલમાં જગ્યા બનાવી છે. ન્યૂઝીલેન્ડ કેપ્ટન મિચેલ સેન્ટનર સામે સૌથી મોટો પડકાર આંકડાઓનો છે. T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં ન્યૂઝીલેન્ડ ક્યારેય સાઉથ આફ્રિકાને હરાવી શક્યું નથી. 2007થી 2026 સુધી બંને ટીમો વર્લ્ડ કપમાં 5 વાર ટકરાઈ છે અને પાંચેય વખત આફ્રિકાનો વિજય થયો છે. તાજેતરમાં ચેન્નાઈમાં રમાયેલા ગ્રુપ મેચમાં પણ સાઉથ આફ્રિકાએ ન્યૂઝીલેન્ડને 7 વિકેટે હરાવીને પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો. ઓવરઓલ T20 ઈન્ટરનેશનલ મેચોની વાત કરીએ તો, બંને વચ્ચે રમાયેલી 19 મેચોમાંથી 12 મેચ સાઉથ આફ્રિકાએ જીતી છે, જ્યારે ન્યૂઝીલેન્ડ માત્ર 7 મેચ જીતી શક્યું છે. એડન માર્કરામની કેપ્ટન્સીમાં આફ્રિકા સતત બીજી વાર ફાઈનલમાં પહોંચવા માટે ફેવરિટ માનવામાં આવે છે. હવે જોવાનું એ રહેશે કે ઈડન ગાર્ડન્સની પીચ પર ન્યૂઝીલેન્ડ ટીમ કોઈ નવી વ્યૂહનીતિ સાથે નવો ઈતિહાસ રચે છે કે પછી આફ્રિકાની જીતનો સિલસિલો યથાવત રહે છે.

# ટી20 વર્લ્ડકપ સેમિફાઈનલ: ઈંગ્લેન્ડ સામે જીતવા ભારતે આ 5 નબળાઈઓ સુધારવી પડશે

નવી દિલ્હી, તા.03

ટી20 વર્લ્ડકપમાં ભારત ટીમની આખરે સેમિફાઈનલ સુધી પહોંચી ગઈ છે. સુપર-4માં ભારતનો મુકાબલો ઈંગ્લેન્ડ સામે થશે. 5 માર્ચે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આ હાઈવૉલ્ટેજ મેચ રમાશે. તે પહેલા ચોથી માર્ચે દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડની મેચ રમાશે. જોકે આ ટુર્નામેન્ટમાં ભારતીય ક્રિકેટ ટીમની 5 નબળાઈ જોવા મળી છે. જો ભારતે ફાઈનલ મેચ જીતવી હોય તો તે પહેલા આ 5 ભૂલો સુધારવી જ પડશે.

ભારત માટે સૌથી મોટી ચિંતા ટોપ ઓર્ડરની અસ્થિરતા છે. શરૂઆતની 6 ઓવરમાં વિકેટ પડવાથી ટીમ પર પ્રેશર વધી જાય છે. વેસ્ટ ઈન્ડિઝ સામે અભિષેક શર્મા અને ઈશાન કિશન સસ્તામાં આઉટ થઈ ગયા હતા. સંજુ સેમસને બાજી સંભાળી એટલે ભારત બચી ગયું, પણ ઈંગ્લેન્ડના આક્રમક બોલરો સામે આવી ભૂલ પરવડે તેમ નથી.



ટીમ ઈન્ડિયાનો કેપ્ટન સૂર્યકુમાર યાદવ જ લયમાં નથી. દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝ સામે તે માત્ર 18-18 રન જ બનાવી શક્યો. નોકઆઉટ મેચોમાં જો કેપ્ટન સૂર્યા મોટી ઈનિંગ નહીં રમે, તો ભારત મુશ્કેલીમાં મુકાઈ શકે છે. જસપ્રીત બુમરાહ સતત શાનદાર બોલિંગ કરી રહ્યો છે, પરંતુ માત્ર એક બોલરના જોરે ટુર્નામેન્ટ જીતી શકાતી નથી. અર્શદીપ સિંહ ડેથ ઓવરોમાં મોંઘો સાબિત થઈ રહ્યો છે, જ્યારે વરુણ ચક્રવર્તીએ પણ સુપર-8માં ઘણા રન લૂંટાવ્યા છે.

ભારતીય ટીમની ફિલ્ડિંગ આ ટુર્નામેન્ટમાં બહુ ખાસ નથી રહી. ટીમે અત્યાર સુધીમાં 13 કેચ છોડ્યા છે, જે સુપર-8ની તમામ ટીમોમાં સૌથી વધુ છે. વેસ્ટ ઈન્ડિઝ સામે પણ ત્રણ કેચ છૂટ્યા હતા. સેમીફાઈનલમાં એક કેચ મેચનું પાસું પલટી શકે છે. ટીમ ઈન્ડિયાના ઓપનર અભિષેક શર્મા પાસેથી ઝડપી શરૂઆતની આશા છે, પરંતુ તે સતત નિષ્ફળ રહ્યો છે. ટુર્નામેન્ટમાં ત્રણ વખત તો તે 0 પર આઉટ થઈ ગયો. જો તે પાવરપ્લેમાં ટકીને રમશે, તો જ મિડલ ઓર્ડર પરથી દબાણ ઓછું થશે.

# દુબઈમાં ફસાયેલી ઓલિમ્પિક સ્ટાર સુરક્ષિત ભારત પહોંચી, વાપસી બાદ લખી ભાવુક પોસ્ટ

નવી દિલ્હી, તા.03

બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ આખરે સુરક્ષિત પોતાના ઘર બેંગલુરુ પરત ફરી છે. મધ્ય પૂર્વમાં વધી રહેલા અમેરિકા-ઈરાન-ઈઝરાયલ તણાવને કારણે એરસ્પેસ બંધ થવાને કારણે તે ઘણા દિવસોથી દુબઈમાં ફસાયેલી હતી. આ દરમિયાન નજીકમાં થયેલા વિસ્ફોટ બાદ દુબઈ એરપોર્ટથી ફ્લાઈટ્સ સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી, જેના કારણે સ્થિતિ વધુ અનિશ્ચિત થઈ ગઈ હતી.

આ સ્થિતિના કારણે પીવી સિંધુને 3 માર્ચ, 2026ના રોજ બર્મિંગહામમાં શરૂ થનારી પ્રતિષ્ઠિત ઓલ ઈંગ્લેન્ડ ઓપન ચેમ્પિયનશિપ (All England Open Championships)માંથી નામ પાછું ખેંચવું પડ્યું છે. આ



ટુર્નામેન્ટ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF)ની સુપર 1000 ઈવેન્ટ છે અને પેરિસ ઓલિમ્પિક સાયકલની તૈયારી માટે તેને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી હતી. આવી સ્થિતિમાં તેનું બહાર થવું મોટા અવરોધના રૂપમાં જોવામાં આવી રહ્યું છે.

સિંધુ પોતાની ટીમ સાથે જેમાં ઈન્ડોનેશિયન કોચ ઈરવાંસ્યાહ અદિ પ્રતામાનો પણ સામેલ હતો, તેઓ દુબઈમાં ફસાયેલા હતા અને તેમના રહેઠાણની નજીક વિસ્ફોટ થયા બાદ તેમનો માંડ-માંડ જીવ બચ્યો હતો. જોકે તેમને એક સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તણાવપૂર્ણ પરિસ્થિતિ અને મુસાફરીમાં વિક્ષેપોને કારણે ઓલિમ્પિક મેડલ વિજેતાને ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાંથી હટી જવું પડ્યું.

બેંગલુરુ પહોંચ્યા બાદ સિંધુએ સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી. તેણે લખ્યું કે, 'છેલ્લા કેટલાક દિવસો ખૂબ જ તણાવપૂર્ણ અને અનિશ્ચિત રહ્યા, પરંતુ સુરક્ષિત રીતે ઘરે પરત ફરવા બદલ આભારી અનુભવી રહી છું.' તેણે દુબઈ વહીવટી તંત્ર, એરપોર્ટ સ્ટાફ, ઈમિગ્રેશન અધિકારીઓ અને ગ્રાઉન્ડ ટીમોનો ખાસ આભાર માન્યો, જેમણે મુશ્કેલ સમયમાં સહાનુભૂતિ અને પ્રોફેશનલિઝમ વલણ દેખાડ્યું.

સિંધુએ સંકેત આપ્યો કે, હાલમાં તે આરામ કરશે, ખુદને રિસેટ કરશે અને આગળની ટ્રેનિંગ યોજના પર વિચાર કરશે. જોકે, તાજેતરની સ્થિતિને જોતા તેના આગામી ટુર્નામેન્ટ અને પ્રેક્ટિસ કાર્યક્રમને લઈને તસવીર સ્પષ્ટ નથી.

આ અગાઉ ભારતના પૂર્વ કોચ વિમલ કુમારે જણાવ્યું હતું કે, 'અમે બાય રોડ ઓમાન જવાનું વિચાર્યું હતું. એક એથલીટ માટે આ મુશ્કેલ હોય છે કારણ કે, તે ખૂબ જ સારું પ્રદર્શન કરી રહી હતી અને તેની આખી ટીમ ઓલ ઈંગ્લેન્ડ માટે ઉત્સાહિત હતી. જોકે, બાય રોડ ઓમાન જવું જોખમી હોવાથી અમે તે પ્લાન છોડી દીધો.'

# ધુરંધર 2 અને ટોક્સિકના ક્લેશ સાથે લંબાઈથી પણ સિનેમાલિકો પરેશાન

## ટોક્સિકનો રનટાઈમ 3 કલાક 40 મિનિટ અને ધુરંધરનો રનટાઈમ 3 કલાક 55 મિનિટ

મુંબઈ, તા.03

લાંબા સમયથી ઈદની રિલીઝી રાહ જોવાઈ રહી છે, ભારતીય સિનેમાની આ સૌથી મોટી ટક્કર રહેવાની છે, જેમાં રનવીર સિંહની ધુરંધર 2- ધ રિવેન્જ અને યશની ટોક્સિક રિલીઝ વચ્ચે ટક્કર થવાની છે. ધુરંધર સિરીઝની પહેલી ફિલ્મ પણ લાંબી હતી, તેથી જ આ ફિલ્મને બે ભાગમાં રિલીઝ કરવાનોન નિર્ણય લેવાયો હતો. પરંતુ પહેલી ફિલ્મ સાડા ત્રણ કલાકથી પણ લાંબી હોવાને કારણે એવો અંદાજ હતો કે બીજી ફિલ્મ તેનાથી થોડી ટૂંકી હોઈ શકે છે.

પરંતુ સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ધુરંધર 2 - ધ રિવેન્જ પણ ઘણી લાંબી ફિલ્મ છે. સુત્રએ જણાવ્યું, "આ ફિલ્મ 235 મિનિટ લાંબી હશે એટલે કે ત્રણ કલાક અને 55 મિનિટ. જોકે, કેટલાંક લોકો એવું પણ માને છે કે આ ફિલ્મ 3 કલાક અને 40 મિનિટની જ હશે. બંને સ્થિતિમાં આ બીજો ભાગ પહેલી ફિલ્મથી તો લાંબો જ હશે, કારણ કે પહેલી ફિલ્મ 214.01 મિનિટ એટલે કે 3 કલાક 34 મિનિટ અને એક સેકન્ડની હતી. આ સ્થિતિમાં દર્શકો પણ એવું જ ઈચ્છે છે



કારણ કે તેમને ધુરંધર જેટલી લાંબી હોય એટલી લાંબી જોવામાં પણ રસ છે. પહેલો ભાગ દર્શકોને એટલો ગમ્યો કે જાણે તેમને ફિલ્મની લત લાગી ગઈ અને મેકર્સ પણ ઈચ્છે છે કે દર્શકો હજુ લાંબા સમય સુધી ફિલ્મ સાથે ચોંટી રહે."

જો ફિલ્મના બીજા ભાગની લંબાઈ 3.55 કલાકની હોય, તો તે હિન્દી સિનેમાની સૌથી લાંબી ફિલ્મમાંની એક બની જશે અને બીજા નંબરની સૌથી લાંબી ફિલ્મ ગણાશે, કારણ કે 2003માં આવેલી જે.પી.દત્તાની એલઓસી કાર્ગિલનો રન ટાઈમ 3 કલાક અને 44 મિનિટનો હતો. 19 માર્ચે ફિલ્મ રિલીઝ થઈ રહી છે, તો ટૂંક સમયમાં ફિલ્મનો ફાઈનલ રનટાઈમ જાહેર થઈ જશે. તેની સાથે જ ઈદ પર બીજી એક લાંબી ફિલ્મ રિલીઝ થઈ રહી છે, યશની ટોક્સિક. આ મોટી ટક્કરની લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. ટોક્સિક પણ એક લાંબી ફિલ્મ છે, એવી ચર્ચા છે કે આ ફિલ્મ 3 કલાક અને 40 મિનિટ લાંબી ફિલ્મ છે.

આ અંગે સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "હજુ સુધી ટોક્સિકની લંબાઈ નક્કી થઈ નથી, પરંતુ તે 200 મિનિટની આસપાસ હશે, જે લગભગ 3 કલાક અને 20 મિનિટની હશે. મેકર્સને લાગે છે કે આ ફિલ્મ આમ જનતાને મનોરંજન મળે એવી અને લોકોને પસંદ પડે એવી ફિલ્મ છે, દર્શકો આ ફિલ્મથી કંટાળશે કે બોર નહીં થાય. પહેલાં એવો સમય હતો કે લાંબી ફિલ્મ હોય તો એ બાબત ફિલ્મ માટે નકારાત્મક મનાતી હતી. પરંતુ 2023ની એનિમલ પછી આ દૃષ્ટિકોણ બદલાયો છે, આ ફિલ્મ 3 કલાક અને 21 મિનિટની હતી અને છતાં સફળ રહી હતી. તાજેતરમાં રિલીઝ થયેલી બોર્ડર 2 પણ 3 કલાક અને 11 મિનિટની ફિલ્મ હતી. સાથે જ ધુરંધરની લંબાઈ પણ 3 કલાક અને 34 મિનિટની હતી. આ બધી જ ફિલ્મો સફળ રહી છે અને ટોક્સોક પણ એ જ રસ્તે ચાલી રહી છે."

# વજન કાંટા પર દેખાતા આંકડા ફિટનેસનો માપદંડ નથી : માનુષી

મુંબઈ, તા.03

માનુષી છિલ્લર મિસ વર્લ્ડ પીજનમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યા પછી ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન બનાવવાની કોશિશ કરી રહી છે, ત્યારે તાજેતરમાં તેણે પોતાના સોશિયલ મીડિયા પર ફેન્સ સાથે વાતો કરી હતી.

બુધવારે માનુષીએ પોતાનાં ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આસ્ક મી એનીથિંગમાં પોતાનાં ફેન્સ સાથે વાતો કરી હતી. જેમાં તેણે જણાવ્યું કે જો તેનાં હાથમાં હોય તો તે ઈચ્છે છે કે વિશ્વના દરેક વ્યક્તિને સ્વસ્થ જીવન માટે જરૂરી મૂળભૂત સંસાધનો – જેમ કે શુદ્ધ ખોરાક અને પાણી, આરોગ્ય સેવાઓ અને શુદ્ધ હવા – સરળતાથી ઉપલબ્ધ થાય.

એક ઈન્સ્ટાગ્રામ યુઝરે પૂછ્યું, "જો તમે દુનિયામાં એક વસ્તુ બદલી શકતા હો, તો એ શું હશે?"

આ પ્રશ્નનો જવાબ આપતાં માનુષીએ કહ્યું, "જો હું દુનિયામાં એક વસ્તુ બદલી શકું, તો હું ઈચ્છીશ કે દરેકને મૂળભૂત સંસાધનો ઉપલબ્ધ થાય. ઓછામાં ઓછું જીવન માટે જરૂરી આધારભૂત સુવિધાઓ તો સૌને મળવી જ જોઈએ."

જ્યારે અન્ય એક નેટિઝને પૂછ્યું કે ફ્રી ટાઈમમાં તેમને શું કરવું ગમે છે, ત્યારે તેણે હળવાશથી કહ્યું કે તેને લાગ્યું હતું કે તે પુસ્તક વાંચતી હશે, પરંતુ હાલમાં તો તે ઈન્સ્ટા પર આસ્ક મી એનીથિંગ સેશન કરી રહી છે.

માનુષી સોશિયલ મીડિયા પર આવી જીવંત અને ઈન્ટરેક્ટિવ સેશન દ્વારા પોતાના ચાહકો સાથે સતત જોડાયેલી રહે છે.

થોડા દિવસો પહેલાં અન્ય એક AMA સેશન દરમિયાન તેમણે પોતાનું વજન કેવી રીતે મેનેજ કરે છે તે અંગે પણ વાત કરી હતી.

ફિટનેસ અંગે પોતાનાં વિચારો શેર કરતાં માનુષીએ જણાવ્યું કે તેનાં માટે વજન કાંટા પર દેખાતા આંકડા ફિટનેસનો માપદંડ નથી. તેણે કહ્યું, "હું ફિટનેસ માટે વજનને પરિમાણ તરીકે જોતી નથી. હકીકતમાં પહેલાં કરતાં હાલ મારું વજન વધારે છે, પરંતુ સાથે જ શરીર વધુ મજબૂત પણ છું. એટલે લાગે છે કે આ વધારું વજન મસલ્સનું છે."

પ્રશ્નોના જવાબ આપતાં માનુષીએ પોતાને 'મોર્નિંગ પર્સન' પણ ગણાવી, પરંતુ ઉમેર્યું કે તેનાં કામનાં કારણે તેને 'નાઈટ આઉલ' બનવું પડ્યું છે.



# તુંબાડ 2માં સોહમ શાહ સાથે નવાઝુદ્દીનની એન્ટ્રી પાક્કી

મુંબઈ, તા.03

યશ સોહમની ક્લાસિક હોરર ફિલ્મ તુંબાડની સિક્વલમાં નવાઝુદ્દીન સિદ્દીકીના નામની ચર્ચા થોડાં સમયથી હતી, હવે તેની એન્ટ્રી આ ફિલ્મમાં કન્ફર્મ થઈ ગઈ છે. આ લોકકથાઓ આધારીત ફ્રેન્ચાઈઝીમાં નવાઝુદ્દીનની એન્ટ્રી મહત્વની બની ગઈ છે. હજુ આ ફિલ્મની વાર્તા વિશે કોઈ માહિતી જાહેર થઈ નથી, પરંતુ નવાઝ આ ફિલ્મમાં મહત્વના રોલમાં હશે, તે નક્કી છે.

સોહમ શાહ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર પેન મુવીઝ સાથે એક તસવીર શેર કરી હતી, જેમાં તુંબાડના જાણીતા ગર્ભના સીનમાં સોહમ શાહ સાથે નવાઝુદ્દીન ઉભા પગે બેઠેલો છે, તેમના બંનેના હાથમાં



ફિલ્મની જાણીતી ગુડિયા છે અને તેમની સામે સોના મહોરોનો ઘડો પણ પડ્યો છે, સાથે જ સોહમના હાથમાં તેનું જાણીતું ફાનસ પણ છે. સોહમે આ તસવીર શેર કરતા કેપ્શનમાં લખ્યું હતું, "અમને એ જાહેર કરતાં ખુબ આનંદ થાય છે કે આજના સમયના પ્રતિભાશાળી કલાકરોમાંના એક નવાઝુદ્દીન સિદ્દીકી તુંબાડ 2માં જોડાયા છે. વેલકમ નવાઝભાઈ.'

આ ફિલ્મમાં જોડાવા અંગે નવાઝુદ્દીને કહ્યું, "તુંબાડની ઓરિજિનલ સ્ટોરી અને તેની વાર્તા કહેવાની શૈલી માટે હું હંમેશા તેનો પ્રસંશક રહ્યો છું. સોહમે જ્યારે સિક્વલ માટની વાર્તા કહી તો મને તેની સ્ટોરી ગમી અને હું પણ એમની સફરમાં જોડાઈ ગયો. આ પ્રકારના સ્તરની ફિલ્મ માટે પેન સ્ટુડિયો અને સોહમ શાહ સાથે જોડાવું એ મારા માટે ઘણી ઉત્સાહની વાત છે. હું જે પાત્ર કરું છું એમાં ઘણા સ્તર છે, હું આ જુસ્સાભરી ટીમ સાથે તેમના યુનિવર્સમાં ખોવાઈ જવા માગું છું."

જ્યારે ફિલ્મના એક્ટર પ્રોડ્યુસર સોહમ શાહે જણાવ્યું હતું, "નવાઝ સર આ ફિલ્મમાં અમારી સાથે આવતા અમારો પણ ઉત્સાહ વધી ગયો છે. એ એક એવા કલાકાર છે, જે કોઈ પણ રોલ લે છે, તેમાં બેજોડ તીવ્રતા અને વિશ્વસનીયતા લઈને આવે છે. સિક્વલની ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક બાબતમાં નવાઝનો રોલ ઘણો મહત્વનો બની રહેશે. અમને લાગે છે કે નવાઝ સરના જોડાવાથી ફિલ્મનું ઉંડાણ અને અસર અલગ સ્તર પર પહોંચી જશે."

સોહમ શાહની આ અનાઉન્સમેન્ટ પર ફેન્સ પણ ઉત્સાહમાં આવી ગયા હતા અને ફિલ્મ અંગે ઉત્સુકતા વ્યક્ત કરી હતી. ટૂંક સમયમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ રહ્યું છે, આગળનું કાસ્ટિંગ હજુ જાહેર થયું નથી.

# ક્યારેક તો મને પોતાને કલાકાર કહેતાં પણ થોડું અજીબ લાગે છે : કોંકણા...

મુંબઈ, તા.03

નેશનલ એવોર્ડ વિજેતા એક્ટ્રેસ કોંકણા સેન શર્માની સ્ટ્રીમિંગ ફિલ્મ 'અક્યુઝ્ડ' રિલીઝ થઈ છે, ત્યારે તેણે એક ઈન્ટરવ્યુમાં પોતાની જાત વિશે સતત મનોમંથન કરતાં રહેવાની વાત કરી હતી. ફિલ્મના પ્રમોશન દરમિયાન એક વાતચીતમાં કોંકણાએ જણાવ્યું કે ક્યારેક તેને પોતાને 'આર્ટિસ્ટ' કહેતાં પણ થોડો અચકાટ કે કવિચિત્ર લાગણી થાય છે. તેને જ્યારે સવાલ પૂછવામાં આવ્યો કે એક પ્રતિષ્ઠિત કલાકાર તરીકે તેનાં પર આવતી સામાજિક જવાબદારીઓ અને સત્તા સાથે તેનો સંબંધ કેવો છે અને તે કેવી રીતે તેને સંભાળે છે, ત્યારે તેણે જવાબ આપ્યો, "હું



હકીકતમાં આ રીતે નથી વિચરતી, કારણ કે અંદરથી અનુભવ બહુ અલગ હોય છે. હું મને બહારથી જોઈ શકતી નથી. તેથી હું આ વિશે બહુ વિચારવાનો પ્રયત્ન કરતી નથી. હું વધારે અંતરમુખી છું અને ક્યારેક તો પોતાને 'આર્ટિસ્ટ' કહેતાં પણ મને થોડી અજીબ લાગણી થાય છે." જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તે પોતાને લઈને વધુ ટીકાત્મક અભિગમ ધરાવે છે, ત્યારે તેણે કહ્યું, "ના, મને લાગે છે કે હું એ લોકોમાંની નથી જે કહે કે 'મારું બધું જ પરફેક્ટ છે અને કોઈએ મને કે મારા પરિવારને પ્રશ્ન ન પૂછવો જોઈએ.' આત્મચિંતન કરવું અને પોતાને પરખવું સારું છે. વિચાર બદલવો પણ રસપ્રદ છે અને મારી ફિલ્મનાં પાત્ર ડૉક્ટર ગીતિકાની જેમ બહુ ચિંતિત ન થવું કે દુનિયા તમને કેવી રીતે જોઈ રહી છે." તેણે આગળ ઉમેર્યું, "અન્ય લોકો આપણા વિશે શું વિચારે છે અથવા બહારથી કેવી રીતે જુએ છે, તેના પર આપણું ઘણું ઓછું નિયંત્રણ હોય છે. આપણી ઈમેજ પર બહુ નિયંત્રણ નથી. ક્યારેક આ બંદન તોડવું મહત્વનું હોય છે.

# ભારત ફરી વધારશે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી: 95 લાખ બેરલ તેલ પર નજર, ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી સપ્લાય અટકી

**નવી દિલ્હી, તા.03**

મિડલ ઈસ્ટમાં ઈરાન-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધ અને તેલની સપ્લાય ચેઈન પ્રભાવિત થયા પછી ભારતે ફરી એકવાર રશિયા તરફ વળ્યું છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, ભારત પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી વધારવાનું આયોજન કરી રહ્યું છે.

છેલ્લા કેટલાક દિવસોમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દ્વારા થતી તેલની સપ્લાય લગભગ ઠપ થઈ ગઈ છે, જેના કારણે સરકારી રિફાઈનરીઓ અને પેટ્રોલિયમ મંત્રાલયના અધિકારીઓએ દિલ્હીમાં એક ઈમરજન્સી મીટિંગ કરીને વિકલ્પો શોધવાનું શરૂ કર્યું છે.

રિપોર્ટ અનુસાર, ભારત તે રશિયન તેલ કાર્ગો ખરીદવા પર વિચાર કરી રહ્યું છે, જે હાલમાં ભારતીય સમુદ્રની નજીક અથવા એશિયન જળક્ષેત્રમાં હાજર છે. આંકડાઓ અનુસાર, આ સમયે લગભગ 95 લાખ બેરલ રશિયન ક્રૂડ ઓઈલ ટેન્કરોમાં ભરીને એશિયન દેશોની આસપાસ વેઈટિંગ મોડમાં છે. સપ્લાયમાં ઘટાડો થવાની સ્થિતિમાં ભારત આ ટેન્કરોને તરત જ રિસીવ કરી શકે છે, જેનાથી ટ્રાન્સપોર્ટેશનનો સમય



અને ખર્ચ બંને ઘટશે.

સસ્તો વિકલ્પ: રશિયા ભારતને બેન્ચમાર્ક કિંમતોથી ડિસ્કાઉન્ટ પર તેલ ઓફર કરે છે.

સપ્લાય સિક્યોરિટી: મિડલ ઈસ્ટમાં તણાવ થવા પર સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી સપ્લાય અટકી જાય છે, રશિયા એક સુરક્ષિત વિકલ્પ છે.

ઈકોનોમી પર અસર: સસ્તું તેલ મળવાથી દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો સ્થિર રહે છે અને મોંઘવારી કાબૂમાં રહે છે.

અમેરિકી દબાણ અને પ્રતિબંધોની કડકાઈને કારણે ભારતે છેલ્લા કેટલાક મહિનામાં રશિયા પાસેથી તેલની ખરીદી ઘટાડી દીધી હતી. ફેબ્રુઆરીમાં ભારતે રશિયા પાસેથી દરરોજ માત્ર 10 લાખ બેરલ તેલ ખરીદ્યું, જે સપ્ટેમ્બર 2022 પછીનું સૌથી નીચું સ્તર છે. જોકે, હવે મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિ અને વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની અછતને જોતા ભારતે પોતાની રણનીતિ બદલવાના સંકેત આપ્યા છે.

ગયા મહિને ભારત અને અમેરિકા વચ્ચે એક વચગાળાના વેપાર કરાર પર ચર્ચા થઈ હતી. તેમાં ભારત પર લાગતા ટેરિફને 50%થી ઘટાડીને 18% કરવાની વાત હતી. ખરેખર, આ 50% ટેરિફમાંથી અડધો ભાગ એવા દેશો માટે 'દંડાત્મક શુલ્ક' હતો જેઓ રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા હતા.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા ભારત પર લાગેલા 25% ટેરિફને હટાવી દીધો હતો. ટ્રમ્પે દાવો કર્યો હતો કે તેમણે આ છૂટ એટલા માટે આપી કારણ કે ભારત રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા સંમત થઈ ગયું છે. જોકે, ભારતે ક્યારેય જાહેરમાં આવી કોઈ પ્રતિબદ્ધતા સ્વીકારી નથી. રશિયાએ પણ કહ્યું છે કે તેને ભારતના વલણમાં ફેરફારનું કોઈ કારણ દેખાતું નથી.

તાજેતરમાં અમેરિકી સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા ઘણા દેશો પર લગાવવામાં આવેલા ટેરિફને ગેરબંધારણીય ગણાવીને રદ કરી દીધો હતો. આ પછી ટ્રમ્પ પ્રશાસને અમેરિકામાં થતી આયાત પર 15% ટેરિફ લગાવવાનો નિર્ણય કર્યો છે, જે કાયદેસર રીતે મહત્તમ મર્યાદા છે.

હવે ભારતનું તેલ મંત્રાલય અને વિદેશ મંત્રાલય સાથે મળીને અમેરિકા સાથે વાતચીત કરી રહ્યા છે જેથી રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારતને ફરીથી દંડાત્મક ટેરિફનો સામનો ન કરવો પડે.

ડિસેમ્બર 2025માં ભારત રશિયા પાસેથી તેલ ખરીદવામાં ત્રીજા સ્થાને રહ્યું. તુર્કી બીજો સૌથી મોટો ખરીદનાર બન્યો. તુર્કીએ 2.6 બિલિયન યુરોનું તેલ ખરીદ્યું. ભારતે ડિસેમ્બરમાં રશિયા પાસેથી 2.3 બિલિયન યુરો (લગભગ 23,000 કરોડ રૂપિયા)નું તેલ ખરીદ્યું. નવેમ્બરમાં ભારતે 3.3 બિલિયન યુરો (34,700 કરોડ રૂપિયા)નું તેલ ખરીદ્યું હતું.

ચીન હજુ પણ સૌથી મોટો ખરીદદાર છે, તેણે ડિસેમ્બરમાં રશિયા પાસેથી 6 બિલિયન યુરો એટલે કે લગભગ 63,100 કરોડ રૂપિયાનું તેલ ખરીદ્યું. ભારતની ખરીદી ઘટવાનું સૌથી મોટું કારણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રહી. રિલાયન્સની જામનગર રિફાઈનરીએ રશિયા પાસેથી તેલની ખરીદી લગભગ અડધી કરી દીધી.

પહેલા રિલાયન્સ સંપૂર્ણ સપ્લાય રશિયન કંપની રોસનેફ્ટ પાસેથી લેતી હતી, પરંતુ અમેરિકાના પ્રતિબંધોના ડરથી હવે કંપનીઓ રશિયા પાસેથી ઓછું તેલ ખરીદી રહી છે. રિલાયન્સ ઉપરાંત, સરકારી તેલ કંપનીઓએ પણ ડિસેમ્બરમાં રશિયા પાસેથી તેલની ખરીદી લગભગ 15% ઘટાડી દીધી.

# ઈઝરાયલ-ઈરાન યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલમાં બે દિવસમાં 13%નો ઉછાળો

## દક્ષિણ કોરિયાનું બજાર 4% ક્રેશ, ચીન-હોંગકોંગમાં ફ્લેટ ટ્રેડિંગ, ભારતીય બજાર બંધ

**મુંબઈ, તા.03**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ વચ્ચે આજે એટલે કે 3 માર્ચના રોજ એશિયન શેરબજારોમાં મિશ્ર કારોબાર જોવા મળી રહ્યો છે. જ્યારે, હોળીના કારણે આજે ભારતીય શેરબજાર બંધ છે. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 2.29% નીચે 56,700 ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી 4.03% ઘટીને 6000 ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 4,180 અને હોંગકોંગનો હેંગસેંગ 26,070 પર ફ્લેટ છે. પાકિસ્તાનનો KSE 30 ઈન્ડેક્સ 0.78% વધીને 46,688 ના સ્તરે છે.

બ્રેન્ટ ક્રૂડની કિંમત આજે 3% થી વધુ વધીને 80 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગઈ છે. ગઈકાલે તેમાં 10% નો ઉછાળો આવ્યો હતો. એટલે કે, બે દિવસમાં તે 13% થી વધુ વધી ગયું છે. જાણકારોનું માનવું છે કે જો આ તણાવ વધુ વધશે તો તેલની કિંમતો 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. તેની અસર ભારતમાં પેટ્રોલ-ડીઝલ પર દેખાઈ શકે છે.

દિલ્હીમાં પેટ્રોલ 95 પ્રતિ લીટરથી વધીને 100 સુધી પહોંચી



શકે છે. જ્યારે ડીઝલ 88 થી વધીને 92 સુધી જઈ શકે છે. અન્ય શહેરોમાં પણ આ જ રીતે કિંમતો વધી શકે છે. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.36% વધીને 22,74 પર બંધ થયો. ડાઉ જોન્સ 73 અંક (0.15%) ઘટીને 48,904 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 2 અંક (0.04%) વધીને 6,881 પર બંધ થયો.

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધના કારણે ભારતીય શેરબજારમાં ગઈકાલે એટલે કે 2 માર્ચે ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1048 અંક (1.29%) ઘટીને 80,239 ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ લગભગ 313 અંક (1.24%) નો ઘટાડો જોવા મળ્યો, તે 24,866 ના સ્તરે આવી ગયો.

વિદેશી રોકાણકારો (FII) એ 2 માર્ચના રોજ 3,295 કરોડ રૂપિયાના શેર વેચ્યા. ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (DII) એ 8,593 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. ફેબ્રુઆરીમાં FIIs એ 11,002 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. આ સમયગાળા દરમિયાન DIIs એ 17,324 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

જાન્યુઆરી 2026માં FIIs એ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.

પાકિસ્તાનના શેરબજારમાં 2 માર્ચના રોજ મોટો ઘટાડો જોવા મળ્યો. KSE-30 ઈન્ડેક્સ 4,996 પોઈન્ટ (9.73%) ઘટીને 46,326 પર બંધ થયો. આ પહેલા ભારે વેચવાલીના કારણે માર્કેટમાં 45 મિનિટ માટે ટ્રેડિંગ રોકવું પડ્યું હતું, એટલે કે લોઅર સર્કિટ લાગી હતી.

# વૃદ્ધિ અને વૈવિધ્યકરણ ભાગ 16- GST Gold ETF પર કેવી અસર કરે છે, જાણો રોકાણકારો માટે કેમ ફાયદાકારક

**મુંબઈ, તા.03**

આજે GST એ Gold ETF પર કેવી અસર કરે છે અને તે રોકાણકારો માટે કેમ ફાયદાકારક છે એના વિશે વિસ્તૃત માહિતી જાણીએ.

ગોલ્ડ ETF યુનિટની ખરીદી પર 3% GST લાગતો નથી – ભૌતિક સોના (ઝવેરાત/સિક્કા/બાર)થી વિપરીત જ્યાં ખરીદી કિંમતમાં 3% GST ઉમેરવામાં આવે છે, સ્ટોક એક્સચેન્જ પર ગોલ્ડ ETF યુનિટ ખરીદવા પર આ GST લાગતો નથી.

તમે ફક્ત તમારા બ્રોકર દ્વારા બજાર કિંમત ચૂકવો છો, ઉપરાંત પ્રમાણભૂત બ્રોકરેજ અને અન્ય ફી (જેમ કે STT) – પરંતુ ભૌતિક સોનાની જેમ રોકાણ પર 3% GST લાગતો નથી .

ભૌતિક સોનાની તુલનામાં આ GST ટ્રીટમેન્ટ રોકાણકારોને કેવી રીતે ફાયદો કરે છે તે અહીં છે: ભૌતિક સોના સાથે , 3% GST તમારા પ્રારંભિક ખર્ચમાં વધારો કરે છે અને તમારા વળતરમાં ઘટાડો કરે છે કારણ કે GST એક ડૂબેલો ખર્ચ છે (તમે GST ક્રેડિટનો દાવો કરી શકતા નથી ). ગોલ્ડ ETFમાં , યુનિટ કિંમતમાં આવો કોઈ GST ઉમેરવામાં આવતો નથી , તેથી તમે ઓછા ખર્ચના આધારે શરૂઆત કરો.

ભૌતિક સોના પર GST અને ક્યારેક મેકિંગ ચાર્જ અથવા સ્ટોરેજ ખર્ચ લાગે છે, તેથી તમારા



રોકાણમાં વધુ મૂલ્ય હોવું જોઈએ જેથી તે બરાબર થઈ શકે. ETF આ વધારાના ટેક્સ લિકેજને ટાળે છે.

આ ગોલ્ડ ETF ને તુલનાત્મક રીતે વધુ ખર્ચ-કાર્યક્ષમ બનાવે છે, ખાસ કરીને નિયમિત અથવા વ્યવસ્થિત રોકાણ માટે. એક્સચેન્જ પર નાણાકીય સિક્યોરિટીઝનો વેપાર થતો હોવાથી, ગોલ્ડ ઈટીએફ પારદર્શક ભાવો પ્રદાન કરે છે અને તેને હેન્ડલિંગ કે સ્ટોરેજની જરૂર નથી.

ખરીદી પર GST મુક્તિ કર ગણતરીઓને સરળ બનાવે છે અને ભૌતિક સોના પર આવતા પરોક્ષ કરના વધારાના સ્તરને ટાળે છે. જોકે ETF યુનિટ્સ પર 3% GST વસૂલવામાં આવતો નથી , ફંડનો ખર્ચ ગુણોત્તર, બ્રોકરેજ અથવા STT ટ્રાન્ઝેક્શન ખર્ચના ભાગ રૂપે પરોક્ષ રીતે GST અથવા સંબંધિત ચાર્જને આકર્ષિત કરી શકે છે - પરંતુ ભૌતિક સોનાના કુલ મૂલ્ય પર 3% ની તુલનામાં આ ઘણા ઓછા છે. ગોલ્ડ ETF સામાન્ય રીતે ખરીદી પર GSTમાંથી મુક્ત હોય છે , ભૌતિક સોનાથી વિપરીત, જેમાં 3% GST (વત્તા ઝવેરાત પર 5% મેકિંગ ચાર્જ) લાગે છે.

આનાથી પ્રારંભિક ખર્ચ ઘટે છે, ખર્ચ કાર્યક્ષમતામાં સુધારો થાય છે અને ભૌતિક માલિકી કરતાં સંપત્તિ વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરતા રોકાણકારો માટે સોનાના ભાવમાં એક્સપોઝર મેળવવા માટે ETF ને વધુ કર-કાર્યક્ષમ માર્ગ બનાવે છે.

# એપલનો સસ્તો સ્માર્ટફોન આઈફોન 17e ભારતમાં લોન્ચ

## 48MP ફ્યુઝન કેમેરા અને A19 ચિપસેટ, M4 પ્રોસેસર સાથેનો અપડેટેડ આઈપેડ એર પણ રિવીલ કરાયો

નવી દિલ્હી, તા.03

ટેક કંપની એપલે આજે 2 માર્ચના રોજ ભારત સહિત વૈશ્વિક બજારમાં તેની અપડેટેડ 17 સિરીઝમાં સૌથી સસ્તો ફોન આઈફોન 17e લોન્ચ કર્યો છે. આઈફોન 16eની સરખામણીમાં તેમાં ઘણા અપડેટ્સ કરવામાં આવ્યા છે, જેમ કે - લેટેસ્ટ A19 ચિપ-સેટ, 48MP ફ્યુઝન કેમેરા, બહેતર મજબૂતી, મેગસેફ સપોર્ટ અને બેઝ વેરિઅન્ટમાં સ્ટોરેજને બમણું એટલે કે 256GB કરી દેવામાં આવ્યું છે.

આ ઉપરાંત, કંપનીએ અપડેટેડ M4 પ્રોસેસર સાથે નવો iPad Air પણ રજૂ કર્યો, જે અગાઉની જનરેશનની સરખામણીમાં 30% ઝડપી છે. iPhone 17e અને iPad Air ની શરૂઆતની કિંમત 64,900 રૂપિયા છે.

iPhone 17e ની શરૂઆતની કિંમત પાછલા મોડેલની સરખામણીમાં વધુ છે, જેનું કારણ સંભવતઃ મેમરી ચિપ્સની અછત છે. ગયા વર્ષે iPhone 16e ને 59,900 રૂપિયામાં લોન્ચ કરવામાં આવ્યો હતો.

જોકે, 16e ના બેઝ મોડેલમાં 128GB સ્ટોરેજ હતી, જ્યારે 17e ના બેઝ મોડેલમાં 256GB મેમરી આપવામાં આવી છે. બંને ડિવાઈસને 4 માર્ચ સાંજે 7:45 વાગ્યાથી બુક કરી શકાશે, જ્યારે વેચાણ 11 માર્ચથી શરૂ થશે.



આઈફોન 17eના ફ્રન્ટમાં સિરામિક શીલ્ડ 2 નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે સ્ક્રેચથી 3 ગણી વધુ સુરક્ષા આપે છે. બેક પેનલ પર મેટ ટેક્સચર આપવામાં આવ્યું છે, જેનાથી હાથમાં પકડતી વખતે તે લપસતો નથી. તેમાં જૂના મોડેલની જેમ જ 'નોચ' ડિઝાઈન જાળવી રાખવામાં આવી છે.

ફોનમાં શોર્ટકટ્સ માટે ખાસ એક્શન બટન આપવામાં આવ્યું છે. ચાર્જિંગ માટે તેમાં USB ટાઈપ-C પોર્ટ મળે છે. આ 3 કલર- સોફ્ટ પિંક, વ્હાઈટ અને બ્લેકમાં ઉપલબ્ધ થશે.

ડિસ્પ્લે: તેમાં 6.1-ઈંચની સુપર રેટિના XDR OLED ડિસ્પ્લે આપવામાં આવી છે. તેની પીક બ્રાઈટનેસ 1200 નિટ્સ છે, જેનાથી તેજ તડકામાં પણ સ્ક્રીન સ્પષ્ટ દેખાય છે.

પર્ફોર્મન્સ: તેમાં 3nm પ્રોસેસ પર બનેલો નવો A19 ચિપ-સેટ લાગેલો છે. કંપનીનો દાવો છે કે તેનું CPU જૂના iPhone 11 કરતાં 2 ગણું વધુ ઝડપી છે. ગેમિંગ માટે તેમાં હાર્ડવેર-એક્સિલરેટેડ રે ટ્રેસિંગનો સપોર્ટ પણ મળે છે.

કેમેરા: ફોનના રિયરમાં 48MPનો ફ્યુઝન કેમેરા છે. તે લેન્સ બદલ્યા વિના 'ઈન-સેન્સર ક્રોપિંગ' દ્વારા 2x ઓપ્ટિકલ-ક્વોલિટી ઝૂમ આપે છે. સેલ્ફી માટે ફ્રન્ટમાં ફેસ ID સેન્સર સાથે દમદાર કેમેરા મળે છે.

બેટરી અને ચાર્જિંગ: તે મેગસેફ અને Qi2 વાયરલેસ ચાર્જિંગ (15W) ને સપોર્ટ કરે છે. USB-C દ્વારા તે માત્ર 30 મિનિટમાં 50% સુધી ચાર્જ થઈ જાય છે.

સોફ્ટવેર: તે લેટેસ્ટ iOS 26 પર ચાલે છે, જેમાં કોલ સ્ક્રીનિંગ અને લાઈવ ટ્રાન્સલેશન જેવા 'એપલ ઈન્ટેલિજન્સ' ફીચર્સ આપવામાં આવ્યા છે.

એપલે આઈપેડ એરની સિગ્નેચર સ્લિમ અને લાઈટવેઈટ ડિઝાઈન જાળવી રાખી છે. તે પ્રીમિયમ એલ્યુમિનિયમ મટિરિયલથી બનેલું છે, જે હાથમાં પકડવા પર ખૂબ જ પ્રીમિયમ અને મજબૂત ફીલ આપે છે. આ 11 અને 13 ઈંચના બે સાઈઝમાં આવે છે. તેમાં સુપર રેટિના ડિસ્પ્લે સાથે પાતળા બેઝલ્સ આપવામાં આવ્યા છે. તેમાં ફાસ્ટ ડેટા ટ્રાન્સફર અને ચાર્જિંગ માટે USB ટાઈપ-C પોર્ટ છે.

આ નવા 'એપલ પેન્સિલ પ્રો' અને મેજિક કીબોર્ડને સપોર્ટ કરે છે, જેનાથી તેને મિની લેપટોપની જેમ ઉપયોગ કરી શકાય છે.

પર્ફોર્મન્સ: આમાં 8-કોર CPU અને 9-કોર GPU વાળો M4 પ્રોસેસર લાગેલો છે. આ 3D રેન્ડરિંગ અને ગેમિંગ માટે 'રે ટ્રેસિંગ' ને સપોર્ટ કરે છે. એપલનો દાવો છે કે તેની 3D રેન્ડરિંગ સ્પીડ M1 મોડેલ કરતાં 4 ગણી વધારે છે.

મેમરી: આ વખતે બેઝ મોડેલમાં જ 12GB યુનિફાઈડ મેમરી આપવામાં આવી છે, જે જૂના મોડેલ કરતાં 50% વધારે છે. તેની મેમરી બેન્ડવિડ્થ 120GB/s છે.

સોફ્ટવેર: આ iPadOS 26 પર ચાલે છે, જેમાં લિક્વિડ ગ્લાસ ઈન્ટરફેસ અને બહેતર વિન્ડો મેનેજમેન્ટ સિસ્ટમ આપવામાં આવી છે. આમાં ફાઈલ્સ એપ અને ફોલ્ડર કસ્ટમાઈઝેશનને ડેસ્કટોપ જેવું બનાવવામાં આવ્યું છે.

AI ફીચર્સ: તેનું 16-કોર ન્યુરલ એન્જિન જૂના મોડલ્સની સરખામણીમાં 3 ગણું વધુ ઝડપી છે, જે વીડિયોમાંથી બેકગ્રાઉન્ડ દૂર કરવા અને ઈમેજ રેકગ્નિશન જેવા AI કાર્યોને પળવારમાં કરી દે છે.

# ફિનો બેંક CEOની ધરપકડ પર બેંકની સ્પષ્ટતા: ₹3,000 કરોડની GST ચોરીનો કેસ પાર્ટનર કંપનીનો, શેર 15% ઘટ્યા પછી વધીને બંધ

**નવી દિલ્હી, તા.03**

ફિનો પેમેન્ટ્સ બેંકના MD ઋષિ ગુપ્તાની ધરપકડ પર બેંકનું કહેવું છે કે આ મામલો બેંકના કામકાજ કે ટેક્સ સાથે જોડાયેલો નથી. આ બાહ્ય પાર્ટનર કંપનીઓ વિરુદ્ધ ચાલી રહેલી તપાસનો એક ભાગ છે. GST ઈન્ટેલિજન્સે ઋષિ ગુપ્તાની 27 ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી.

ઓગસ્ટ 2025માં ઓનલાઈન ગેમિંગ પર પ્રતિબંધ પછી દેશમાં ટેક્સ ચોરી વિરુદ્ધ આ અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી છે. આ સમાચાર પછી




સોમવારે બેંકના શેરોમાં 15%નો ઘટાડો જોવા મળ્યો. જોકે, બેંકના જવાબ પછી શેર 190 રૂપિયા પર ફ્લેટ બંધ થયા.

પાર્ટનર કંપનીઓ 'રિયલ મની ગેમિંગ' સેવાઓ આપે છે. આરોપ છે કે તેણે GSTની ઓછું રિપોર્ટિંગ કર્યું છે. તપાસ એજન્સીઓ અનુસાર, ઓગસ્ટ 2025માં ગેમિંગ પ્રતિબંધ લાગુ થયા પછી લગભગ 3 હજાર કરોડ રૂપિયાના વ્યવહારો ફિનો બેંકના પેમેન્ટ ગેટવે અને 'ડમી મર્ચન્ટ્સ' દ્વારા રૂટ થયા.

ફિનો બેંકે જણાવ્યું કે બેંક પર GST જવાબદારી અંગે જે પણ વાતો કરવામાં આવી રહી છે, તે સંપૂર્ણપણે ખોટી અને પાયાવિહોણી છે. બેંકે આ મામલે વરિષ્ઠ કાનૂની સલાહકારો પાસેથી સલાહ લીધી છે. મેનેજમેન્ટનું કહેવું છે કે ભાગીદારો વિરુદ્ધ ચાલી રહેલી આ તપાસમાં બેંકને ખેંચવી યોગ્ય નથી.

સીઈઓની ગેરહાજરીમાં બેંકનું કામ યોગ્ય રીતે ચાલતું રહે તે માટે કેતન મર્ચન્ટને હેડ ઓફ ઓર્ગેનાઈઝેશન બનાવવામાં આવ્યા છે. બેંકે જણાવ્યું છે કે તેમણે સુરક્ષાત્મક ઉપાયો તૈયાર રાખ્યા છે જેથી બેંકની સ્થિરતા અને દૈનિક કામગીરી પર કોઈ અસર ન થાય. મેનેજમેન્ટે ખાતરી આપી છે કે બેંકની નાણાકીય સ્થિતિ મજબૂત છે અને તેઓ રેગ્યુલેટરી ધોરણોનું પાલન કરી રહ્યા છે.

# SAFTA કરાર હેઠળ ડ્યુટી મુક્ત વેપારના કારણે 2025માં નેપાળની ભારતમાં સોયાતેલની નિકાસ 10 ગણી વધી

**અમદાવાદ, તા.03**

નેપાળની ભારતમાં સોયાબીન તેલની ૨૦૨૫માં નિકાસ દસ ગણી વધીને રેકોર્ડ ટોચે પહોંચી છે. આ બમ્પર ઉછાળા પાછળ ભારતનું ડ્યુટી-ફ્રી માર્કેટ છે જેનો ફાયદો નેપાળે ભરપૂર ઉઠાવ્યો છે. સોયાતેલની બમ્પર નિકાસના જોરે નેપાળની ભારતમાં કુલ નિકાસ પણ બમણી થઈ ગઈ છે. સોયાતેલની નિકાસ ૧૦ ગણી વધતા નેપાળની ભારત સાથેની વેપાર ખાધ ઓછી થઈ છે પરંતુ સરહદી વિસ્તારોમાં ખાદ્ય તેલના ભાવ પર દબાણ આવ્યું છે અને આયાત ડ્યુટી ચૂકવતા ભારતીય રિફાઈનરોને સસ્તા સપ્લાય સામે સ્પર્ધા કરવાનું મુશ્કેલ બન્યું છે. સોયાતેલની ૧ અબજ ડોલરથી વધુની નિકાસને કારણે નેપાળને ૨૦૨૫માં ભારતમાં તેની કુલ માલસામાનની નિકાસ એક વર્ષ પહેલા કરતા બમણી કરીને ૨ અબજ ડોલર કરવામાં મદદ મળી હતી. ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સંકલિત ડેટા અનુસાર ભારતે ૨૦૨૫માં નેપાળથી રેકોર્ડ ૬૯૪,૧૫૩ મેટ્રિક ટન સોયાતેલની આયાત કરી, જે એક વર્ષ પહેલા ૬૫,૧૩૮ ટન હતી. વિશ્વના સૌથી મોટા વનસ્પતિ તેલ આયાતકારે સપ્ટેમ્બર, ૨૦૨૪માં રિફાઈન્ડ સોયાતેલ પર આયાત ડ્યુટી વધારીને ૩૫.૭૫ ટકા કરી, જે અગાઉ ૧૩.૭૫ ટકા હતી. નેપાળમાંથી થતી ભારતમાં નિકાસ ડ્યુટી-મુક્ત છે અને સામે પક્ષે ભારતીય રિફાઈનર્સે ક્રૂડ સોયાઓઈલની આયાત પર ૧૬.૫ ટકા આયાત ડ્યુટી ચૂકવવી પડે છે.




**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અમદાવાદ ડિવિઝનના અમદાવાદ, સાબરમતી BG, મહેસાણા, ગાંધીધામ, ભુજ, અસારવા, ગાંધીનગર કેપીટલ, વિરમગામ, આંબલી રોડ, ચાંદલોડિયા, સાબરમતી, કલોલ અને સામખિયાળી સ્ટેશનો પર ATVM સેવા પ્રદાતાની નિમણૂંક**

**અમદાવાદ ડિવિઝનના** વિવિધ સ્ટેશન પર **"ATVM સેવા પ્રદાતા"** તરીકે કામ કરવા **સામાન્ય જનતા અને નિવૃત્ત રેલવે કર્મચારીઓ** પાસેથી નિર્ધારીત ફોર્મેટમાં અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે. અરજદારે તેમની/તેણીની પસંદગીના સ્ટેશનનું નામ સ્પષ્ટપણે જણાવવાનું રહેશે. પસંદ કરાયેલ અરજદારોને ૦૨ (બે) વર્ષોના સમયગાળા માટે ATVM દ્વારા ટિકિટ ઈશ્યુ કરવાની પરવાનગી આપવામાં આવશે, જેને સક્ષમ અધિકારી એટલે કે ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ) - અમદાવાદ પશ્ચિમ રેલવેના સંતોષ અને યોજનાના વિસ્તરણ આધિન વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે. **અરજી ફોર્મ્સ રેલવેની વેબસાઈટ www.wr.indianrailways.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે અને બંધ થવાની તારીખ ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાક સુધી અથવા તે પહેલાં જમા કરાવવાના રહેશે.**

**લાયકાતની શરતો :-**

**(૧) અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઈએ અને તેણે ઓછામાં ઓછું મેટ્રિક અથવા તેને સમકક્ષ પાસ કરેલું હોવું જોઈએ. (૨) અરજદાર જ્યાં ATVM સેવા પ્રદાતાની નિમણૂંક થવાની છે તે સ્ટેશન જ્યાં આવેલું હોય તે સ્થાનિક જિલ્લાનો રહેવાસી હોવો જોઈએ.** (૩) યોજનાની મુખ્ય વિશેષતાઓ અને અન્ય નિયમો તથા શરતો **પરિશિષ્ટ-A** માં સંલગ્ન કરવામાં આવેલ છે. **(૪)** અરજીનો નમૂનો અને તેની સાથે જોડવાના દસ્તાવેજોની વિગતો **પરિશિષ્ટ-B અને C** માં આપવામાં આવેલ છે. **(૫)** પસંદ કરવાના/નિમણૂંક કરવાના સેવા પ્રદાતાની સ્ટેશન મુજબ સંખ્યા અને ATVM સ્થળોની વિગતો **પરિશિષ્ટ-D** માં આપવામાં આવેલ છે. **(૬) એકથી વધુ અરજીઓ અમાન્ય ગણવામાં આવશે અને તેને કોઈપણ તબક્કે નકારી દેવામાં આવશે.**

અરજદારોએ પ્રસ્તાવિત ફોર્મેટમાં યોગ્ય રીતે ભરેલી તેમની અરજી જરૂરી દસ્તાવેજો સાથે સિલબંધ કવરમાં **સિનિ. ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, કોમર્શિયલ વિભાગ, ચામુંડા માતાના મંદિર પાસે, ગુજરાત કેન્સર હોસ્પિટલની સામે, અમદુપુરા, અમદાવાદ - ૩૮૨૩૪૫ ખાતે તમામ કામકાજના દિવસો દરમિયાન ૧૦:૩૦ કલાકથી ૧૬:૦૦ કલાકની વચ્ચે તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ અથવા એ પહેલાં જમા કરાવવાની રહેશે. ઉપરોક્ત જણાવેલી તારીખ પછી મળેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. ટપાલ દ્વારા થનાર વિલંબને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. કવર પર સ્પષ્ટપણે "સ્ટેશન (સ્ટેશનનું નામ) માટે ATVM સેવા પ્રદાતા તરીકે નિમણૂંક માટેની અરજી અને અરજદારનું નામ અને પીનકોડ સહિતનું સરનામું" લખેલું હોવુ જોઈએ. તમામ જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા પછી અરજીઓની ચકાસણી કરવામાં આવશે અને તમામ શરતો પરિપૂર્ણ થવા પર, ફાળવણી કરવામાં આવશે.** જો કોઈપણ સ્ટેશન અથવા ATVM સ્થાન માટે પાત્રતા/લાયકાત ધરાવતા અરજદારોની સંખ્યા જરૂરી સેવા પ્રદાતાની સંખ્યા કરતાં વધારે હશે ત્યારે પસંદગી પાત્રતા/લાયકાત ધરાવતા અરજદારો અને અમદાવાદ ડિવિઝનના બે અધિકારીઓની ઉપસ્થિતિમાં લકી ડ્રો દ્વારા કરવામાં આવશે. ATVM સેવા પ્રદાતાની માન્યતા રેલવે બોર્ડની નીતિ માર્ગદર્શિકા મુજબ માન્ય હશે તો જ વિસ્તારીત કરી શકાશે.

**બિડાણ :** **(૧)** પરિશિષ્ટ A : યોજનાની મુખ્ય વિશેષતાઓ **(૨)** પરિશિષ્ટ B : નિવૃત રેલવે કર્મચારીઓ માટે અરજી ફોર્મેટ **(૩)** પરિશિષ્ટ C : સામાન્ય જનતા માટે અરજી ફોર્મેટ **(૪)** પરિશિષ્ટ D : ATVMs માટે સ્ટેશન મુજબ પસંદ થનારા સેવા પ્રદાતાની સંખ્યા **(૫)** પરિશિષ્ટ E : નોમિનેશન ફોર્મેટ (નિવૃત રેલવે કર્મચારીઓ માટે) **(૬)** રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર બાંયધરી પત્ર (નિવૃત રેલવે કર્મચારીઓ માટે) **(૭)** યોગ્ય રકમના સ્ટેમ્પ પેપર પર બાંયધરી પત્ર (સામાન્ય જનતા માટે)

ADI-295

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# હિન્દુ છોકરી-મુસ્લિમ છોકરાના લગ્નને લઈને હોબાળો

## યુવક-યુવતીને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કોર્ટમાંથી લઈ જવાયા, VHP-બજરંગદળના કાર્યકરોની પોલીસ સાથે ઝપાઝપી

**અમદાવાદ, તા.03**

અમદાવાદના મેટ્રો કોર્ટ કમ્પાઉન્ડમાં આવેલા જિલ્લા રજીસ્ટ્રાર અને ખાસ લગ્ન નોંધણી કચેરી ખાતે આજે(3 માર્ચ) હિન્દુ છોકરી અને મુસ્લિમ છોકરાના લગ્નને લઈને ભારે હોબાળો મચ્યો હતો. ગાંધીનગરના કારોલીની યુવતી અને કઠવાડાનો 27 વર્ષીય યુવક લગ્ન માટે કોર્ટમાં પહોંચ્યા હતા. સંભવિત વિરોધને જોતા યુવતીને વકીલના કપડાં પહેરાઈને કોર્ટમાં લવાઈ હતી. આ મામલે જાણ થતાં વિહિપ અને બજરંગદળના કાર્યકરો કોર્ટમાં પહોંચ્યા હતા. એક સમયે તો એવી સ્થિતિ સર્જાઈ હતી કે બંને યુવક-યુવતી કચેરીમાં હતા અને બહાર હિન્દુ સંસ્થાઓ વિરોધ કરી રહી હતી.

બાદમાં વિવાદ વધતા પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે ગોઠવી દેવાયો હતો અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે યુવક-યુવતીને ગાંધીનગરના બહિયલ લઈ જવાયા હતા.

દીકરીના કાકાએ જણાવ્યું હતું કે છોકરીને શરદ પૂનમની રાત્રે ભગાડી ગયા હતા. છોકરી બહિયલ ગામની કોલેજમાં ભણતી હતી. તેની ઉપર આરોપી યુવાનનું દબાણ લાગે છે. પોલીસ મથકે ફરિયાદ આપવામાં આવી હતી. અમને દીકરી પરત જોઈએ.

બજરંગદળના કાર્યકર્તા ગણેશ વણઝારાએ જણાવ્યું કે અમારી હિન્દુ દીકરીને લવજેહાદમાં ફસાવાઈ છે. પાછળના દરવાજાથી યુવતીને વકીલના કપડામાં કચેરીમાં લઈ જવાઈ હતી. રજિસ્ટાર પ્રોટેક્શન આપે છે અને વકીલના કપડા પહેરાવીને અંદર રજીસ્ટર કરાવે છે. દીકરીને અમારી અને પરિવાર સાથે વાત કરાવવામાં આવે તેવી અમારી માગ છે.

એમ.એમ.સૈયદ મેરેજ રજિસ્ટ્રાર પોતે મુસ્લિમ હોવાથી પક્ષપાતી વલણ ધરાવતા હોવાનો VHP અને બજરંગ દળે આક્ષેપ કર્યો હતો. સાથે જ કેટલાક વકીલોનું કહેવું છે કે મેરેજ રજીસ્ટ્રેશન 11 વાગ્યે શરૂ થાય છે, પરંતુ છોકરો




મુસ્લિમ હોવાથી 9:30 વાગ્યે બંનેને અહીં લાવવામાં આવ્યા હતા.

અગાઉ લગ્ન રજિસ્ટ્રેશન માટે યુવક-યુવતી બંને વકીલના ડ્રેસમાં અમદાવાદની મેટ્રો કોર્ટમાં આવ્યા હતા. જેથી વકીલોએ તેમનો વિરોધ કરી કારંજ પોલીસ મથકે જાણ કરી હતી અને બંને સામે કડક પગલાં લેવા માગ કરી હતી.

મામલો ગંભીર બનતા બજરંગ દળના જ્વલીત મહેતા, ભાજપના ધારાસભ્ય કૌશિક જૈન કોર્ટમાં પહોંચ્યા હતા. સાથે જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો પણ તહેનાત કરી દેવાયો હતો. તાત્કાલિક પોલીસના કાફલાને કોર્ટના કમ્પાઉન્ડમાં ગોઠવી દેવાયો હતો. સ્થિતિની ગંભીરતાને જોતા ક્રાઈમ બ્રાંચ પણ કોર્ટમાં પહોંચી ગઈ હતી.

બાદમાં યુવક-યુવતીને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કોર્ટમાંથી દહેગામ નજીક બહિયલ ખાતે લઈ જવાયા હતા. આ દરમિયાન VHP અને બજરંગદળના કાર્યકરોની પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. મામલો ઉગ્ર બનતા VHPના ત્રણ કાર્યકર્તાની અટકાયત કરીને કારંજ પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. બાદમાં બજરંગ દળના જ્વલીત મહેતા અને કાર્યકર્તાઓ તથા ભાજપના ધારાસભ્ય કૌશિક જૈન પણ કારંજ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

ધારાસભ્ય કૌશિક જૈને જણાવ્યું કે મારા વિધાનસભા ક્ષેત્રમાં આ કોર્ટ આવેલી છે. એક હિન્દુ અને એક મુસ્લિમનો કેસ હતો અને મને જાણ થઈ કે અહીંયા પબ્લિક ભેગી થઈ ગઈ છે. છોકરી દહેગામની છે અને છોકરો અહીંનો હશે, એટલે લોકો મેરેજ રજિસ્ટ્રેશન કરાવવા આવ્યા હતા. પણ અહીંયા તોફાન થઈ જાય એવી પરિસ્થિતિ હોવાના કારણે મેં પોલીસ કમિશનર સાહેબને ભલામણ કરી કે અહીંયા જો દહેગામનો બનાવ હોય તો તમે દહેગામમાં લઈ જઈને એના મમ્મી-પપ્પાને એકવાર મળાવીને અને જે પછી નિર્ણય લેવાય એ નિર્ણય પ્રમાણે કરો.

લગ્ન મેરેજ રજિસ્ટ્રેશન થયા નથી. જે એડવોકેટ રજિસ્ટ્રેશન કરાવવા આવ્યા હતા એમણે એમનું વકીલાતનામું પણ પાછું ખેંચી લીધું છે. એમને પણ ગેરસમજ થોડી હતી એટલે એમણે જાતે વકીલાતનામું ખેંચી લીધું છે. એટલે રજિસ્ટર અત્યારે મેરેજ થયા નથી. રજિસ્ટ્રારને પણ એક એપ્લિકેશન આપવાનું મેં કીધું છે, કારણ કે પેલી દીકરી એડવોકેટ નહીં હોવા છતાં એડવોકેટનો ડ્રેસ ધારણ કરીને અહીંયા આવી હતી અને લોકોને ગેરમાર્ગે દોરી હતી.

લોકોએ જે રજૂઆત કરી એ સરકારમાં હું રજૂઆત કરીશ કે જો આવું થતું હોય તો એ વ્યવહારિક નથી. રજિસ્ટ્રાર જે પણ હોય અને રજિસ્ટ્રેશન કરીને એના પછી એક મહિના સુધી બહાર બોર્ડ પર મૂકવું પડે છે અને ત્યારબાદ લગ્ન રજિસ્ટ્રેશન થતા હોય છે. તો આ કાર્યવાહી જો રજિસ્ટ્રાર આવું કરતા હશે, તો સરકાર એના સામે કડકમાં કડક કાર્યવાહી કરશે.

રજિસ્ટ્રારને અમે ફરિયાદ કરવા આપી છે કે જો કોઈ એડવોકેટ ના હોય અને એડવોકેટ બનીને લોકોને ગેરમાર્ગે દોરીને જો આ રીતે મેરેજ કરવામાં આવતા હોય, તો એના સામે કડકમાં કડક કાર્યવાહી કરવી જોઈએ.

સામાજિક પ્રેશર વધતા રાજ્ય સરકારે 19 ફેબ્રુઆરી, 2026એ લગ્ન નોંધણીના નિયમોમાં ડ્રાફ્ટ સુધારા વિધાનસભામાં રજૂ કર્યા હતા. હર્ષ સંઘવીએ જણાવ્યું કે અમને પ્રેમથી કોઈ વાંધો નથી પણ કોઈ સલીમ સુરેશ બનીને દીકરીને ફસાવશે તો તેને નહીં છોડીએ. સૂચિત સુધારા મુજબ હવે પ્રેમ લગ્ન માટે અરજી કરશો તો વોટ્સએપ દ્વારા માતા-પિતાને જાણ કરાશે, અરજી કર્યાના 40માં દિવસે મેરેજ સર્ટિફિકેટ મળશે.

તે સમયે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, જે લોકો માતા-પિતાની મંજૂરીથી લગ્ન કરતા હોય એવા લોકોને ધક્કા ખાવા ન પડે અને પ્રેમલગ્નમાં પણ જે પોતાની ખોટી ઓળખ બતાવતા નથી એવા લોકોને પણ ધક્કા ખાવા ન પડે એવી સિસ્ટમ બનાવી છે. નવી પદ્ધતિમાં નોટરી કરનારે તમામ લોકોની હાજરીમાં નોટરી કરવી પડશે. જો હાજરી વિના સિક્કો મારશે તો કડક પગલાં લેવાશે. માતા-પિતાના આધાર કાર્ડ અને ફોન નંબર પણ લેવામાં આવશે. લગ્ન નોંધણીની અરજી આપશે એ જ દિવસે લગ્ન નોંધણી કરનાર દીકરીના માતા-પિતાને સંપૂર્ણ ડિટેઈલ મોકલી દેવાશે.

રાજ્ય સરકાર આગામી દિવસોમાં પ્રેમલગ્નોની નોંધણી માટે અલગ ઓનલાઈન પોર્ટલ શરૂ કરવાની પણ તૈયારીમાં છે, જેથી સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને ટ્રેક કરી શકાય તેવી બને. જેમાં જેવી રજિસ્ટ્રેશન માટે અરજી આપવામાં આવશે એ જ મિનિટે વોટ્સએપ દ્વારા માતા-પિતાને તેમની દીકરીએ લગ્ન નોંધણી માટે જે વિગત આપી છે તે ડિટેઈલ અપાશે.

# મહિલા ગેંગે જ્વેલર્સની નજર ચૂકવી સોનાના દાગીના સેરવી લીધા: ગ્રાહકના સ્વાંગમાં ચાર મહિલાઓ દુકાનમાં ઘૂસી, સોનાની ચુની-કડી લઈ ફરાર....

**અમદાવાદ, તા.03**

અમદાવાદના જ્વેલર્સની દુકાનોમાં ગ્રાહકના સ્વાંગમાં જઈને સોનાના દાગીનાની ચોરી કરતી બે મહિલાઓને નરોડા પોલીસે ઝડપી પાડી છે. ધરપકડ કરાયેલી બંને મહિલાઓ કૌટુંબિક બહેનો છે. બંને મહિલાઓની સાથે અન્ય બે મહિલાઓ પણ ગ્રાહક બની જ્વેલર્સની દુકાનોમાં પ્રવેશતી અને દુકાનદાર સોનાના દાગીના બતાવે ત્યારે તેમને વાતોમાં રાખી અથવા અન્ય બહાને નજર ચૂકવી દાગીના ચોરી કરતા હતા. નરોડા પોલીસે સોનાની ચુનીઓ અને કડી સહિત રૂપિયા 80 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.



શહેરના નરોડા વિસ્તારમાં આવેલા જે.જે જ્વેલર્સ નામની દુકાનમાં 24 ફેબ્રુઆરીના રોજ ત્રણેક વાગ્યાની આસપાસ ચાર જેટલી મહિલાઓ એક બાળક સાથે દુકાનમાં આવી હતી. જેમાં સૌ પ્રથમ બે મહિલાઓ આવી હતી અને બાદમાં અન્ય બે મહિલાઓ આવી હતી. જે.જે જ્વેલર્સમાં હાજર દુકાન માલિકની દીકરીએ બહેનોને કાનમાં પહેરવાની બુટ્ટી અને ચુની બધું બતાવ્યું હતું.

ત્યાર બાદ અલગ અલગ વસ્તુ બતાવવાનું કહ્યું અને કારીગર પાસે પાણી મંગાવ્યું હતું. આ દરમિયાન બીજા ગ્રાહક આવતા દુકાનદાર તેમને પણ વસ્તુ બતાવવા હતા, ત્યારે ચારેય મહિલાઓ તમારે વાર લાગશે કહી નીકળી ગઈ હતી. જોકે, દુકાનદારની દીકરીએ ચુનીઓના પેકેટની જ્યારે તપાસ કરી તો તેમાંથી કેટલીક કડી અને ચુની જોવા મળી નહોતી. ચારેય મહિલાઓ નજર ચૂકવીને ચોરી કરી જતી રહી હતી.

જ્વેલર્સના માલિક દ્વારા નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. નરોડા પોલીસે જ્વેલર્સની દુકાનમાં લાગેલા સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા અને તેના આધારે શહેરના એસ.જી. હાઈવે પર થલતેજના પેલેડિયમ મોલ પાસે બ્રિજ નીચે રહેતી કોયલ દેવીપુજક અને ગીતા દેવીપુજક નામની બે મહિલાઓની ધરપકડ કરી હતી.

નરોડા પાલીસ સ્ટેશનના પીઆઈ પી.વી. ગોહિલે જણાવ્યું હતું કે, જ્વેલર્સની દુકાનમાં ચોરી કરવા માટે ચાર મહિલાઓ આવી હતી. જેમાં સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઈ હતી. જેના આધારે બે મહિલાઓની ધરપકડ કરાઈ છે. અન્ય બે મહિલાઓ ગર્ભવતી હોવાને કારણે તેમને નોટિસ આપી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

હાલ બે આરોપી મહિલાઓની ધરપકડ કરી તેમની પાસેથી ચોરીના મુદ્દામાલમાં ગયેલી સોનાની ચુનીઓ અને કડી વગેરે કબજે કરવામાં આવ્યું છે. આરોપી મહિલાઓ જ્વેલર્સની દુકાનમાં ગ્રાહકોના સ્વાંગમાં જઈ વાતોમાં રાખીને સોનાના દાગીનાની ચોરી કરી છે. બે મહિલાઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# 500 અને 1000ની જૂની નોટના થપ્પા ને થપ્પા મળ્યા: 89 લાખની 9 હજારથી વધુની જૂની નોટો જપ્ત.....

## ઉત્તર ગુજરાતથી નોટોની હેરફેર કરનાર બે અમદાવાદમાંથી ઝડપાયા

**અમદાવાદ, તા.03**

ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી 500 અને 1000ના દરની રૂ. 89 લાખની કિંમતની નોટો સાથે અમદાવાદના નરોડા પોલીસ દ્વારા બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. બંને આરોપીઓ અન્ય વ્યક્તિ પાસેથી આ નોટ લેતા હતા અને તેની હેરાફેરી પેટે કમિશન મેળવતાં હતાં. બેથી ત્રણ મહિના પહેલા પણ કુલ 40 લાખની નોટોની હેરફેર પણ કરી હતી. ઉત્તર ગુજરાતથી આ નોટોની હેરફેર કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે, પોલીસ દ્વારા હાલ આ સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ડીસીપી ઝોન 4 અતુલ બંસલે જણાવ્યું હતું કે, નરોડા પોલીસ સ્ટેશનના ડી સ્ટાફની ટીમને બાતમી મળી હતી કે એક વેગનઆર ગાડીમાં જૂની નોટો લઈને કેટલાક લોકો પસાર થવાના છે. જેના



આધારે પોલીસે ગાડીને રોકી અને તપાસ કરતા સરકાર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી જૂની 500 અને 1000ના દરની 9100 નોટો એટલે કે 89 લાખ રૂપિયાની કિંમતની નોટો મળી આવી હતી.

ડીસીપીએ વધુમાં કહ્યું હતું કે, જે નોટો જપ્ત કરીને અનિલ રબારી અને કૃષ્ણપાલ સિંહ સોઢાની અટકાયત કરી હતી. આરોપીઓની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, બંને આરોપીઓ જૂની 500 અને 1000ની નોટોની હેરફેર કરે છે અને તેના પેટે 25થી 30 હજાર રૂપિયાનું કમિશન મેળવે છે. અમદાવાદના અમરાઈવાડી વિસ્તારના રહેવાસી મુકેશભાઈ રબારી નામના વ્યક્તિએ તેમને આ નોટો હેરફેર કરવા માટે આપી હતી. બંસલે વધુ વિગત આપતાં જણાવ્યું હતું કે, કમિશન પેટે તેઓ પૈસા લેતા હતા. ભૂતકાળમાં 30 લાખ અને 10 લાખ એમ બે વખત પણ નોટોની હેરાફેરી કરી ચૂક્યા છે. નોટો આપનાર મુકેશ અને લક્ષ્મણ એ બંને આરોપીઓની હાલ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. હાલ તેની વધુ પૂછપરછ કરવામાં આવશે અને મુખ્ય સૂત્રધારની ધરપકડ પણ કરવામાં આવશે.

# કોન્સ્ટેબલ ઉપર બૂટલેગરે હુમલો કરી માથુ ફાડી નાખ્યું: 'તું અમારા ધંધાની બાતમી આપે છે' કહીને માથામાં લાકડાનો ડંડો મારી ગડદાપાટુનો માર માર્યો, 3 સામે ફરિયાદ

**અમદાવાદ, તા.03**

અમદાવાદ શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા મજૂર ગામ પાસે એકતા નગરની ચાલીમાં પોલીસ કોન્સ્ટેબલ ઉપર બુટલેગરે હુમલો કર્યો હોવાની ઘટના બની છે. ત્રણ લોકોએ ભેગા મળી અને કોન્સ્ટેબલના માથામાં લાકડીઓ મારી હતી. જેનાથી કોન્સ્ટેબલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તું અમારા ધંધાની બાતમી કેમ આપે છે એમ કહી અને કોન્સ્ટેબલ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. કાગડાપીઠ પોલીસ દ્વારા ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મજૂર ગામમાં બાલમુકુંદ સોસાયટીમાં રહેતા જયવર્ધનભાઈ પરમાર શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટરમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. બે માર્ચના રોજ તેઓ નોકરી ઉપર ગયા હતા અને બપોરે 2 વાગ્યે રિસેસના સમયમાં ઘરે જમવા માટે આવ્યા હતા. બપોરે પોણા ત્રણ વાગ્યાની આજુબાજુ



નોકરી પર પરત જવા માટે નીકળ્યા હતા ત્યારે મજૂર ગામ એકતા નગરની ચાલી પાસેથી પસાર થતાં હતા. તે દરમિયાન એકતા નગરની ચાલીમાં રહેતો ભાવેશ રાઠોડે તેમને ઉભા રાખ્યા હતા. 'તું અમારા ધંધાની બાતમી કેમ આપે છે, તું જો હું મારા ભાઈ પેપ્સી રાઠોડ તથા મારો મિત્ર દિવ્યાંગને બોલાવી લાવું છું'. જેથી જયવર્ધને કહ્યું હતું કે, તારા ધંધા બાબતે મને કંઈ ખબર નથી મેં કોઈ બાતમી આપી નથી. જેથી ભાવેશે ઉશ્કેરાઈ અને ગંદી ગાળો આપી હતી. ત્યારે ગાળો ન બોલવા સમજાવતા ત્રણેય જણાએ ભેગા મળી લાકડાના ડંડા વડે અને ગડદાપાટુનો માર માર્યો હતો. જે દરમિયાન લોકોના ટોળા ભેગા થઈ જતાં ત્રણેય ફરાર થઈ ગયા હતા. જે બાદ ઈજાગ્રસ્ત થયાં હોવાથી તેઓને સારવાર અર્થે એલજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી આરોપીઓની તપાસ હાથ ધરી છે. શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટલાય સમયથી હત્યા અને મારામારી જેવા બનાવો બની રહ્યા છે. બુટલેગર દ્વારા પોલીસ કોન્સ્ટેબલ ઉપર જ હુમલો કરવામાં આવતા ફરી એકવાર વિસ્તારમાં મારામારીના બનાવો વધ્યા હોય એવી સ્થિતિ જોવા મળી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**




